

# કુમાર

અંક ૧૩૮

વતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક · તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક: બચુભાઈ રાવત







મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.





વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨



**ભગવાન મહાવીરની દીક્ષા**

(ઇસ્વીસનના ૧૪મા સૈકાના અંતભાગની ચિત્રકળાનો નમૂનો)

'જૈન ચિત્રકલ્પદ્રુમ' નામનો જૈનાશ્રિત ચિત્રકળાનો જે અપ્રતિમ ગ્રંથ થોડા સમયમાં પ્રસિદ્ધ થનાર છે તેમાંથી જૈનોનાં 'કલ્પસૂત્ર'ના એક પાનાની મુદ્રા આ ઉપર ઉતારી છે. સાહિત્ય, સંસ્કૃતિ અને ધર્મની સુવાસ પ્રસારતી આ ચિત્રકલા એક અનેરી ઢબે સૈકાઓથી પશ્ચિમ હિંદમાં ફૂલીફાલી રહી હતી અને છેક ૧૮મા સૈકાના અંત સુધી તેનો તાર વણતૂટ્યો ચાલુ હતો. એની મુખ્ય ખૂબી તો સરળ રેખામાં આબેહૂબ કથાનિરૂપણ કરવાની તેની શક્તિમાં છે. વાઙ્મયની સાથે ચિત્રકળા કેવો તાલ મેળવે છે તે દર્શાવવામાં 'કલ્પસૂત્રો'ની પ્રતો અવધિ કરી નાખે છે. આખું યે પાનું સાહિત્ય, વિચાર અને દૃષ્ટિ માટે સુંદર રોચક સામગ્રીભર્યો થાળ બની રહે છે. ચિત્રકળા અને મૂર્તિકળાનો ભેદ સમજનારા એ ચિત્રકારોએ ઊંડાણ કે ઉપાડ લાવવાનો પ્રયત્ન કદી કર્યા વિના જ ભૂમિકાની સમતોલ ભરણી અને રંગછટાની બિછાત એવી સાચવી છે કે નેત્ર અને મન આનંદમય સમાધિમાં સ્થિર થઇ જાય છે. ઉપરના ચિત્રનું કથાનક એ ગ્રંથ (જૈન ચિત્રકલ્પદ્રુમ)ના પ્રકાશક ભાઈશ્રી સારાભાઈ નવાબે જ નીચે મુજબ આપેલું છે:

"ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે; તેમાં કથાના પરિચયની શરૂઆત નીચેના પાલખીના ચિત્રથી થાય છે. પચાસ ધનુષ્ય લાંબી, પચ્ચીસ ધનુષ્ય પહોળી, છત્રીસ ધનુષ્ય ઊંચી; સુવર્ણમય સેંકડો સ્તંભોથી શોભી રહેલી અને મણિઓ તથા સુવર્ણથી જડિત, એવી 'ચંદ્રપ્રભા' નામની પાલખીમાં પ્રભુ (મહાવીર) દીક્ષા લેવા નિસર્યા.

તે સમયે હેમંત ઋતુનો પહેલો મહિનો માગશર માસ, પહેલું પખવાડિયું કૃષ્ણપક્ષ અને દશમની તિથિ હતી. તે વેળા તેમણે છઠનો તપ કર્યો હતો અને વિશુદ્ધ લેશ્યાઓ વર્તતી હતી. પ્રભુના જમણે પડખે કુલની મહત્તરા સ્ત્રી હંસલક્ષણ (કાપડની જાતિવિશેષ) ઉત્તમ સાડી લઇને બેઠી હતી. ડાબે પડખે પ્રભુની ધાવમાતા દીક્ષાનાં ઉપકરણ લઇને બેઠી હતી. સર્વ પ્રકારની તૈયારી થઈ રહ્યા પછી નંદિવર્ધનની આજ્ઞાથી તેના સેવકોએ પાલખી ઉપાડી. આ પછી ચિત્રના અનુસંધાને, ઉપરના ચિત્રમાં વર્ણવેલો પ્રભુ મહાવીરે કરેલો અનગારપણા (સાધુવ્રત)નો સ્વીકારનો પ્રસંગ જોવાનો છે. અશોક વૃક્ષ (આસોપાલવ નહિ)ની હેઠળ આવી પ્રભુ નીચે ઊતર્યા અને પોતાની મેળે જ આભૂષણો ઉતારવા લાગ્યા. સર્વ અલંકારોનો ત્યાગ કર્યા પછી, શ્રમણ ભગવાન મહાવીરે પોતાની મેળે જ એક મુષ્ટિ વડે દાઢીમૂછનો અને ચાર મુષ્ટિ વડે મસ્તકના કેશનો એવી રીતે પંચમુષ્ટિ લોચ કર્યો. એ વેળા નિર્જળ છઠ્ઠનો તપ તો હતો જ. ઉત્તર ફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થયો ત્યારે ઈન્દ્રે ડાબા ખભા ઉપર સ્થાપન કરેલું દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને, એકલા એટલે રાગદ્વેષરહિતપણે, કેશનો લોપ કરવારૂપ દ્રવ્યથી અને ક્રોધાદિને દૂર કરવારૂપ ભાવથી મુંડ થઇને, ગૃહવાસથી નીકળી તે અનગારપણાને–સાધુપણાને પામ્યા."

વર્ષ ૧૨ · અંક ૬

# કુમાર

જેઠ · ૧૯૯૧

આવતી કાલના નાગરિકોનું માસિક

## વનફૂલ

· મંદાક્રાન્તા ·

મારે મોઢે મધુ ટપકતી ચૂમીઓ ના ભલે હો!
કે ના મારૂં સ્થલ અલકની વેણીમાં યે ભલે હો!
સૈનિકોના સમરપથમાં ના ભલે ધન્ય થાઉં,
છો ના પામું શહીદશબની ચેહમાં લીન થાવું.
છેટી, છેટી! હૃદયવીંધતી માળીની અર્થદૃષ્ટિ!
છેટાં, છેટાં! મુકુટ, રશના, મૂર્તિ ને મંદિરો હે!
ને છેટી છો મુજથી કવિની કલ્પનારંગવૃષ્ટિ,
ને બીજું યે ઘણું ય અણજાણ્યું રહ્યું દૂર છો રે!

મારે પોચે સુરભિભર હૈયે સહ્યા છે સુખેથી
મૂંગેમૂંગે જખમ વખડંખી મધુમખ્ખીઓથી.
ને તો યે હું નિતનિત નવી સૌરભે હૈયું ખોલું
ના રાખું કૈં ભ્રમર ડર; હૈયે છુપી ગૂઢ આશાઃ
કે સીંચેલી કણકણી બધે આત્મગંધોની ઢોળું
જ્યારે પેલો વન ઘુમી વહે વિશ્વનો માતરિશ્વા.

**ઉમાશંકર જોષી**



બગીચાના ફૂલને સહેજે જે લાલનપાલન, ઉમદા તક, કદરદાની કે ધન્યતા મળે તે વનના ફૂલને નસીબે નથી. એને, જો કંઇ હોય તો, છે કોઈ એકાન્ત ખૂણે ભમવાના મધમાખોના ડંખ. પણ એ ખૂણાનું વનફૂલ પોતાના નસીબને રોતું નથી. એ તો એની મેળે ખીલતું જ રહે છે; કેમકે એ પોતાની એક દૂરની નિર્ભર આશા પર મુસ્તાક છે. એ આશા એટલી કે જ્યારે વિશ્વને વ્યાપી લેતો પેલો સ્વર્ગીય વાયુ વન ભરીને જાગી ઊઠે ત્યારે પોતાની સંચી રાખેલી આત્મગંધની જે કંઈ હોય તે કણીએ કણી એ માતરિશ્વાને ચરણે ધરી દેવી. ❙ સૉનેટ, અલબત્ત, એક માનવભાવનાનું રૂપક છે. જગતની કીર્તિકદરદાનીથી અળગો, આત્મમંથનોના ડંખો જીરવતો કોઇ જીવ, માતરિશ્વા જેવી કોઈ વિશ્વવ્યાપી ભાવનાના સંચારની રાહ જોતો પોતાનું સર્વસ્વ અર્પણ કરવાની તૈયારી સેવી રહે છે એ સ્થિતિનું 'વનફૂલ'ને ઓથે આમાં બયાન આપ્યું છે.

## મારી નજરે

### મૅટ્રિકની ખીણમાં ગજબનાક ખુવારી

● બિહારનો ધરતીકંપ અને કવેટાની પાયમાલી દુનિયાની કોઇપણ વેદનાને વીસરાવે એવા ભીષણ પ્રસંગો કહી શકાય; પણ ગુજરાતમાં મૅટ્રિકની પરીક્ષા પાછળ શી નતનોકુરબાન થઈ રહી છે તેનો ખ્યાલ ચહા પીતાં છાપું વાંચતાં પોતાના એકાદ સંબંધીનું નામ શોધનારાઓને કદિ આવી શકે જ નહિ, એની મને પણ ખાતરી થઇ છે (વરસોવરસ યુનીવર્સિટીના પ્રતાપે)! કેળવણી આગળ મૂંગે મોંએ ગરદન ઝુકાવી રહેલી યુવાન પ્રજા શી રીતે મૃત્યુ, પાયમાલી અને ખાનાખરાબીને માર્ગે ચડી જાય છે તેનો ખરો આંક મારા એક મિત્રે એક ખાનગી મિજલસમાં આપ્યો ત્યારનું મારૂં અંતર વલોવાઇ રહ્યું છે. યુનીવર્સિટીના સુકાનીઓમાં કોઈક તો સ્વદેશની ખરી ઉન્નતિ ચાહનારા હશે. તેઓ માતૃભૂમિની લીલીછમ વાડીઓ બાળી નાખતી આ પરીક્ષાગાળામાંથી પ્રજા આગળ ઉદ્યોગ અને સ્વાશ્રયનો પંથ ઉઘાડવા કંઇક મથામણ કરશે, માબાપોને રાજ્યોને અને હેડમાસ્તરોને આ હાસથી દૂર થવાના સંદેશવાહકો બનાવશે તો જ સો વાતના એક ઉપાય જેમ આપણી ભાવી ઓલાદ ઉગરી દેશને સજીવન રાખી શકશે.

પણ આપણે કોઇ સહેજમાં સમજીએ એવા નથી. મારા મિત્રે મારી સામે પોતાની પુણ્યપ્રકોપી વાણીમાં અમને કહ્યું કે તમે ભયંકર અત્યાચારો અને ધરતીકંપની ખુવારીઓની નોંધ લેતાં મહીનાઓ સુધી પ્રજાના કાન ફોડી નાખો છો, જ્યારે હાથે કરીને રહેંસાતી પ્રજાની નુકસાની પર ઘડીભર પણ




પ્રકાશ નાખવા ચેષ્ટા સરખી યે કરતા નથી? એમણે કહ્યું કે ગઈ મૅટ્રિકની પરીક્ષાના પરિણામે દેશનાં ૧૨૦૦૦ વર્ષો ફેંકી દીધાં છે. બાર હજાર વર્ષો કેટલું કામ ઉત્પન્ન કરી શકે? બારહજાર વર્ષો પર જગત કેટલી આશાઓ રચી શકે, કેટલી પ્રગતિ સાધી શકે? તે બધું કોઈની કલમના ઝટકે પાયમાલીના ચોપડે નોંધાયું છે. બાર હજાર યુવાનો જીંદગીનું એક વર્ષ નવરૂં વેડશે, જીંદગીનું એક વર્ષ મોડા જાગશે, એક વર્ષ ઓછું ભોગવશે તેનો આર્થિક દૃષ્ટિએ કંઇ વિચાર કરી શકાય ખરો? એ બારહજાર વર્ષ પાછળ માબાપોએ ભરેલી ફીઓ, ચોપડીઓ અને ખોરાકીનાં ખર્ચ તરીકે સરેરાશ એક જણ પર વરસના ૧૨૦ રૂપિયા મૂકો તો ૧૨૦૦૦×૧૨૦ (લગભગ સાડા ચૌદલાખ રૂપિયા)ની રકમ પ્રજાએ ફના કરી દીધી ગણાશે. બાર હજારની

પાછળ બીજાં નિરાશા, નાસીપાસી અને સંબંધોના વિચ્છેદ કે જીવનનાં મરડાએલાં સુકાનો વગેરેના ભોગ થએલાં માનવીઓની સંખ્યા તેથી પણ વધી જશે. જે દેશના શિક્ષણપ્રણેતાઓ આવી ભયંકર ફનાગીરીનો હિસાબ જોઇ કોઇ વિચારણા કરવા તત્પર થતા નથી એ દેશનું ભાવી શી રીતે તરતું બને? એની જવાબદારી સમજનારાનાં પ્રાયશ્ચિત્ત શાં હોઈ શકે?

જર્મનીના શિક્ષણવિધાયકોની રાતદિવસ ચિંતા હોય છે કે તમે કોઇના જીવનમાં એક પણ વર્ષ આપી શકતા નથી તો તે ખેંચી લેવાનો હક કોઈનો નથી. આગળ જવાનો માર્ગ દરેક માટે ખુલ્લો જ રહેવો જોઇએ. આત્મઘાતને પંથે ચડેલી પ્રજાના આગુઓ જ તે નિભાવી લઇ શકે.

**રણજીતરામ સુવર્ણચંદ્રક**

● સ્વ. રણજીતરામના જીવનની સુવાસ કાળનું અંતર ભેદીને પણ વર્તમાનનાં સાહિત્ય અને સંસ્કાર પર ફેલાતી દેખાય છે તે રાજામહારાજા કે શ્રીમંત, પદવીધારી કે મોટા વસીલા-વાળા અથવા મહાન પંડિત પણ નહોતા, છતાં જીવનની નિષ્ઠા અને એકવાક્યતાએ કરી તે આપણા ચિરંતન મહાત્માનું સ્થાન પામ્યા છે. એમના સમું વ્યાપક જીવન જીવનાર, ગુજરાતની એકતા અને એકતાનમાં ગુલતાન રહેનાર બીજું નરરત્ન આપણને સાંપડે ત્યારે ખરૂં એમના સ્મરણમાં કેટલાક મિત્રોએ, ને હવેથી અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ સંસ્કાર અને સંસ્કૃતિના સેવકો, ઉપાસકો અને સર્જકોમાંથી વખતોવખત લાયક નરો શોધી રણજીતરામ ચંદ્રક આપવાનું છેલ્લાં થોડાં વર્ષોથી શરૂ કર્યું છે તે પૈકી આ વખતે જે ત્રણ સાહિત્યકારોને એ ચંદ્રક આપ્યો છે તેમને જોતાં એ ચંદ્રકની સાર્થકતા સિદ્ધ થાય છે. શ્રી રમણ-લાલ દેસાઈની નવલકથાઓમાં આજના ગુજરાતી સંસારનાં સાચાં પાત્રો અને ચિત્રો અમરત્વ પામ્યાં છે, એટલું જ નહિ પણ તેમની લાક્ષણિક વિશિષ્ટતા અને માધુર્ય એમાં આબેહૂબ અંકિત થયાં છે કાળની ધૂળમાંથી કેટલી યે તેજસ્વી હકીકતો સિદ્ધ પુરાવા સાથે ગ્રંથોમાં ગૂંથનાર શ્રી રત્નમણિરાવનો ઉપકાર તો, ઇતિહાસના એક સાચા અને ચુસ્ત ઉપાસક તરીકે સમસ્ત ગુજરાત ઉપર છે. ત્રીજા શ્રી સુન્દરમ્ વયમાં મુકાબલે સૌથી નાના છતાં, નવયુગની ગુજરાતી કવિતાની પ્રતિનિધિ રૂપ એમની કલમ પૂરતી પ્રૌઢ છે જેમને મોટાં સન્માનો અને સ્થાનો આવકારી રહ્યાં છે તેમને બાદ કરતાં ખૂણેખૂણે ગુજરાતની સંસ્કારસમૃદ્ધિમાં ફાળો આપતાં આવાં રત્નોની કદર બીજી શી રીતે થઇ શકે? —ર.મ.રા.



**૧૯૩૨-૩૩-૩૪ના રણજીતરામ ચંદ્રક મેળવનારાઓ**

જમણી બાજુએ (મથાળેથી): શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇ ઉત્કૃષ્ટ સામાજિક નવલકથા માટે (૧૯૩૨); શ્રી રત્નમણિરાવ ભીમરાવ ઉત્કૃષ્ટ ઇતિહાસ અને સંશોધનકાર્ય માટે (૧૯૩૩); શ્રી ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર (સુન્દરમ્) ઉત્કૃષ્ટ કાવ્યસાહિત્ય માટે (૧૯૩૪). (ફોટો: કુમાર કાર્યાલય)



એક શૌર્યભરી સાહસકથા

ગયા અંકથી ચાલુ

હજુ તો ગઈ સાંજે જ જ્યારે લા કોંસોલાંતના તુતક ઉપરથી દૂરબીન મંડાઈ હતી ત્યારે એના કાચમાં આશાપુરા કોઈ વાણિયાસાઈ લબાચા જેવું, પાટના ધોકડા ઉસેડતા ખટારા ગિસાલ, ધાગી ચાલે અથડાતું કૂટાતું, જહાજ દેખાયું હતું. એના ઢંગધડા વગરના લિબાશવાળા ભૂખડુ ખારવાઓ મરવાની આળસે જીવતા હોય તેમ આમતેમ ફરતા દેખાતા હતા. અથાક ચંડૂલા જેવો એનો નાંખવો દૂરથી પણ, ફોજ દિમાગની એ ફ્રેન્ચ ફતેહમારને આરજૂભરી બાણે સલામો કરતો હતો. એવાં નમાલાં જહાજો તો કેટલાં યે, આખો વખત, એ ફાંગ વાટે જતા આવતાં હતાં, અને એ બધાંની જડતી લેવાના હેવાયા ફ્રેન્ચ અફસરો જતે દહાડે ગાફલ નહિ તો યે બેફિકર જેવા બની ગયા હતા. જ્યારે દૂર ચમકતા ફનોશે ઇશારાથી આશાપુરાની શકમંદ સફર વિષે અંદેશો જણાવ્યો ત્યારે પણ, હમેશ પેઠે ખુશ્કી થાણાએ ફરી કો'ક બજરગપ પહોંચાડી છે એમ સૌ માનતા હતા.

એ ચેરાગી ગુફતેગો પછી અધ કલાકે, લંગર ઉપાડવા પહેલાં, નજદીકના કિનારેથી એક ઝડપી કટારીમાં બેસી બે જણ ફતેહમારી ઉપર આવ્યા અને કૅપ્ટન સુફ્ફરેનની મુલાકાત માગી. નવા આવનારમાંનો એક, જુવાન ફ્રેન્ચ ખુશ્કી અફસર હતો અને બીજો શાળીચટ્ટો ઇસ્લામાબાદી હતો. એ મુલાકાતને પરિણામે એ ઈસ્લામાબાદી જાસુસને સાથે લઇ લા કોંસોલાંતે તકડથી પગો છોડચો. કોટિયાના પાટના ધોકડામાં ફ્રેન્ચ રાજ્યના દુશ્મનોના ઉપયોગ માટે બારૂદ તમંચા ભર્યાં હતા એટલું તો હવે નક્કી હતું. પણ છતાં એ કોટિયો દાણચોરીની માલભરતી ઉપરાંત બીજો પણ ધંધો કરતો હશે એ વાતની કોઇને ગંધ પણ નો'તી આવી.


કોટિયાને જોઇ જયારે ફતેહમારે પહેલો બાર કર્યો ત્યારે એની મકસદ માત્ર એ બેવકૂફ નાખવાઓને ગભરાવવાની જ હતી. આગળ અનેકવાર આ જ જગ્યાએ બન્યું હતું તેમ, ઘણું તો એ કોટિયો, ઘડીભર ચરડચરડ સરપણિયા બોલાવતો આમતેમ નાસવાનાં ફાંફાં મારી છેવટે તાબે થશે એ વિષે કૅપ્ટન સુફ્ફરેનને અંદેશો ન હતો; છતાં એ નાસી ન છૂટે એવો પાકો બંદોબસ્ત કરવા ખાતર, કોટિયા તરફ પોતાનું ભરાવદાર પડખું ખોલી, અંદર ઠાંસેલી તોપોની સળવળતી દાઢો ફતેહમાર એને દેખાડવા જતી હતી;—એટલામાં તો અચિન્તું આભ ફાટ્યું . . .

ફતેહમારની તુંદમિજાઝી બેપરવાઇના જવાબમાં આશાપુરાની જોગણીઓએ વર્ષાવેલા ગોળાઓ અચૂક નેમ લેતા ત્રાટકયા અને ફતેહમારના જબુત્રા હેઠેની સાપણમાંથી ત્રણ જગ્યાએ ફાડિયાં નીકળી પડચાં! ત્રણ સામટા ઘાના આંચકાથી ફતેહમાર ખાંગી થઇ ગઇ અને એની તોપોનાં મોં પાણી તરફ ઢૂકી રહ્યાં! ફરી એ સભર થાય તે પહેલાં તો કોટિયો ફતેહમારના પડખા સામે મોરો અડાવવા ઉથામણી દેવા મંડચો હતો.

કૅપ્ટન સુફ્ફરેન અનેક જંગનો જોગી હતો. કાં તો કોટિયાની જાત પારખવામાં ભૂલ થઇ, કાં તો પેલા ચપરખંધા ઇસ્લામાબાદી જાસુસે થાપ ખાધી, કે થાપ ખવરાવી, એવા વિચાર તેના મગજમાં ક્ષણભર આવ્યા ભેળા જ શમી ગયા. જંગ વખતે શૂરા સાવજો વિચાર ન કરે;—એ તો ઝંપલાવે.

કોટિયાના બદન આસપાસ ઉફરેલી ધુંવાડ વેરાઇ રહે એટલામાં તો સુફ્ફરેન ગાજી ઊઠ્યો. એના પડકાર ભેળી લા કોંસોલાંત જંગના જોમથી મોરાવાંદાર ધ્રણધ્રણી ઊઠી. એને મોરચેમોરચેથી, જ્યાં સોંત સુઝે ત્યાંથી, ધગધગતા ગોળાઓની ભડીમાર ઊઠી.

મકનો નાયક પણ પૂરો ખેલાડી હતો. ફિરાંસિયા, વલંદા, ફિરંગી વગેરે બધી યે લોકજાતની લડાયક તરકીબોનો એ સારીરીતે ભોંયો હતો. એણે ફતેહમાર સામે મોરો અડાવ્યો ત્યાં તો દુશ્મનની ભડીમાર એની આસપાસ પાણીમાં ડુંગરાઓ જગાડતી શમી ગઇ. ધીમેથી રાંગ ફેરવતી ફતેહમાર ઉપર કોટિયાની મોરલી



ફ્રેન્ચ ફતેહમારલા ફ્રાંસોલાંતની તુંઃમિજાઝીના જવાબમાં આશાપુરાની જોગણીઓએ વર્ષા- (મેળવેલું)
વેલા ગોળાઓ અચૂક નેમ લેતા ત્રાટકયા અને ફતેહમારના જબુત્રા હેઠેની સાંપણમાંથી ત્રણ
જગ્યાએ ફાડિયાં નીકળી પડયાં. ત્રણ સામટા ઘાના આંચકાથી ફતેહગાર ખાંગી થઇ ગઇ.

એકલ જોગણી દાવાનળ પટકી રહી હતી. ઓલીમિયાં માંજીના દિલમાં દગો હતો એટલો એના બારૂદમાં ન હતો એમ પૂરવાર કરતા એ બાર ઉપર બારમાંનો એક અગનફાટ ગલોલો ફ્રાંસોલાંતના રવિસર ઉપર ધડૂકયો અને બકરા સોંત રીપ ઊખેડી એ ભંગારને પોતા સાથે પાણીમાં દફનાવી ગયો. પૂછડે ઘા પડતાં જેમ કોઇ કાળિ નાગ છંછેડાય, તેમ આ કારી જખ્મની વેદનાથી લા ફ્રાંસોલાંત ઘૂમતી ઓધાર ખાઇ ગઇ અને એના ગોલંદાજો આશાપુરાના તુનક ઉપર તાકીતાકીને છરા, ગોફણિયા અને ગરભછાંટની મૂશળ વૃષ્ટિ કરવા

માંડ્યા. પણ મોરા વાંઢાર થિર થઇ ગએલા કોટિયાને એ બહુ નુકસાન પહોંચાડી ન શક્યા. દર્મ્યાન એ સૂસવતા દાવાનળ વચ્ચે ત્રણ બહાદર ફ્રેન્ચ જવાનો જખમાએલા સુકાનને થાગડથાગડ કરવા શણગાર અડી નીચે ઝૂકી પડ્યા.

રણચંડી આશાપુરા પણ ઘા બદલ ઘાની ઝડી જ બોલાવવા મંડી. જોતજોતાંમાં તો ખોફનાક ઘમસાણ મચી રહ્યું. એ બે દુશ્મનોના કાતિલ દાવ ભેળા દરિયા અને વાવડો પણ હવે પાસા ફેંકવા લાગ્યા હતા. જુવારિયા તકની રેંકે રેંક અને સમાલિયા વાવડાના હડસેલાથી બંને જહાજો પૂરવ તરફ ઘસડાવા માંડ્યાં હતાં. સીમપાર ઝાંખા ધુમ્મસની આછી દોર જેવી દેખાઇ રહેલી ડુંગરાઉ કંઠાર સીમનાં કુંડાળાં તોડતી જાતી'તી અને લાગ મળ્યે બેય જણ મુંદાકડીઓ લેતાં લેતાં ફરી મજલે તાગ શિરોટા ખોળતા'તા, છતાં પણ એક બીજાના ઘા ખાતા ચુકાવતા, ધુંવાડની આંધી પાછળ સામું પડખું ખોળવા રાંગબૂડ ભમરિયો દેતા અને જીવલેણ ભડકાથી પંડ બચાવતા, કંઠારને ઢુકડાતા જતા'તા. મામલો જીવસટોસટનો હોતાં આ ઢૂકતી કંઠારની બેયમાંથી એકેને પરવાહ નો'તી.

ફતેહમારના તુતક ઉપર દેશપ્રાણ ફિરાંસિયાઓ અને પેટિયાંદાર ઇસ્લામાબાદી ખલાસીઓ ઊભરાઇ રહ્યા'તા. દખ્ખણ યુરપનાં નામચીન બારૂદખાનાંમાં ઢાળેલી તોપોનો કોઇ બાર, કોટિયાના બદન ઉપર ઝીંકાતો દેખાતો ત્યારે આ ખલાસીઓ હરખથી ચિત્કાર કરી મેલતા'તા. એ પૂઠથાબડથી ફૂલાતા ગોલંદાજો કોટિયાના મરમ ચીંધીને ઘા કર્યે જતા'તા, પણ છતાં કોટિયાનો દિમામ નરમ પડતો નો'તો. આશાપુરાની જોગણીઓ પણ ફતેહમારના તુતક ઉપર કેર વરસાવી રહી હતી.

એ મગરૂર નાખવાને હવે ફ્રાન્સનો લોખંડી પંજો ચખાડવાનો કૅપ્ટન સુફ્ફરેને નિશ્ચય કર્યો. કોટિયાની તોપોની પરવા કર્યા વગર ફતેહમારને પડખાંભર ફેરવવાનો એણે હુકમ દીધો. ફતેહમારની નવનવ શેર બારૂદ નોશ કરતી આઠ લાંબી નાળોને બેવડા ગોળાથી ભરવાનો એણે હુકમ કર્યો; ફતેહમાર જેટલી બને એટલી કોટિયાને ઢુકડાવવાનો એણે હુકમ કર્યો; અને ઇશારો થતાં જ આઠેઆઠ નાળના ભડકાથી કોટિયાનું પડખું ઊતરડી નાખવાનો એણે મનસૂબો કર્યો;—અને જાણે આ બધા હુકમો કોટિયો દૂરથી પણ સમજ્યો હોય તેમ, ફતેહમારને આ ગોઠવણ પૂરી કરવાની પાંચ પળ મળે તે પહેલાં તો કોટિયાના ફણા ઉપરથી આગ જેવો ગોફણિયો વછૂટ્યો અને ફતેહમારની જિન્નાર નીચે ગાબડું ફાડતો ફાલકાના સુકા કાટમાં ઘૂસી ગયો, અને ફાલકામાં આગ સળગે તે પહેલાં તો એ ગાબડામાંથી ધૂમ બોલાવતો દરિયામાં અંદર ધસ્યો! કૅપ્ટન સુફ્ફરેન પંડે ફાલકામાં ઠેકી પડ્યો. ઉપરાઉપર કતિયા ધડકી હાંસી હાંસી ગાબડું દાટવા માણસોને પડકારવા લાગ્યો, ડંકી ઉપર માણસો મેલી પાણી ઉલેચાવવા માંડ્યો, અને એ બધાંની વચ્ચે થિર મોત જેવી ડાચાં વકાસી તૈયાર ઊભેલી નવશેરિયા નાળોના કાન ચાંપવાનો એણે ઇશારો કર્યો.

આશાપુરા ઉપર તો જાણે નરી ભૂતાવળ જાગી હતી. બારૂદથી કાળાંમેસ બનેલાં બદન ઉપર લોહિયાળ લીરાટાથી ભયંકર લાગતા એ મુઠ્ઠીભર નાખવાઓ, હવામાં ઊછળતા, એકીસાથે બધે પહોંચી વળવા મથતા હતા: ભૂખ્યાં ખપ્પર ખખડાવતી જોગણીઓને બારૂદ ગળેલાનાં અસોસ નૈવેદ્ય ધર્યાં જતા'તા; લોહીથી વારંવાર લપસણા બની જતા સથા ઉપર રેતીનાં પીપાં ઠલવતા જતા'તા; સળગતા રસ્સા ને સરપણા ઉપર પાણીની મોટા રેડતા જતા'તા; તૂટતી આલાદને મારગ આડેથી ઉપાડી રાંગ બહાર વામ્યા જતા'તા; મકનાની ત્રાડ ભેળા ધામણ, સાર ને કત ફેરવતા જતા'તા; પડ્યા સાથીનો ભંડકમાં લઇ જઇને સુવાડતા જતા'તા;—અને આ ભેરવી ભૂતાવળ વચ્ચે પિનાકપાણિ જેવો મકનો નાયક સુકાનને બાવડે જકડી, ત્રાડૂકતો ત્રાડૂકતો ગજગજ ઊછળતો જતો'તો; દુશ્મનનો એકેએક દાવ પહેલેથી કળી જઇ ચુકાવતો જતો'તો; સામા ક્યાં યે નબળાં થાતા દેખાય ત્યાં ઘા ઉપર ઘા માર્યે જતો'તો; શૂરાને પડકારતો, કાયરને ડારતો, છતેડી છોડ્યા વિના કોટિયાની ઉપર, નીચે અને આરપાર બધે જાણે હાજર જેવો, ખારવાખારવાનાં બાવડાંને બળ દેતો એ પચ્છમધરાનો સાયર બચ્ચો ધીંગાણું જાણે મહાલી રહ્યો હતો.

ફતેહમારના ખલમાં ગાબડું પાડી ફરી એનાં સમારેલાં સુખાણ સોંત મોરચો માંડવા આશાપુરાએ ત્રાંસી રાંગ માંડી, ત્યાં તો ફતેહમાર ઉપરથી નવશેરી નાળોના સૂસવતા ગોળા છૂટ્યા, અને એક કિસ્મતદાર ગોળો કોટિયાના વડા ખુવાને મૂળ સોંત ઊખેડતો ભેખડાયો. હાથીની સૂંઢ જેવી આલાદ જાણે કાચા સૂતરના તાંતણા હોય તેમ એક બાજુથી ફટોફટ તૂટી ગઇ અને ખુવો રાંગ ઉપર ઢળવા માંડ્યો. દૂંટીચીર વેદનાથી હોય

તેમ, એ ઢળતા ખુવાના બજભારે કોટિયો પણ પાણી ઉપર ઢળવા માંડ્યો. ચડતી રાંગની તોપોમાંની એક, બંધ તોડી, ઢળતા જતા સથા ઉપર ગબડવા માંડી; બીજી તોપો ગાંડા સાંઢ પેઠે બંધ તોડવા જાણે ઉદ્દકી રહી. નાખવાઓ જ્યાં હાથ પડે ત્યાં લટકી રહ્યા. કોટિયાની રાંગ ડૂબી રહી અને આ જોઇ લા કાંસોલાંતના તુતક ઉપરથી જયઘોષ ઊઠ્યો: 'વિવલા ફ્રાંસ!'

કાનજી માલમ ઊભે તુતકે સરતો ભંડકમાંથી એક મોટી કુહાડી લઇ આવ્યો અને દાંત ભીંસી ડારાથી જરીક ઉપર લોખંડી ઘા ઝીકવા માંડ્યો. પા તસુ, અરધો તસુ કરતો ખુવો કપાવા લાગ્યો અને છેવટે ધબાકાભેર પાણીમાં પડ્યો. અમૃતકુંપીની છાંટથી પુનર્જીવન પામતા લક્ષ્મણ પેઠે, કોર સંકોરતો કોટિયો ફરી સભર થયો. અને બહુ ઢૂકડે આવી પહોંચેલી ફતેહમાર ઉપર એના વાંઢાર મોરચાએ જાણે ખુશાલીના બાર ઉપાડ્યા અને ફતેહમારની કલમી આલાદમાં આગ લગાડી.

હવે ફતેહમારની સ્થિતિ કફોડી બની ગઇ. નીચે ગાબડામાંથી પાણી જોર કર્યે જતું'તું. એના ભારે ફતેહમાર ખાંગી થઇ ગઇ'તી અને તોપોને સોંત નો'તી મળતી. સુખાંણુ તો પહેલેથી જ જખમાયું હતું, તીર ઘોરા ક્યારના કપાઈ ગયા'તા અને જો કલમીની આગ નીચે પહોંચે તો બારૂદખાનું ફાટીને જહાજને અદ્ધર ઉડાડી દે. આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા કૅપ્ટન સુફ્ફરેને ડંકી ઉપર જોઇએ તે સિવાયના બધાને આગ બુઝાવવા દોડાવ્યા અને નજદીક આવેલા કોટિયા ઉપર, ચૂપ બેઠેલી તોપોની અવેજીમાં તમંચાઓ ચલાવવાનો હુકમ કર્યો. ફતેહમારના રસ્સાઓ પર ચડી બરકંદાજો ચીંધીચીંધીને તમંચાઓ ચલાવવા લાગ્યા, આશાપુરાના સથાને ગોયા સફા કરવા માંડ્યા, તુતક પર દેખાય તેને વીંધવા માંડ્યા અને જોતજોતાંમાં કોટિયાના તુતક ઉપર બે જ માથાં દેખાવા લાગ્યાં: છતેડી ઉપર મકના નાયકનું અને મોરા ઉપર કાનજી માલમનું.

હવે મામલો ખલાસ જેવો હતો. મકનાની બહાદુરી અને એના નાખવાઓની જવાંમર્દી છતાં દુશ્મનનાં માણસોની અને તોપોની નરી સંખ્યા જ એને હરાવવા માટે બસ હતી. એનાં મુઠ્ઠીભર માણસોમાંથી પણ રણચંડીએ બલિ આંચકી લીધા'તા. છતાં હાર કબૂલ કરવી એ કરતાં તો કેસરિયાં કરી દુશ્મનને ગોજે ઊડી જવું બહેતર, એ મકનાના દરેકેદરેક નાખવાનો નિશ્ચય હતો. જમરાજને પણ ચાર સવાલ પૂછ્યા વગર ભેળો જાય એ મકનો નાયક નહિ. એણે છેલ્લો દાવ અજમાવી લેવા નક્કી કર્યું. બરકંદાજોની ચીંધણીથી નાખવાઓને દૂર મોકલ્યા, નીચે રહી કરવાની તૈયારીઓની સૂચના આપી દીધી અને મકનાએ માતાજીને હાકલ દેતોક ને સુકાન દબાવ્યું. કોટિયો તરટુબ તરટુબ મોરો અફાળતો સીધો ફતેહમારી તરફ વધવા માંડ્યો.

ફતેહમારીના તુતક ઉપર હાથોહાથ લડાઇ ખેલી લેવાની મકના નાયકની મકસદ, સુફ્ફરેન તરત જ સમજી ગયો. પશ્ચિમધરાના નાખવાઓ જીવ ન્યોછાવર કરતા વિફરીને જ્યારે ખાંડાખેલ ઉપર ઊતરે ત્યારે કેવા ભીષણ હોય છે એ વિષે કૅપ્ટન સુફ્ફરેને અનેક કહાણીઓ સાંભળી હતી. ફાલકામાં ખૂડ, કલમીમાં આગ ને એ વખતે જો તુતક ઉપર આ ચિત્તાઓ ઊતરી પડે તો તેની સામે તો દરેકેદરેક માણસની જરૂર પડે. અને છતાં બીજી બાજુ ડંકી બંધ થાય એમ નો'તું, કે આગને વધવા દઇ બારૂદખાનું જોખમાવાય એમ નો'તું;—આ બધા વિચાર એ ફ્રેન્ચ અફસરના દિલમાં ઝડપથી આવવા માંડ્યા.


છેવટે કોટિયો પાંચેક વામ છેટો ઢૂકી રહ્યો. બે ય દુશ્મનોએ છેલ્લી ભડીમાર બોલાવી લીધી. પળભર જાણે બે ય જહાજ થરથરી રહ્યાં. કોટિયો આગળ ઢૂકતો ઘડીભર થંભી ગયો. આટલે નજદીકથી એની બેહાલ સ્થિતિ જોઇ કૅપ્ટન સુફ્ફરેનને લાગ્યું કે કદાચ એનું અનુમાન ખોટું હશે. કોટિયા ઉપર માણસોના એટલા બૂરા હાલ થએલા દેખાતા હતા કે એ હવે તલવારબાજી કરી શકે એ વાત બહુ અંદેશાભરેલી હતી. સાથે આટલાં મુઠ્ઠીભર માણસોએ એના પોતાના આવા હાલ કર્યા એ જોઇ એને શરમ ભેળી તાજુબી લાગી; સાથેસાથે આવા જુવાનો ઉપર એ બહાદુર ફ્રેન્ચ ખારવો આફ્રીન પણ થયો.

એણે ભૂંગળું લઇ પડકાર કર્યો: 'ઝંર' આરિયા કરો તો જીવતા જવા દઇશ.'

કોટિયાના તુતક ઉપરથી ભીષણ અટ્ટહાસ્ય ભેળો જવાબ આવ્યો: 'એ, તકડો થા માં બચા—અન્યાં ત જુસાં જંગ સિરૂ પણ નાંય કિયો' (હજી તો જંગ શરૂ પણ નથી કર્યો.)

(ચાલુ)

'સુકાની'




વહાણની આલાદ (રસ્સાઓ–Riggings) તથા જુદા જુદા ભાગોનાં નામ દર્શાવતું આલેખન

## આ હપતામાં આવતા વહાણવટાના શબ્દોના અર્થ

ફાંગ: નદીના મુખ આગળનો ઘણા ફાંટાવાળો ભાગ–Delta

ફનોશ: ફાનસ

ચેરાગી ગુફતેગો: ફાનસથી વાતચીત.

કટારી: નાનું વહાણ–Yatch

બારૂદ: બંદૂકનો દારૂ

મોરો: વહાણનો આગલો ભાગ

મોરાવાંઢાર:(મોરો=વહાણનો આગલો ભાગ; વાંઢાર=પાછલો ભાગ Stern;) આગલા ભાગથી તે પાછલા છેડા સુધી.

ભડીમાર:સામટો ગોળીબાર;તાસીરો.

સોંત: નેમ

ભોંયો; ભોમિયો

રવિસર: વહાણની પીઠ માટે જડેલાં ઊભાં લાકડાં

બકરો:સુકાનના પાટિયા(Rudder)-ને જડેલો લાકડાનો ચોકો—Rudder-post (જુઓ ચિત્ર)

રીપ: એ પાટિયાને જડેલી લાકડાની પટ્ટી (જુઓ ચિત્ર)

શણગાર અડી: વહાણના પાછલા પહોળા છેડા પરનાં કોતરણીવાળાં પાટિયાં

જુવારિયા તકની રૈંક રૈંક : ભરતીનાં પાણીના હડસેલાથી–ઠેલથી

સમાલિયો વાવડો: પશ્ચિમનો પવન

શિરોટો: વહાણ પાણી કાપીને પછવાડે જે લાંબો ભાત પાડતો પટ મેલી જાય છે તે—Wake

ઢૂકતી: નજીક આવતી

નોશ કરતી: આરોગતી

જિન્નાર: પાણીની ઉપર રહેતો વહાણનો ભાગ Water-line.

અસોસ: ચાલુ, ઉપરાઉપર

ધામણ: જે દોરડા વડે સઢને સ-તાણ કે ઢીલો કરી શકાય તે—Sheet

કત: કાપડના તાકા, તક-કત. સઢના ફાળ કે ગોત.

છતેડી: ભંડારનો ઉપરનો માળ. અગાશી; Open Deck ખુલ્લું તુતક

સુખાણ સોંત: સુકાનની નેમ લઇને મૂળ સોંત: મૂળ સુક્કાં

વડો ખુવો: વહાણનો કુવારથંભ—વચલો મોટો થંભ Mast; Main Mast

આલાદ: રસ્સા વગેરે માટે એક શબ્દ; Riggings.

ડારો: ખૂવાથંભને ટેકવવા માટેનો નાનો થાંભલો

કલમી આલાદ: (કલમી=છતેડી ઉપર રખાતો બીજો ખૂવો Mizzen Mast) કલમી આલાદ=એ ખૂવા ઉપરના સઢ તથા દોરડાં વગેરે.


સથ્થો: તુતક

ઝંડો આરિયા કરો: વાવટો નીચે ઉતારો–તાબે થાઓ.

ઘોર: વહાણના આગલા મોરા પાસેનું સઢ બાંધવાનું લાકડું Bow-Sprit


ટાંગરો: ઘોરને મોરા આગળ બાંધવા માટેનો આડો ચોકો

તીર: ઘોરથી આગળ જતું સઢ બાંધવાનું લાકડું Jib–boom



**જયપુરનો રાજમહેલ** A.G.H. and F.B.B

રજપુતાનાના—બલ્કે હિંદભરના સર્વશ્રેષ્ઠ રાજમહેલોમાં જયપુરના મહારાજાના આ રાજમહેલની ગણના થાય છે. છત્રીઓ-વાળો સૌથી ઊંચો ભાગ મહારાજાનું નિવાસસ્થાન છે; ડાબી તરફનાં મકાનો રણવાસનાં છે અને જમણી તરફ દરબાર હૉલ છે. લાલ ગુલાબી રંગનું આ મકાન ફક્કડ કારીગરીનાં સફેદ સુશોભનોથી સોહે છે.



**દેલવાડા (આબુ)નું શિલ્પ**

આબુ ઉપરનાં દેલવાડાનાં વિખ્યાત જૈન મંદિરો આરસની જે સુંદર શિલ્પકારીગરીથી ભરચક ભર્યાં છે તેની વાનગીરૂપ એક થાંભલા પરની આ બે પૂતળીઓ એ કલાકારોની શક્તિનો ખ્યાલ આપે છે. આજુબાજુનાં શોભનોની અને અલંકારોની ઝીણવટ તેમજ દેહ-સૌષ્ઠવનું અને અંગમરોડનું લાલિત્ય દર્શાવનારું ટાંકણું ડાબી તરફની પૂતળીના મોં પરની મુદ્રા જેવા કોમળ ભાવો ઉતારવામાં પણ એટલું જ સામર્થ્યવાન છે.

# સ્મરણયાત્રા

## હું મોટો કયારે થયો

એક દિવસે ગવસુ કરીને એક મુસલમાન અમારે ત્યાં આવ્યો હતો. એણે પોતાની નાનકડી જમીન ગીરવી મૂકી મારા પિતાશ્રી પાસેથી સો કે સવાસો રૂપીઆ લીધા હશે. એનું વ્યાજ ચડી ગયું હતું, છતાં એ આજ નવું કરજ માગવા આવ્યો હતો. ગવસુ ભારે આળસુ માણસ હતો. કંઇ ખાસ ધંધો કરતો ન હતો, અહીંતહીં ખટપટ કરી પેટપૂરતું મેળવતો. આવક કરતાં ખર્ચ વધ્યો એટલે એને ફરી કરજ લેવાની જરૂર પડી. આ નવા કરજને માટે તે પોતાનું ઘર ગીરવી મૂકવા તૈયાર થયો હતો.

સામાન્યરીતે નાણાંનો વ્યવહાર મોટેરાંઓ પોતાની ઇચ્છા મુજબ જ કરે છે. નાના છોકરાઓને તેમાં પૂછવાપણું શું હોય? પણ તે દિવસે પિતાશ્રીએ મને પૂછ્યું 'દત્તુ. આ ગવસુ બીજા સો રૂપીઆ માગે છે અને ગીરવીમાં પોતાનું ઘર મૂકવા માગે છે. એને આપણે રૂપીઆ ધારીએ ખરા?' હું આશ્ચર્યચકિત થયો. નાણાં ધારવા જેવી મહત્ત્વની બાબતમાં પિતાશ્રી મારી સલાહ કોઇ કાળે માગે એવી મને કલ્પના પણ ન હતી. મને થયું કે હવે હું મોટો થયો. કેમકે કૌટુંબિક રાજ્યમાં મત આપવાનો મને અધિકાર મળ્યો! એ અધિકાર મળ્યાનો મને જે આનંદ થયો એ મારા હૃદયનો હર્ષ હું છાનો રાખી શકયો નહિ. સાથેસાથે મોઢા ઉપર તે સ્પષ્ટ દેખાતો હશે એનું મને ભાન થયું. ભાન થતાં જ હું શરમાયો. શરમની છટા મોઢા ઉપર આવી ગઇ છે એનું પણ મને ભાન થયું, એટલે હું વધારે મૂંઝાયો. આખરે હિંમત કેળવી મનમાં વિચાર કર્યો કે જ્યારે હું મોટો થયો જ છું ત્યારે મારે ગંભીર થવું જોઇએ. સલાહ આપવાના પ્રસંગો હવે પછી હમેશાં આવવાના; માટે આ નવીન હક માટે આપણે લાયક છીએ એવી સ્વાભાવિકતા મુખમુદ્રા પર રાખવી જોઇએ અને પુખ્ત ઉંમરના માણસનો પાકટ વિચાર બતાવવો જોઇએ. મેં વિવેકપૂર્વક કહ્યું: 'નાણાંના વ્યવહારમાં હું શું સમજું? છતાં મને લાગે છે કે આ માણસને આપણાથી પૈસા ન જ અપાય. એના ઘરમાં હું અનેકવાર જઇ આવ્યો છું. ઘરમાં એની એક ડોશીમા છે, સ્ત્રી છે અને બાળબચ્ચાં છે ગવસુ તો આખો દિવસ રખડે છે. ઘરનાં બૈરાંઓ બિચારાં કોકડાં ભરવાનું કામ કરે છે. સવારથી સાંજ સુધી ફાળકાઓ ફેરવે છે ત્યારે માંડ ગુજરાન પૂરતું મેળવે છે. ગવસુ કંઇ લીધેલું કરજ પાછું વાળી શકવાનો નથી. છેવટે તો આપણે તેનું ઘર જપ્ત કરવું પડશે; ત્યારે એના બૈરાંછોકરાંઓ બિચારાં કયાં જશે?'

મેં મનમાં માન્યું કે મેં પુખ્ત સલાહ આપી છે. પિતાશ્રીએ પણ પેલા માણસને કહ્યું, 'ગવસુ, દત્તુ અપ્પા કહે છે તે વાત સાચી છે.' ગવસુ મારી તરફ દબાવેલી રીસથી જોવા લાગ્યો એટલે મારી ખાતરી થઇ કે સાચે જ હું મોટો થયો છું. ગવસુ મારી સામે કશું બોલી ન શકે. થોડીવાર વધુ ચર્ચા કર્યા પછી અમે નક્કી કર્યું કે ગવસુને જમીન પેટે પચાસ રૂપીઆ વધારે આપી તેની જમીન ખરીદી લેવી અને ઘર ગીરવી લઇ એના ઉપર પચાસ રૂપીઆ ધીરવા. જેથી એને વ્યાજ વધારે ન પડે.

એ પચાસ રૂપીઆનું વ્યાજ પણ એણે કોઈ કાળે આપ્યું નહિ. મારા મોટા ભાઇએ એના ઉપર દાવો માંડયો. દાવાને અંગે એક સમન્સ ગવસુની મા ઉપર લાગુ કરવાનો હતો, તેમાં બેલીફની સાથે મારે ગવસુને ત્યાં જવું પડયું. જે ઘરમાં સહેજ વાતો કરવા હું ઘણીવાર ગયો હતો તે જ ઘરમાં બેલીફ લઇને શત્રુની પેઠે પ્રવેશ કરતાં મને બહુ જ શરમ લાગી. ગવસુની મા સામે હું નજર પણ ન નાખી શકયો. પણ ઘરના સ્વરાજ્યમાં મળેલા અધિકાર સાથે આવું ગંદુ કામ કરવાની ફરજ પણ મારે માથે આવી પડી હતી અને તે વફાદારીથી અદા કરવા જેટલો મોટો હું થયો હતો. કોરટમાં ગવસુએ અમારી પાસેથી નાણાં લીધાની અને વ્યાજ બીલકુલ ન આપ્યાની કબૂલાત આપી. હવે તો એનું ઘર જપ્ત કરી લીલામ કરવાની જ વાત રહી હતી. એ વિચાર મારે માટે અસહ્ય થયો. મેં મુન્સફને કહ્યું કે આ ગરીબનું ઘર લીલામ થાય એ હું ઇચ્છતો નથી. એને હફતેબંધી કરી આપો. કોરટે

ચુકાદો આપ્યો કે પચાસ રૂપીઆ અને તે દિવસ સુધીનું તેનું વ્યાજ ચુકતે થાય ત્યાં સુધી ગવસુએ માસિક ત્રણ રૂપીઆનો હફતો ભરવો; એમાં એક મહિનાની પણ જો ભૂલ થશે તો ઘર જપ્ત કરવામાં આવશે. મેં પિતાશ્રીને કાગળ લખી બધી વિગત જણાવી. તેમનો જવાબ આવ્યો: 'તેં ઠીક કર્યું.' મારી જવાબદારી ઉપર કરેલા કામને માટે પિતાશ્રીની મંજૂરી મળી એટલે મારી ખાત્રી થઇ કે હવે હું મોટો થયો જ છું.

તે વખતે હું તેર કે ચૌદ વર્ષનો હોઇશ. ગવસુએ એક વરસ સુધી ત્રણત્રણ રૂપીઆ આપ્યા પછી એકાદ મહિનો એક જ રૂપીઓ લઇ આવે અને એકાદ મહિને આઠ આના જ લઇ આવે. આખરે કંટાળીને મેં એને કહ્યું: 'હવે આવીશ મા. ઘરના છોકરાંઓને ઘી કે દૂધ આપતો જા એટલે બસ.'

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

# ઈચ્છા તૃપ્ત ન થાય તો સારૂં

**કાશ્મીર** જઈ આવ્યાને મને એટલાં વર્ષો થયાં કે વન સૌંદર્યથી સમૃદ્ધ એ દેશ સ્વપ્નસૃષ્ટિનો છે કે કલ્પનાસૃષ્ટિનો છે કે કવિનિર્મિત છે એવી શંકા અનેકવાર મનમાં આવ્યા કરે છે. અનેક મિત્રો ત્યાં જઇ આવે છે અને ત્યાંની વાતો કરે છે તેથી એ આપણી વ્યવહારની સૃષ્ટિમાં જ સાચેસાચો મુલક છે એવી ખાતરી થાય છે, અને ફરી અનેકવાર એના દર્શને જઇ આવું એવી ઇચ્છા થાય છે; પણ એ ઇચ્છા તૃપ્ત થાય એ ગમતું નથી, કેમકે પછી મારૂં બધું કાવ્ય ઊડી જશે.

મારૂં કલ્પનાનું કાશ્મીર સાચા કાશ્મીર કરતાં મને વધારે વહાલું છે અને તેથી મારે મન એ વધારે રૂપાળું છે.

કાશ્મીર જઇ આવ્યે એટલાં વર્ષો થયાં છે કે ઘણીખરી વિગતો અને સ્મૃતિચિત્રો ભૂસાઇ ગયાં છે, અને કલ્પનાચિત્રો લોકોને કામનાં નથી. એ ફક્ત મારા જ કામનાં છે. એટલે જ્યારેજ્યારે નવરાશ હોય અને સ્મરણ થાય ત્યારેત્યારે કોઇ જોઈ ન શકે એવા રંગોનાં કાશ્મીરનાં નવાંનવાં ચિત્રો હું ચીતરૂં છું. એવાં ચિત્રો તો કાશ્મીર જોયા વગર પણ તમે ચીતરી શકો છો.

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

(હસ્તલિખિત 'સોપાન' માંથી)

# મૅટ્રિક થયા પછી

**જગતમાં** આજે જ્યારે સર્વત્ર બેકારી ડોળા કકડાવતી ઊભી છે તે સમયે, મૅટ્રિક પસાર કર્યા પછી જેમને આગળ અભ્યાસ કરવાની સગવડ કે સ્થિતિ નથી અને કૌટુમ્બિક સંજોગોને લીધે બહુ ટૂંક વખતમાં ભરણપોષણનાં સાધનો માટે જોગવાઇ કરવાની ચિંતા જેમને માથે છે તેમાંના કોઇને આ નીચેનું માર્ગદર્શન કદાચ સહાયરૂપ થઇ પડશે.

જે ગામોમાં મ્યુનિસિપાલિટીઓ છે ત્યાંના વતનીઓ તો સેનિટરી ઇન્સ્પેક્ટર—એટલે શહેરના આરોગ્યસંરક્ષણ ખાતાના નિરીક્ષક અધિકારી—એ નામથી કદાચ પરિચિત હશે. પણ એને માટેનો એક નિયત અભ્યાસક્રમ છે અને બહુ જ ટૂંક સમયમાં તથા સામાન્ય ખરચે તે પસાર કરી શકાય છે એની જાણ ઘણા ઓછાને હશે.

આ અભ્યાસક્રમ મુંબાઇમાં કેટલાંક વર્ષો થયાં ચાલુ કરવામાં આવેલો છે અને ત્યાં મુંબાઇની મ્યુનિસિપલ કૉર્પોરેશન, મુંબાઇ સરકારના તથા લંડનના રૉયલ સૅનિટરી ઇન્સ્ટિટ્યુટના સહકારથી આ 'સૅનિટરી ઇન્સ્પેક્ટર ક્લાસ' ચલાવે છે. આ અભ્યાસક્રમ ફક્ત છ માસનો જ છે. નવેમ્બર માસના પહેલા સપ્તાહમાં તેનો વર્ગ શરૂ થાય છે. તેમાં દાખલ થવા ઇચ્છનાર ઉમેદવાર મૅટ્રિક પાસ હોવો જોઇએ. એની અભ્યાસ-ફી ૧૫૦ રૂપિયા છે તથા પરીક્ષા-ફી ૫૦ રૂપિયા છે. એકંદરે સાધારણ વિદ્યાર્થીને ૫૦૦ થી ૬૦૦ રૂપિયા ખર્ચ આવે. આ અભ્યાસક્રમની ખાસ વિશિષ્ટતા તો એ છે કે ઉપર જણાવ્યું તેમ વિદ્યાર્થીને એમાં ખર્ચ તેમજ સમય ઓછાં લાગે છે. સૅનિટરી ઇન્સ્પેક્ટરનો ગ્રેડ ૬૦ રૂપિયાનો ગણાય છે; એટલેકે પાસ થયા પછી શહેરો કે ગામોની મ્યુનિસિપાલિટીઓમાં એટલા પગારની જગ્યા સામાન્યતઃ મળી શકે. અત્યારે આપણા દેશમાં સૅનિટરી ઇન્સ્પેક્ટરો બહુ જૂજ સંખ્યામાં હોવાથી એ લાઇનમાં હજુ જગ્યા છે. બીજાં સ્થળો જેટલી ભીડ હજી ત્યાં થઇ નથી. આ અભ્યાસક્રમ વિષે વધુ માહિતી મેળવવા ઇચ્છનાર 'એક્ઝિક્યુટિવ હેલ્થ ઑફિસર મુંબાઇ મ્યુનિસિપાલિટી મુંબાઇ.' એ સરનામે પત્રવ્યવહાર કરીને વિશેષ માહિતી મેળવી શકશે.

**જગજીવન ખુશાલ મિસ્ત્રી**

# આગેકદમ વિજ્ઞાન

રોજરોજ વિજ્ઞાન પોતાની મર્યાદા ચારે દિશામાં વધારતું જ રહ્યું છે, પણ તેના ખબરો આપણને બહુ છૂટાછવાયા મળતા રહે છે એટલે તેમાં ખરેખરી શી પ્રગતિ થઇ છે તેનું સરવૈયું લેવાની સૂઝ નથી પડતી. વિજ્ઞાનના ઉપાસકોને તો તે પાછળ ધ્યાન આપવાની ફુરસદ પણ નથી અને શિક્ષિત બુદ્ધિવાનોને પણ મહાયુદ્ધ પછી વિજ્ઞાને કેટકેટલી અજબ વસ્તુઓ સર કરી છે તેના સોમા ભાગનો પણ ખ્યાલ નથી. આપણે તેમાંની થોડીકની જ વાત કરીએ.

પ્રથમ આકાશના તારાથી માંડી પછી ધીરેધીરે ઘર સુધી પહોંચીશું. આ બ્રહ્માંડ નીચે ને નીચે ઘસડાતું આવે છે એમ આપણે પહેલાં સાંભળતા, પણ તેમ નથી. એક ગોટી ધમણ કે શ્વાસગોળાની જેમ તે ફૂલે છે અને સંકોચાય છે: જાણે શ્વાસ લઇ રહ્યું હોય. તે સાથે ઘનદળવાળા તારાઓ સળગી ઊઠે છે અને તેમાંથી પ્રકાશ અને શક્તિ જન્મ પામે છે. પણ તેની સાથેસાથ જ વિશ્વમાં પ્રકાશ અને શક્તિ રૂપે ફરતાં તત્ત્વો ઘનતારકો બની જાય છે.

દૂરબીનથી કે ચિત્રોમાં આકાશની નિહારિકાઓ અથવા નવાં વિશ્વોનાં જૂથ તમે જોયાં હશે. તેમાંના કેટલાંક ઘુમરડી લેતા વિરાટ પ્રકાશની આકૃતિવાળાં હોય છે તે આપણી દૃષ્ટિએ દેખાય છે; પણ ખરૂં જોતાં આજે તેમનું અસ્તિત્વ નથી. આજથી હજારો કે લાખો વર્ષો પહેલાં તેમનો લયવિલય થઇ ગયો હશે, આજે આપણે જોઇએ છીએ તે તો આજથી દસ લાખ વરસ પર ત્યાંથી નીકળેલો અને દર સેકંડે ૧,૮૬૦૦૦ માઇલની ગતિએ મુસાફરી કરતો અહીં આવી પહોંચેલો અબજો વર્ષ પહેલાંનો પ્રકાશ. તેમને ખરેખરા રૂપમાં નિહાળવા તો આ પૃથ્વી ઉપર એક પણ માનવી સર્જાયો નહોતો; તેની યે પહેલાં વિનાશ પામેલા વિશ્વનું આજે તો આપણે કેવળ ભૂત નીરખીએ છીએ!

તો પછી એવાને ધ્યાનમાં લેવાની શી જરૂર એમ તમે પૂછશો? તેના ઝાંખા પ્રકાશની તો આપણને પરવા નથી, પણ આ તારા જૂથોમાંથી એવાં પ્રબળ કિરણો પૃથ્વી પર આવે છે કે સોળ ફૂટ જાડી સીસાની દીવાલ પણ ભેદીને પ્રવેશ કરી શકે છે અને એવા બળના પ્રભાવે પૃથ્વી પરનાં કેટલાંક અણુઓનો વિચ્છેદ કરવાનો ગુણ તેમાં છે.

વળી આકાશની કેટલીક બાબતો એવી છે કે જે તમે કદી જોઇ શકો નહિ, પણ તેના વિષે સાંભળી શકો છો. દાખલા તરીકે આકાશના પરમ સૂર્યની અમાપ કાયાની આસપાસ ૫૦ અબજ તારાઓ વીંટળાએલા છે, જેમાં આપણો સૂર્ય તો એક મામુલી પાત્ર છે. આપણે એ બધાને આકાશગંગા તરીકે ઓળખીએ છીએ. આ અજબ વિશ્વને તમે જોઇ શકો નહિ જ. પણ એક ખાસ રેડિયોયંત્ર પર તેના પ્રકાશના સિસકારા સંભાળી શકાયા છે. વચ્ચેનું આકાશ કોલસાની ભૂકી કરતાં યે કાળી ભમ્મર હવાઓથી ભરચક હોવાને લીધે આ સૂર્યસમ્રાટના દર્શન આપણને દુર્લભ થઇ પડ્યાં છે. કદાચિત્ એવો યે પ્રસંગ આવે કે કાજળના એ પ્રદેશમાં આપણું ગ્રહમંડળ ધસી જાય અને પછી સૂર્ય માત્ર લાલ ગોળો જ દેખાય. ત્યારે પૃથ્વી ઉપર તો હીમનાં પડ ફરી વળે; અને એ પડ એવાં ઘાટાં થાય કે તેની નીચે પૃથ્વી ચંપાઇ જાય.

આપણી પૃથ્વીનું પડ તદ્દન નક્કર છે એમ ન માનતા. ઘણી યે સામુદ્રધુનિઓમાં ભરતીના ભારથી ધરતીનાં તળ ઊંડાં ઊતરે છે. ધરતીનું પડ આવું નરમ હોવાથી ભરતી વેળા ચંદ્ર પાણી તો ઊંચાં ચડાવે છે, પણ ઘણીવાર નીચેની જમીનને પણ સાથે ઉપસાવી તેનો ઘાટ ફેરવી નાખે છે. તેથી જ ધરતીકંપને અને ચંદ્રને સંબંધ છે. વળી બીજું: ધરતીકંપ વેળા કોઇપણ વેધશાળા ચંદ્રનું સ્થાન નક્કી કરી શકતી નથી; કારણકે વેધશાળા પૃથ્વી પર હોવાથી ચંદ્ર તેને પણ સ્થાનભ્રષ્ટ કરે છે. ચંદ્રની એ એક વિચિત્ર બીના છે. તેના કલેવરમાં ઇરાટોસ્થિનિસ કરીને એક જ્વાળામુખ છે જેના ભીતરમાં કંઇક વૃદ્ધિ પામતું દેખાય છે. અને તેથી જ ચંદ્રમાં



આકાશમાં એમનું અસ્તિત્વ આજે નથી; પણ છતાં આમાંની નિહારિકાઓનો પ્રકાશ આજે દેખાય છે! પૃથ્વી ઉપર માણસજાતની ઉત્પત્તિ પણ નહોતી થઇ તે પહેલાં, અકલ્પ્ય વરસો અગાઉ, આમાંની કેટલીક નિહારિકાઓ અવકાશમાં પ્રકાશતી હતી. તે પછી તે તો લુપ્ત થઇ ગઇ; પણ એ પૃથ્વીથી એટલા અનંતકોટિ યોજનો દૂર હતી કે દર સેકંડે એક લાખ ને છયાશી હજાર માઈલના વેગથી આવતા તેના પ્રકાશને પણ અહીં પહોંચતાં આટલાં અકલ્પ્ય–અગણિત વર્ષો વીતી ગયાં, ને ભૂતકાળમાં પ્રકાશીને વિનાશ પામેલા તેજસમૂહનાં ભૂત જેવી આપણને તો એ હજી દેખાયા કરે છે!

ચેતનસૃષ્ટિ નથી એમ આપણાથી કહેવાય નહિ. કોણ જાણે એ અંદરની ઉષ્માને લઇને ચોક્કસ સૃષ્ટિ હોયે ખરી. ચંદ્રનું તેજ પોતાનું નથી. સૂર્યનું તેજ તેના ઉપર પડે છે તે પરિવર્તન પામી પૃથ્વી ઉપર અજવાળું કરે છે. આથી તેના તેજનાં કિરણો વર્તુળની જંતુપોષક ગુણ ધરાવે છે એમ જણાયું છે. પ્રાચીન માન્યતા છે કે ચંદ્રનાં કિરણો બહુ લેવાં નહિ તેને આથી ટેકો મળે છે. ચંદ્ર પાછો પૃથ્વીના સંબંધમાં બહુ અગત્યનો ભાગ ભજવે છે. સમુદ્રમાં કેટલાંક પ્રાણીઓ પુર્ણિમાને દિવસે જ જાતિસંવર્ધન કરી શકે છે. ચંદ્ર માટે હજુ એક અજબ વાત સાંભળી લ્યો. કોઇપણ દિવસે આપણે એકાએક બીજો અને કદાચ ત્રીજો ચંદ્ર જોવા ભાગ્યશાળી થઇએ! આપણા ચંદ્ર કરતાં જોકે ઘણા નાના એવા બે ગ્રહો સૂર્યની આસપાસ લાંબે ગાળે કુંડાળાં મારી રહ્યા છે. તે કોઇપણ વખતે પૃથ્વીના ચીલામાં આડા તો આવવાના જ. હવે પૃથ્વી ધસમસતી જતી હોય અને તે રખડુઓ માર્ગમાં અથડાય તો ચંદ્રની જેમ પૃથ્વીની કમરે લટકી જવાના જ.

કિરણપ્રસાર (Radiation)નું જ્ઞાન માણસને હાથ લાગ્યું તે વડે તેણે બીજ અને ગર્ભકણો પર પ્રયોગો કરી નવી વનસ્પતિઓ ને નવાં પ્રાણીઓની સૃષ્ટિ હવે વિસ્તારી છે. પહેલાં આવી વાત દુનિયામાં અશક્ય જ મનાતી. ખરૂં પૂછો તો એમાં જાતીય સંમિશ્રણનો જ સિદ્ધાંત છે. દવા વગેરેમાં કિરણપ્રસાર (radiation)–નો ઉપયોગ કરી દર્દીના લોહીમાં રહેલા જંતુઓનો સદંતર નાશ કરી શકાય છે. દર્દીને તે વેળા એટલું જ લાગે છે કે તેને જરા ટાઢીઓ તાવ માત્ર છે. એપેન્ડિસાઇટિસ ઉપર-ના કિરણપ્રવાહનું નિશાન તાકવામાં આવે તો કાપકૂપ વિના જ તેની અંદર થતા સડાને સમૂળગો બાળી ભસ્મ કરી શકાય છે. અરે એ વડે ઇંડાને બહારથી કાંઇપણ કર્યા વિના અંદરથી પકવી શકાય. આવાં કિરણો જ્યારે મળે નહિ ત્યારે અવાજનાં અશ્રાવ્ય આંદોલનોથી પણ એવી ક્રિયા કરી શકાય છે. આ અવાજને સર્વોચ્ચ સ્વર (Super sonic) કહે છે કારણકે તે શ્રવણ કરી

શકાતો નથી છતાં તેનાથી દૂધનાં જંતુઓનો નાશ કરી શકાય છે. તેની નજીક એક ઉંદર આવે તો તે પણ મરી જાય. અવાજના આઘાતથી તેનું લોહી જ થીજી જાય છે.

થોડાને ખબર હશે કે બધા ખોરાકમાં મુખ્યત્વે રહેલા પદાર્થો સાકર અને સ્ટાર્ચ (મેંદો) હવે રસાયણિક-રીતે બનવા લાગ્યા છે. તદ્દન અખાદ્ય પદાર્થો પર એક ચોક્કસ પ્રકાશની ક્રિયા લગાડવાથી આ તત્ત્વોનું તેમાં સંયોગીકરણ થાય છે. પણ હજુ આ નવા પદાર્થો જલદી અસલ રૂપમાં છૂટા પડી જાય છે તેથી તેને સાથે લાગટ રાખવાની શોધ પાછળ પ્રયોગો ચાલુ છે. એ થાય એટલે ખેતી કરવાની જરૂર જ મટી જાય.

વળી આજકાલના વિજ્ઞાનમાં કેટલાંક કિરણો અને આરોગ્યના સંબંધ શોધનારાં યંત્રો સરજાયાં છે. આજથી પાંચસો વરસ પહેલાં એ જ વાત ઍડવર્ડ બીજાના ડૉ. ગેડિસ-ડનને જણાઇ હતી. તેને સૂઝ્યું હતું કે શીતળાના દરદીને સૂર્યનાં કિરણો પ્રતિકૂળ થતાં હતાં અને લાલ બત્તીના પ્રકાશથી તેમને આરામ રહેતો હતો. (આપણા દેશમાં પણ શીતળાના દરદીની ચારે કોર પડદા બાંધવામાં આવતા હતા.) પણ આ બાબતની સાર્વજનિક ખાતરી તો ગયા સૈકામાં જ થઇ.

નરપિશાચ કે બ્રહ્મરાક્ષસ આપણને કોઈ કલ્પના-કથાનું જ કે પુરાણોએ ઘડી કાઢેલું પાત્ર લાગે છે, પણ હવેની શોધ કહે છે કે પૂરા સૂર્યના પ્રકાશ અને તાજા શાકાહારના અભાવે માણસની Pituitary glands પિચ્યુટરી ગ્લૅન્ડઝ નામની શરીરગ્રંથિઓમાં વિકૃતિ થાય છે તેથી તેનાં હાડકાં અને ચહેરો ભયંકર બની જાય છે. આવા પિશાચોનું જૂનું વર્ણન પણ એવું છે કે તેનામાં દસ માણસોની તાકાત હોય છે; કોઇપણ જાતના બખ્તર વગર તે યુદ્ધ કરે છે; જખમી થતાં લોહીનું એક પણ બુંદ તેના શરીરમાંથી નીચે પડતું નથી. એ વાત તદ્દન સાચી છે, કારણકે તેની પિચ્યુટરી ગ્રંથિઓ બીજી ગ્રંથિઓને હણીને તેમનું કૌવત લોહીમાં ખેંચી લાવે છે અને તેનામાં રાક્ષસી બળ ઊભરાય છે. જેમજેમ આ વ્યાધિ વધે છે તેમતેમ તેનું ઝનૂન એટલું બધું વધે છે કે તે નર ઘાતક થઇ જાય છે. વાર્તાઓમાં પણ આ નરપિશાચ કોઇ ખંડેરમાં રાતને વખતે ઘૂમતો જણાય છે અને હાથમાં આવેલાને ખાઈ જાય છે.

પ્રાચીન ચીના વૈદ્યો ગ્રંથિ વિષે કશું જાણતા નહોતા, પણ આવા વ્યાધિવાળાને દેડકાનું ચૂર્ણ ખવરાવતા. કેટલાકને આ મૂર્ખાઇ લાગે, પણ વિજ્ઞાનની દૃષ્ટિએ તેમાં મહત્ત્વ છે કે એવા દરદીને એડ્રિનલીન જોઇએ અને તે જીવશરીરના ચૂર્ણમાંથી મળી જાય છે.

ઍક્સ રૅથી શરીરની અંદરના ભાગો નજરે જોઇ શકાય છે તેમજ તેની છબીઓ પડે છે એ તો હવે સૌ જાણે છે. પણ વધારામાં તેની મદદથી ભૂતકાળની સૃષ્ટિનું પુનઃ સર્જન થઇ શકે છે એ નવી શોધ છે. કાટ ખાઇ ગએલા સિક્કા, તામ્રપત્રો, કબરમાંનાં મડદાં, તેના વ્યાધિઓ વગેરે ઍક્સ રૅથી બરોબર જાણી શકાય છે. તેમજ ભૂકો થઇ ગએલાં માટીનાં વાસણો વગેરે અસલ સ્વરૂપમાં વીજળીના બળે સાંધી શકાય છે! આમ વીજળી અસલ વસ્તુઓ પ્રાપ્ત કરી આપે છે એટલું જ નહિ પણ, ધૂળમાટી જેવા પદાર્થોમાંથી અજબ રત્નો સરજી શકે છે! અમાપ ગરમી આપવાની વીજળીક ગોઠવણોથી મામૂલી કિંમતનાં ચપટી રસાયણોના મિશ્રણને વીજળીક ભઠ્ઠીની ગરમી પહોંચતાં, કુદરતી મળે છે તે કરતાં મોટાં અને ચોખ્ખાં પાણીદાર નીલમ, માણેક અને હીરા નીપજી શકે છે; અને એ પણ એવા કે કોઇ ઝવેરી તેને ખોટા કહી શકે નહિ.

અલ્ટ્રા વાયોલેટ કિરણોના કાચની ફ્રેમમાંથી દેખાયું છે કે નરી આંખે ન દેખાતું એવું એક પ્રકારનું વીજળીક તેજ પ્રકાશની આભા પેઠે દરેક માણસની આસપાસ છવાઇ રહ્યું છે. જેમ માણસની તંદુરસ્તી વધારે તેમ એનો વિસ્તાર વધારે. એ તેજ શરીરનાં છિદ્રાણુઓમાંથી છૂટ્યાં કરે છે. એના પ્રમાણ ઉપર આયુષ્યનું પ્રમાણ ધારી શકાય. માણસનું આખું શરીર સૂક્ષ્મ વીજળીક સંધાનોથી ભરપૂર છે અને મગજ આગળ તેનું મધ્યમંદિર છે. એ સંબંધો તૂટે કે માણસનું જીવન શૂન્ય બની જાય.

પ્રાણીજગતની અજાયબીઓ પણ પાર વગરની શોધાઇ છે. આપણામાં જે ઇંદ્રિયજ્ઞાન છે તે તેમનામાં નથી અને તેમને છે તે આપણને નથી. કેટલાયને શ્રવણશક્તિ નથી, કેટલાયને રંગનું ભાન નથી અને આપણને નથી એવું ભાન કેટલાંક પ્રાણીઓને છે.

ઉત્તર યુરોપની ઇલ માછલીઓ પોતાનાં તળાવડાં છોડી ઉનાળાની રાતે ઘાસમાં ભરાઇ રહે છે, નદી-પ્રવાહો શોધી કાઢે છે અને તે વાટે દરિયામાં દાખલ

થઈને આખો આટલાંટિક મહાસાગર પાર કરીને છેક બરમ્યુગઝના પોતાના અસલ વતનમાં જઈ મરે છે!

પાછી તાજી જન્મેલી ઇલો ત્યાંથી ઊપડે છે. રસ્તામાં પોતાનો વસ્તાર વધારે છે અને બેત્રણ વર્ષે યુરોપના કિનારા પર પહોંચી જાય છે. ઇલ જાતની જ બીજી એક માછલીવળી એવી નાજુક લાગણીવાળી છે કે પૃથ્વી કંપે ત્યારે તેને પહેલી ખબર પડે છે. વીજળીનો સ્પર્શ થતાં પહેલાં તો તે તેના અનુમાને બેભાન થઇ જાય છે!

માણસોમાં પણ ઇંદ્રિયમાન વિવિધ પ્રકારનાં હોય છે. તમે પોતે દિવસે જોવાની શક્તિ ધરાવો છો તેવી જ રાત્રે ન રહેતી હોય; કેટલાકને રાત્રે વધારે સૂઝે છે ને કેટલાક સાવ અંધ બની જાય છે. પક્ષીઓની આંખ ઘણી તીવ્ર હોય છે. સાધારણ મરઘીની આંખનું હાડકુ એક યંત્ર માફક આવેલું છે જેથી ઘડીમાં તે ટેલેસ્કોપી (દૂરદર્શી) થાય અને ઘડીમાં માઇક્રોસ્કોપી (સૂક્ષ્મદર્શી) થાય.

પક્ષીઓ વારંવાર સ્થાનાંતર કરતાં જણાય છે તેમાં તેમની આંખ કારણ નથી; પણ તેમનાં શરીરમાં રહેલી એક ગ્રન્થિની પ્રેરણાથી તેઓ દૂર નીકળી પડે છે. એ ગ્રન્થિઓ બદલો તો દક્ષિણના ગરમ પ્રદેશો મૂકી તે હિમમય ઉત્તરમાં ઊપડશે. એથી જ સાવ ઊલટું, વાંદરામાં ઇંદ્રિયજ્ઞાનનું મીંડું છે. કેટલાં યે વાંદરાંને પોતાનાં બચ્ચાંને ધવડાવવાનું જ્ઞાન ન હોવાથી બચ્ચાંને હાથમાં પકડી રાખી ભૂખે મારે છે. જ્યારે જંતુસૃષ્ટિ અંતરપ્રેરણા પર નભતી હોવાથી તેમનું કામકાજ બહુ વિચારભર્યું ચાલ્યાં કરે છે.

ઈંડાં ઉપર હમણાં એવા પ્રયોગો કરવામાં આવ્યા હતા કે પક્ષી જન્મતાં પહેલાં અમુક મુદતે ઇંડું ખોલી અંદર બીજો જીવકણ મૂકી દેતાં એ ઇંડું એક બાજુ રસોળીની પેઠે વધ્યું હતું. વીસ મિનિટ બાદ એ જ પ્રયોગ ફરીવાર કરતાં અંદરથી જન્મ લેનાર પક્ષીને દરેક અવયવ બેવડાં ફૂટી નીકળેલાં જણાયાં!

ઝાડની કલમો થાય છે તેવી જ રીતે પક્ષીઓને પણ અવયવો ફૂટતાં હોય તે વખતે નવાં અવયવો લાગુ કરી શકાય છે. પંજાની કળી આગળ પૂંછડીની કલમ નાખો તો પૂંછડી હાથનું સ્વરૂપ લેશે. આપણે પણ આપણી પંચેન્દ્રિયો પાસેથી તેની પૂર્ણ શક્તિઓ પ્રમાણે કામ લઇ શકતા નથી. ૧૦૦ માઇલની ઝડપ કરી શકે એવી ગાડી આપણે ૨૫ માઇલની ઝડપે ચલાવીએ છીએ. આપણે આપણી ઇંદ્રિયની તાલીમ પર ધ્યાન આપી વિકાસ કરીએ તો ચમત્કારિક લાગે એવી શક્તિ પ્રાપ્ત કરીએ; છતાં કુદરતને હિસાબે તો તેણે આપેલા માપમાં જ તે હોય. એક સૂંઘવાની જ શક્તિ કેળવી હોય તો શિકારી કૂતરાની પેઠે તમે માણસની ગંધ પરખીને પકડી શકો. જરૂર પડે તેમ બીજી ઇંદ્રિયોનું કામ બંધ કરી માત્ર શ્રવણ કેળવો તો બંધ કરેલા ઓરડા પાછળ થતી વાતો માત્ર તમે સાંભળી શકો. આંખમાં જોવાની તાકાત એટલી બધી છે કે તમારી સામેનો માણસ પોતાના હાથમાં કોઇ છબી કે લખાણ પકડીને બેસે તો તેની આંખમાં તેનું જે પ્રતિબિમ્બ દેખાય તે જોઇ તમે તે ઓળખી કે વાંચી લઈ શકો!

તેથી પણ વધુ પ્રબળ દૃષ્ટિ સંભવિત કરી શકાય તેમ છે. દૂરના સંદેશા અને વસ્તુસ્થિતિ જાણવાનું ઇચ્છાનુસાર બની શકે એ વાત તો હવે સિદ્ધ થઇ છે. માનસિક આવિર્ભાવો અધમ પ્રવૃત્તિ નહિ પણ ઉન્નત પ્રવૃત્તિના વર્ગમાં મૂકાય છે. પ્રથમ પ્રયોગે તો આ ક્ષેત્રમાં નિષ્ફળતા દેખાય છે. ઇંદ્રિયો કામ કરવા ના પાડે છે અને આપણને અતિ શ્રમ કરાવશે એવું લાગે છે. જેમ કોઇનું નામ ભૂલી જતાં જેમજેમ તે યાદ કરવા મથીએ છીએ તેમતેમ દૂર જતું લાગે છે. પણ એક વાર આવી સ્થિતિમાંથી પસાર થઇ જઇએ તો મનને અનુમાન કરતું જોઇ શકીએ છીએ. ભૂલવાળાં અનુમાનો થશે, પણ આખરે આંતરશક્તિઓ ભોંઠપના ભયે બરોબર કામ કરવા લાગશે અને અનુમાનો સાચાં બનશે.

થાક હોય ત્યારે અથવા દવાઓના સાથમાં આ ઉચ્ચતર શક્તિ ટકતી નથી, પણ ખરેખર ગણત્રી અને સમતોલ વિચારના રૂપે જ કેળવી શકાય છે.

આ બધી શોધો નવા યુગની માત્ર શરૂઆત છે. કોઈ લાભ મેળવવાની ઇચ્છાથી જ ઇંદ્રિયો કેળવવા કરતાં તેનો શક્તિવિકાસ સાધવાની શુદ્ધ બુદ્ધિથી તે પર ધ્યાન આપીશું ત્યારે કોઇ નવી સૃષ્ટિ આપણી આસપાસ રચાશે; કારણકે આપણી જ્ઞાનેન્દ્રિયો તેના સ્થાનમાંથી ઊખડતી આવે છે. જેમ આંધળાં અને બહેરાં માણસ કરતાં આપણને જગત વધુ કુતૂહલપૂર્ણ અને રસભર્યું લાગે છે તેમ હવે પછીની પ્રજાને પણ આપણા કરતાં વધારે જોવા–સમજવાનું મળશે જ.

(જિરાલ્ડ હર્ડના 'નૅશ મૅગેઝીન'માં આવેલા લેખ ઉપરથી)

# રેંકડી

તે દૂર ઊભો હતો. મેલાં ને ફાટેલાં તેનાં કપડાં હતાં. એકબે વખત રામલાલની નજર તેના પર પડેલી, પણ રસ્તા ઉપર ઊભા રહેવાની કોઇથી ના પાડી શકાતી નથી. કામમાં ચિત્ત પરોવાતાં તે એને ભૂલી પણ ગયો.

દરમ્યાનમાં મહાજનની ચિઠ્ઠીવાળા બેત્રણ સાધુ આવી ભીખનો પૈસો લઇ ગયા. એક ફકીર પણ લોઢી કાઢીને આનો લઇ ગયો. સાંજ પડવા આવી છતાં આસપાસ થોડું ટેલી આવીને પાછો તે ત્યાં જ ઊભો હતો.

હવે ઘરાકી ઓછી થઇ હતી.

દુકાન આગળ જરા પાણી છાંટી આરામથી રામલાલ બેઠો. તેની દુકાને છુટક અનાજ વેચાતું. થોડું રળતો અને થોડું વાપરતો. સંતોષી તેનું જીવન હતું.

તેની નજર સામે ગઈ. વળી તેને જોયો. મનમાં કુતૂહલ થતાં હાથની નિશાની કરી તેને બોલાવ્યો અને પૂછ્યું: 'શું લેવું?'

'કાંઇ લેવું નથી.' કહેતો તે પાસે આવ્યો.

'ત્યારે ક્યારનો ત્યાં શું ઊભો છે?'

'અમથો.'

'ભાઇ, અમથા ઊભા રહેવાને બાગબગીચા છે. એ સઘળું છોડીને અહીં દાણાપીઠમાં કાં ઊભો રહે છે?'

'ભાઇ. . .' અને તે આગળ બોલી ન શક્યો. તે જુવાન હતો. શરીરનો બાંધો મજબૂત હતો, છતાં દુ:ખ અને ચિંતાથી તે બેહાલ બની ગયો જણાતો હતો. તેની આંખો અને પેટ ભૂખથી ઊંડા ઊતરી ગયાં હતાં. મોઢું ત્રાસથી ફિક્કું પડી ગયું હતું. તેની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. એક બાજુ જોઇ તેણે તે લૂછી નાખ્યાં.

આ દૃશ્યથી રામલાલના હૃદયમાં કરુણા ઊભરાઇ. તેણે કહ્યું, 'ભાઇ રડો મા. માણસ માત્રને કાંઇ ને કાંઇ દુ:ખ હોય જ છે. આવો, આ ઓટલે બેસો અને હરકત ન હોય તો શું દુ:ખ છે તે કહો.'

'બાપુ, ભીખ માગવા નીકળ્યો' તો, પણ મને માગી ખાતાં આવડતું નથી,—જીવ પણ ચાલતો નથી. જિંદગીમાં કોઇની પાસે મેં હાથ લાંબો કર્યો નથી. બે દિવસનો હું ભૂખ્યો છું.' આટલું બોલતાં ફરી તેની આંખમાં આંસુ આવ્યાં ને મોટેથી રડી ન પડાય એ માટે તેણે મોઢા આડો હાથ દાબ્યો.

રામલાલ થડા ઉપરથી હેઠે ઊતર્યો અને તેને પાછળ આવવા કહ્યું. થોડે દૂર કંદોઇની દુકાન હતી ત્યાંથી થોડા ગાંઠીઆ અને પેંડા અપાવ્યા. તેણે ફાટેલું ફાળિયું પહેર્યું હતું તેના છેડામાં તે લેતો જોઇ રામલાલે કહ્યું 'અહીં ને અહીં ખાઇ લેવું હોય તો હું દુકાનવાળાને કહીને સગવડ કરાવું. પછી ખાઇ કરી પાણી પીને મારી દુકાને આવો. મારે તમારી હકીકત સાંભળવી છે.'

'ભાઇ, મારે ઘરવાળી છે. અમે વહેંચીને ખાઈશું. ધર્મશાળામાં ઊતર્યાં છીએ. કાલે આવીને હું તમને મારી વીતી કહીશ.'

બીજે દિવસે સવારે તે આવ્યો ને પોતાની વીતક કહેવા માંડી. 'મારાં માતપિતા નાનપણમાં મરી ગએલાં. અમારે બેત્રણ સાંતીની જમીન હતી. બાપ ગુજરી ગયા પછી જમીન કાકા વાવતા. હું અઢારેક વર્ષનો થયો હોઇશ ત્યાં સુધી તો મને તે સારી રીતે રાખતા. તેમનાં છોકરાંઓ સાથે હું રમતો ને મઝા કરતો. કોઇ વાર મારાં કાકી વિફરતાં તો મારા કાકા મારૂં ઉપરાણું પણ લેતા.

એક દિવસ તેમણે મને કહ્યું: "વિઠ્ઠલ, તારા બાપ ગુજરી ગયા ત્યારે તેના માથે ઘણું દેવું હતું. ત્યાર પછી કાળદુકાળે વિઘોટી મેં ભરી છે. તારા લગનમાં હું ખાલી થઈ ગયો છું. ને મોટું ખરચ લાગ્યું છે. તેના બદલામાં તારે મને તારા ભાગની જમીન લખી દેવાની છે. જો તું અત્યારે ન લખી દે તો મારે તારી ઉપર કોરટ કરવી પડે. વહેવારમાં તો દોકડે દોકડાનો હિસાબ."

'આવું અને બીજું ઘણું તેમણે મને સમજાવ્યું. મારી ઉમર કાચી તેથી આ બધું સાંભળીને મને તેમાં કાંઇ બહુ ગમ પડી નહિ. મેં તો તે જેમ કહે તેમ કરવું કબૂલ કર્યું. બીજે દિવસે તે મને કચેરીમાં લઇ ગયા, અને એકબે કાગળિયાંમાં મારી સહી કરાવી લીધી.

અમલદારની રૂબરૂમાં એ સહી કરાવી લીધા પછી તેમનું વર્તન ફરી ગયું. હવે વાતવાતમાં ગાળો દેવાનું અને મને જરા પણ નવરાશ ન મળે તેવી રીતે મારી પાસેથી કામ લેવાનું શરૂ કર્યું. મારાં કાકી પણ મારી વહુની પાછળ

પડ્યાં હોય તેમ ડગલે ને પગલે હેરાન કરવા લાગ્યાં. કોઇકોઇ વખત તો મારી પણ લેતાં અને અમને એકલાં મળવાની બહુ જ ઓછી તક મળે તેમ કરતાં. જે વખત મળતો તેમાં તે પોતાને માથે ગુજરી મને કહેતી.

આ બધું ક્યાં સુધી સહન થાય? મેં જુદા થવા યત્ન કર્યો અને જમીન જુદી પાડી આપવા કહ્યું. પણ તેમણે તો તાડુકી કહ્યું:"તારે જમીન કેવી? તારા ભાગની જમીન તો મેં ઘણા દિવસથી વેચાણ લીધી છે એ ખબર નથી? આ તો અત્યાર સુધી ઠીક કે મારા ભાઇનો દીકરો છે એટલે ખાવા દીધું. તારે કામ કરીને રહેવું હોય તો રહે, નહિ તો તને સૂતાંસૂતાં હવે કાંઇ નહિ મળે."

આ સાંભળી હું સ્તબ્ધ જ થઇ ગયો. આડોશી-પાડોશીને પૂછી જોયું તો તેમણે મારા કાકાની ધાકથી કાંઇ જવાબ ન આપ્યો. મેં બીજે ઠેકાણે સાથી તરીકે રહેવા માટે પ્રયાસ કર્યો. ખેતીનું કામકાજ હું બધું જાણું છું એટલે બીજા મને ખુશીથી રાખત, પણ મારા કાકાએ મને રાખનારને છાની દમદાટી આપી અને મને કહેવડાવ્યું કે અમારૂં નાક કપાવવું છે? કામ કરવાની દાનત હોય તો મારાં ખેતરમાં ક્યાં નથી? બીજા પણ તને રોટલા કરતાં શું વધારે આપવાના હતા?

આ રીતે મને બીજાને ત્યાં કામે જતો અટકાવ્યો. પણ તેમને ત્યાં તો હું હવે ગુલામી કરવા ખુશી નહોતો. દરબારમાં એકબે અરજી કરી જોઇ, પણ કાંઇ વળ્યું નહિ.

'તે વખતે અમારો એક પાડોશી શહેરમાં કમાવા માટે ગએલો તે પાછો આવ્યો હતો. તે શહેરની વાતો કરતો. શહેરમાં સારી મજૂરી તરત મળે છે એવી તેની લોભાવનારી વાતો માની હું ને મારી વહુ એમ ને એમ પહેર્યે લૂગડે શહેરમાં આવ્યાં. મજૂરી શોધવા હું દરરોજ નીકળતો પણ મને મજૂરી મળતી નહિ. કેટલાક દિવસ મારી વહુ ઉપર થોડું ઘણું ઘરેણું રહ્યું હતું તે વેચીને ચલાવ્યું. પણ છેલ્લા બે દિવસથી અમે એક દાણો પણ મોઢે માંડ્યો ન હતો. તમે કાલે અપાવ્યું તે અમે રાત્રે ખાધું.'

**ત્યા**રે હવે શો વિચાર કર્યો?'

કાંઇ સૂઝતું નથી. અહીં કાંઇ મજૂરી મળતી નથી અને મારે ગામ તો મરણાંતે પણ પાછા ન જવાનું અમે પાણી મૂકીને નીકળ્યાં છીએ. છેવટ કાં તો ધારેધારે માગતાં શીખીશ ને એથી યે પેટ નહિ ભરાય તો . . .'

'મજૂરી ઓછી વધતી મળે તો અહીં રહે ખરો?'

'અમારે પેટના ખાડા ભરવા રોટલા અને છાશ સિવાય બીજું કાંઇ નથી જોઇતું.'

આમ વાત કરતા હતા ત્યાં એક ઘરાક આવ્યું અને દોઢ મણ ઘઉં તોળાવ્યા. રામલાલે વિઠ્ઠલને કહ્યું: 'લે ત્યારે શુકન કર. આ લઇને ભાઇ સાથે જઇ તેમને ત્યાં નાખી આવ. દોઢ આનો આને મજૂરીનો આપજો.

આ રીતે વિઠ્ઠલે દાણાપીઠમાં મજૂરી કરવી શરૂ કરી. થોડાક દિવસ આ રીતે વ્યતીત થયા. દરરોજ તેને આઠથી દસ આના મજૂરી મળી રહેતી. તેણે મજૂરના લત્તામાં એક ઓરડી ભાડે રાખી.'

એક દિવસ તે રામલાલ પાસે આવ્યો અને કહ્યું: 'ભાઇ હું મજૂરીએ આવું અને મારી વહુ ઘેર એકલી કામકાજ વગરની બેસી રહે છે એ એને નથી ગમતું. અમે બંને જણા કામમાં લાગીએ તો તેનું મન આનંદમાં રહે અને દિવસ જાય તો. મને એક રેંકડી અપાવશો? એક જણ જૂની રેંકડી વેચે છે.'

'નવી લે ને?'

'નવી રેંકડીના પૈસા વધારે થાય ને?'

'પૈસાની સગવડ આપણે કરીશું.'

બપોરના નવી રેંકડીની ખરીદી થઇ. વિઠ્ઠલે રામલાલને ખાતું પાડી આપ્યું અને તે પૈસા વગર વ્યાજે મજૂરીમાંથી કાપી લેવા એમ ઠરાવ્યું.

બીજે દિવસે સવારમાં રામલાલ દુકાન વાળી સાફસુફ કરી ગાદી પાથરી દુકાનના થડા ઉપર બેઠો હતો એક ગોખમાં ગણપતિ હતા. તેમની પાસે ઘીનો દીવો અને ધૂપ કર્યા હતાં તેની સુવાસ પ્રસરી રહી હતી.

'માલીક, ઝુમસે.'

'હલ્લો.'

'માલ, ઝુમસે.'

'હલ્લો.'

રેંકડી ખેંચનારનો તાલબદ્ધ અવાજ આવતો હતો. રામલાલે તે તરફ નજર કરી તો સંસાર શકટને વહતાં હોય તેમ લાલચોળ ઉષાવર્ણું મુખવાળાં વિઠ્ઠલ અને તેની વહુ રેંકડી ખેંચતાં આવતાં હતાં.

આગલે દિવસે વખારેથી લાવવાની કાઢી રાખેલી ગુણો તેની દુકાને ઉતારી અને હસતાંહસતાં વિઠ્ઠલે કહ્યું: 'શેઠ, તમારી બોણી કરી.'

**'રસનિધિ'**



# વ ન વ ગ ડા નાં વા સી

**જળજંગલની જીવનસૃષ્ટિની એ પરિચયમાળાનો નવમો હપતો**

## લેંબુડિયાના કાંઠે

આપણા નિત્ય સહવાસમાં રહેતાં છતાં ઘણાંને અજાણ્યાં એવાં બે મનોરમ પંખીની ઓળખાણ આપે છે.

કાકડીઓ કુંમાર

**હમણાંહમણાં** મારે . . . આશ્રમમાં જવાનું થાય છે. ત્યાં બપોરના જમી પરવારી હું અને મારા મિત્ર આશ્રમના આંગણામાં લીમડાના ઝાડ નીચે ધામા નાખીએ. પાસે એક નાની લીંબુડી છે. એના ફરતો નાનો ક્યારો છે. એમાં નહાવાધોવાનું પાણી ભરાય એટલે છોકરાં એને 'લેંબુડિયું તળાવ' કહે. ભરઉનાળાના દિવસ એટલે ખરે બપોરે તો સૂર્યનારાયણ સોળે કળાએ તપે. જ્યાં ઘરછાંયડે ભરાઇ બેસનારી માનવજાત પણ અસહ્ય ઉકળાટમાં તરફડિયાં મારતી હોય તેવે વખતે જંગલની ધીખતી ધરતી પર ઝાડમાં, જાળાંઝાંખરાં કે વાંડની ઓથે ભરાઇ બેસનારાં પંખી બીચારાંની શી દશા? એટલે બપોર થાય કે તાપ અને તરસે વલવલતો પંખીસમાજ અમારા 'લેંબુડિયા'નાં લહેરો લેતાં ટાઢાં જળ પીવા આવે. કોઇને પાણીની ગરજ ન હોય તો લીમડાની ઘમ્મર ઘટામાં કે શીળી છાયામાં આસાયેશ લેવા–બપોરો કરવા પણ આવે. અમે તો ત્યાં બેઠા જ હોઇએ, એટલે એ બધાંના આવવાજવાનો હિસાબ આપોઆપ થઇ રહે. આમ આ 'લેંબુડિયું' પક્ષિનિરીક્ષણની અમારી પ્રયોગશાળા બની ગયું છે.

પેલો ચાસ[1] બેઠો. કાગડો[2] દીઠો કે એના ભોગ મળ્યા. 'કા . . કા . . કા . .' 'કૅઍઍ . . . કૅઍઍ . . .' નાં આહ્‌વાન થાય ને તુમુલ યુદ્ધ જામે. રખે મારૂં રહી જાય કરતોકને કોશિયો[3] ય માંહ્ય ઝંપલાવે ને કાગડાનાં પીંછાં વિખેરવા માંડે. એક તરફ આ જામી હોય ત્યાં પાસેના લીમડામાં વળી 'તીસરી' જ ચાલતી હોય. ત્યાં એક જંગલી[4] કાગડી માળો બાંધી બે બચ્ચાં ઉછેરે છે. બચ્ચાં દેખાવે તો બીક લાગે એવાં, પણ પેલા સીદી બાદશાહની વાત પ્રમાણે, કાગડીને મન તો એ રતન જેવાં. એટલે ભારે જતન કરનારી. ભોગજોગે આ વખતે એક વાંદરૂં[5] આવી ચડ્યું. 'કા . . કા . .' કરીને થાકી, પણ વાંદરૂં શેનું ખસે? કાગડીએ જોયું કે આ લંગપુચ્છ કાંઇ આમ સીધી રીતે માનવાનો નથી, એટલે એણે કર્યાં ચારપાંચ સગાંવહાલાં ભેગાં ને એવી કરી કે બીચારૂં જાય ઊભે પૂંછડે ભાગ્યું.

લીમડાના મૉર ઊલ્યા પણ સક્કરખોરા[6]ની સંગીતની લહેર હજુ સુકાઇ નથી. એની માદા આવે; જરા ય બીક વિના આ ડાળથી પેલી ડાળ કરતી અમે બેઠા હોઇએ ત્યાં ઊતરે; પાણીમાં એની રૂપાળી નાની નળી જેવી વાંકી ચાંચ બોળે; ધરાઇને પાણી પીએ ને ધારે સાદે 'ચીં' કરી આનંદની સીસોટી મારે ને ઊડી જાય.

પૂર્વ દિશાનો પરથાર કંકુવરણો થતો હોય ત્યારે લીમડાની ઊંચી ટોચે બેસી સંગીતની ઝડી ઉડાડનારો દૈયડ[7] અને એની માદા, આભમાં વીજળી ઝબૂકે એમ ઝબકારા મારતી સોનેરી દેહછટાવાળાં શરમાળ પીળક[8] વધૂવર, 'કૅકૅ . . કૅકૅ' કરી કાન ફોડતાં પીંજારાં,[9] 'કૂઉઉઉ'ના અધૂરા ટહુકે દિલ લલચાવનારો કોકિલ,[10] 'પરભૂ . . તું, પરભૂ . . તું' ના કરુણ સાદે ભજન કરતો હોલો[11] ભગત, 'કપિલદેવ, કપિલદેવ'ના ઉચ્ચ સ્વરે વાડેવાડે ભટકતાં તેતર,[12] દેવલી,[13] સુગરી,[14] કાબર[15] અને એની પિતરાઇ પાવૈ,[16] કળાયલ મોર,[17]

---

૧ Blue Jay કે Indian Roller. ૨ King Crow.

૩, ૪ ફિક્કા રંગના ગળાવાળો આપણો રોજનો પાડોશી કાગડો=House Crow; શરીરે સાવ કાળો મોટા કદનો જંગલનો કાગડો=Jungle Crow.

૫ કાળા મોં વાળું આપણું પરિચિત વાંદરૂં=Lungur; લાલ મોંનું માંકડું=Bengal Monkey.

૬ Sunbird ૭ Dhayal, Magpie Robin

૮ Golden Oriole ૯ સાતભૈ: Babblers

૧૦ Koel—કોયલ એટલે Cuckoo નહિ. Cuckoo એ પરદેશી પંખી છે. શિયાળામાં આવનારૂં. રંગે બરોબર બાજને મળતું.

૧૧ Dove

૧૨ Grey Partridge ૧૩ દેવચકલી Indian Robin

૧૪ Weaver Bird ૧૫ Common Myna

૧૬ Black Headed Myna ૧૭ Peacock

ગગનવિહારી શમળી,[૧૮] કબૂતર[૧૯]—અમારી વાડીનાં મહેમાન. કોઇ પાણી પીવા આવે; કોઇ વાડની શીળી છાયામાં કે ઝાડની ઘટામાં આરામ લેવા આવે. બધાં યે પંખી આવે ને જાય. કોઇ જતાંજતાં રૂપરંગથી આંખો ઠારે. કોઇ અદૃશ્ય રહી મધુર ગાનથી રીઝવે, (આ રીઝવનારાંની કથા યે અત્યંત રમણીય છે). પણ આ બધાંમાં અમારૂં દિલ હરનારાં તો બે જ: કાકડિયો કુંભાર ને ચકદીલ. રોજ જોઇએ, આખો દિવસ જોઇએ, પણ એમને જોતાં, સાંભળતાં અમે ધરાયા જ નથી. અમારી 'લેંબુડિયા'ની પુષ્કરિણીની પાળે ઝૂલતાં એ બે સ્થળકમળ.

કાકડિયોકુંભાર દહાડામાં દસ વખત પાણી પીવા આવે. લચકાતો મલકાતો ધીમેધીમે ડગીપગી કરતો. બ્હીએ ખરો, પણ પાણી વિના ન ચાલે, એટલે હોય એટલી હિંમત ભેગી કરી કઠણ કાળજે આવે. પહેલો નર: પછી માદા. ખૂબ પાણી પીએ. હાંફતો જાય, પાણી પીતો જાય; ધરાય એટલે નીકમાં ભીની ટાઢી ભોંય પર પાંખો પાથરી પેટ ચાંપી બેસે અને નિરાંત જીવે ઝોકાં ખાય. એ અમારો રોજનો ભાઇબંધ.

કહે છે કે કાકડિયા કુંભારના માળામાં એક જાદુઇ લાકડી હોય છે. માળાની વચ્ચોવચ ઊભી. ચાર આંગળની. એ જેના હાથમાં આવે તેનો બેડો પાર. બસ કોઇ પણ તાળાને કે તીજોરીની કળને લાકડી લગાડો કે ફડાક કરતું એ ઊઘડી જાય! ખીસામાં લઇને ફરો: બેંકનો કોઠાર, પરીક્ષાના પેપરની પેટી, રેલવેના ડબા—ગમે ત્યાં તમારો પ્રવેશ થઇ શકે. આવી લાકડીની શોધ અર્થે ખેતર પાધરમાં જાળે ઝાંખરે ભટકનારા ઓલિયાઓ પણ મેં ઘણાં યે જોયા છે!

આ પંખીને નથી ઓળખતા એ એને વગડાઉ કાગડો કહે છે. દેખાવે કાગડા જેવો લાગે, પણ એ કાગડો નથી. એનાં સગાંવહાલાં તો કોયલ, મોતીડો, કકૂ–Cuckoo વગેરે.

એનું અંગ્રેજી નામ Coucal કે Crow-pheasant. કોયલની નાતનું પંખી, એટલે ક્વચિત્ Lark Heeled Cuckoo નામે પણ ઓળખાય. પક્ષિતત્ત્વવિદોનો એ Centropus Sinensis. હિંદીમાં એને मोहॅाक અને આપણા ગુજરાતમાં (મૂળ સંસ્કૃત कुम्भकारकुक्कुट પરથી) કાકડિયો કુંભાર કહે છે (ઉત્તર ગુજરાતમાં 'હુડહુડ' પંખીને પણ 'કાકડિયો કુંભાર' કહેવાનો રિવાજ છે, પણ એ સાચું નામ નથી) ખાડાખેયામાં લપાઇને ફરે તેથી એનું બીજું સંસ્કૃત નામ गर्ताकुक्कुट.

ગામને પાદરે કે વગડામાં આ જાળેથી પેલા જાળે ભરાતું, ઘોડાના જેવા લાલ રંગની પાંખોવાળું અને ચળકતા ઘેરા આસમાની રંગના ભારે શરીરવાળું, કાગડા જેવું અને જેવડું પંખી જુઓ તો એ આ 'કાકડિયો કુંભાર' જ. નર ને માદા એક જ રંગનાં—એક જેવાં દેખાય. આખું શરીર કાળું—માત્ર માથું, ગરદન, ગળું અને છાતી ચકચકિત વાદળી રંગે; છાતી, પડખાં અને પેટ પર એ વાદળી લીલાશપડતો. પાંખો અને ખભાનાં ચાપ્પાં ઘોડાના રંગે લાલ. એની આંખ લાલ, ચાંચ અને પગ કાળા.


એના પગ ઝાડનાં થડ, ડાળાં વગેરે પર 'ચડનારાં' (Zygodactyle)—લક્કડફોડ, પોપટ, કોયલ વગેરે—પક્ષીઓના જેવા સંપૂર્ણ ઘડાએલા છે, છતાં એને ઝાડ પર ચડવાની ટેવ નથી. એ પગમાં યે મહત્ત્વનું ઉપાંગ તો એના પંજાની પાછળની આંગળી છે. આ આંગળીને છેડે, આંગળી જેવડો કે તેથી યે ક્વચિત્ લાંબો, સીધો નખ કે નહોર છે. આ વિશેષતાને લીધે એનું Lark-Heeled Cuckoo નામ પડયું છે. કારણ આવો સીધો નખ અગન, ચંડોળ વગેરે (Larks)નું ખાસ લક્ષણ છે.

એ પગે પાયજામો પહેર્યો હોય તેવાં, સાથળ ઢાંકનારાં પીંછાં હોય છે;—જેવાં શમળીને પગે જોઇએ છીએ તેવાં. એના પગ 'ચાલવા' તથા 'દોડવા'ના ઉપયોગના છે: કાગડાની પેઠે એ 'ઠેકતો' નથી.

આ બધું તો ઠીક, પણ એનાથી યે ચડી જાય એવી તો એની વાચા છે. તમે સીમમાં કે ખેતરમાં જતા હો, સવારે બપોરે કે સાંજે બધું નિર્જન શાંત હોય, એવે વખતે અચાનક એ શાંતિને ભેદતો ઘોર કાનને અપ્રિય અવાજ સંભળાય: 'હુક . . હુક . . હુક . . હુક'. અવિરત ઉચ્ચ સ્વરે એ થોડીથોડી વારે આવે. તમે શોધવાનો પ્રયત્ન કરો, પણ ક્યાંથી આવે છે એનો પત્તો ન લાગે. બોલનાર તમારી પાસે વાડમાં કે ઝાડની

---

૧૮ Pariah Kite    ૧૯ Blue Rock Pigeon




કાકડિયા કુંભારનો પગ: એમાં પાછળની આંગળીનો નખ જુઓ: સીધો, લાંબો, આંગળીથી યે લાંબો.

ડાળે બેઠું હોય છતાં એ એવી ખૂબીથી અવાજ કરે કે જાણે એનાથી પંદર હાથ છેટેથી ન આવતો હોય! આ બોલનાર તે 'કાકડિયો કુંભાર'. એનું નામ પણ એના આવા અવાજ ઉપરથી જ પડ્યું છે. જેમકે એ બોલે 'कुम्म् . . कुम्म् . . कुम्म्': આ પરથી 'कुम्म्' (એવો અવાજ) कार (કરનારો) कुक्कुट. વળી એના અવાજની નકલ 'कुह . . कुह . . कुह' એ પદથી કરીને, कुहकस्वनः કહેવાનો પણ રિવાજ છે. એને તમે શોધવા જાઓ, એ નજરે પડે, પણ એની પાસે તો ન જ જઈ શકાય; કારણ સ્વભાવે એ બીકણ, એટલે માણસના રહેઠાણ નજીક વસનારો છતાં એના નિકટના સહવાસમાં આવવાનું સાહસ ન કરે.

એનો જીવનવ્યવહાર ઘણોખરો જમીન પર ચાલે. ભોજનમાં તીડ, જીવાત, ઉંદર, ગરોળી, કાચંડા, સાપોલિયાં વગેરે ખાનારો એટલે વાડના મૂળમાં હમેશાં ભમતો દેખાય. ઝાડ પર પણ બેસે. પણ એને ઊડવાનો ભારે કંટાળો, એટલે બને ત્યાંસુધી તો એ જમીન પર જ કે જમીનથી સહેજ અદ્ધર રહે. એની પાછળ પડો કે તરત દોડવા માંડશે. ઘાસમાં વાડવેલાની ઓથે, જાળાં-ઝાંખરાંની અંદર બહાર આમતેમ સરળતાથી લપાતો છુપાતો ઝડપથી નાસશે કે ઝાડ ઉપર ચડી જશે. રજ પણ અવાજ વિના એ અપૂર્વ ચપળતાથી ફરશે, પણ ઊડવાનો તો નહિ જ. નછૂટકે, જ્યારે સંતાકુકડી રમવી ન ફાવે ત્યારે ધીમેધીમે પાંખો ખૂબ જોરથી ફફડાવતો, પૂંછડી ઊંચેનીચે કરતો (એ ચાલે છે, ત્યારે પણ પૂંછડી ઊંચેનીચે કરવાની એને ટેવ હોય છે) ઊડે. થોડુંક ઊડી થાકી જાય અને ઝાડ પર બેસે. જાળામાં આમ ભરાઈ બેસવાની ટેવને લીધે એને Bush-Cuckoo કહેવાનો પણ ચાલ છે.

આવી જેની રસિક જીવનકથા છે એવું આ પંખી હિંદુસ્તાનનું અસલ વતની છે. આપણા ગુજરાતમાં યે એ ઠેરઠેર નજરે પડે છે. માત્ર દક્ષિણ ભારતમાં એનો વાસ નથી. ઊભું વરસ આપણી સાથે રહેનારું. ચોમાસું બેસે કે એનું સંવનન શરૂ થાય. થનગન થનગન નાચતો, શરીર ઝુલાવતો, કોમળ કંઠથી વિચિત્ર અવાજ કરતો એ કાકડિયો કુંભાર તમે બે ઘડી જોઈ જ રહો; જોતાં ધરાઓ જ નહિ. જુલાઈ ઑગસ્ટમાં સાધારણરીતે એનાં ઈંડાં મળી આવે: પ્રાન્તભેદે વહેલાંમોડાં પણ જડે. એનો માળો એટલે ડાંખળી, પાંદડાં કે ઘાસનો નાનો-સરખો ફૂટબૉલ. અંદર લીલાં કુંળાં પાંદડાંની પથારી અને એ ઉપર ત્રણચાર રૂપાળાં ઈંડાં. જાળાંઝાંખરાં, લતાપ્રતાન, વાડ, વેલા કે ઘાસને આધારે કે ઝાડ પર જમીનથી દશબાર હાથ ઊંચાઈમાં આ માળા બાંધ્યા હોય છે.

**પણ** આનાથી યે વધુ રસિક કથા તો ચકદીલની છે. એનું આખું જીવન કાકડિયા કુંભારથી ભિન્ન પ્રકારનું. કાકડિયા કુંભારને રૂપ નથી, રંગ નથી. એની વાણીનો મોહ ભાગ્યે જ કોઈને થાય. એની ચપળતા કે ઉડ્ડયન આંખને ન ગમે. પણ ચકદીલ? ચકદીલ તો સદ્‌ગુણનો સાગર. એની સુડોળ સુકોમળ પાતળી દેહલતા. આછા રંગ અને રૂપજનિત એનું અત્યંત મોહક લાવણ્ય. એનાં સ્ફૂર્તિ અને ઉડ્ડયન વિદ્યુલ્લતાને પણ શરમાવે એવાં ચપળ. અને એથી યે વધુ આકર્ષક તો એની મધુર અને કોમળ વાણીનો અસ્ખલિત પ્રવાહ. સવારે, બપોરે ને સાંજે: જ્યારે જુઓ ત્યારે એ અકુંઠિત સ્વરે ગાતું જ હોય. હળવે હાથે ઉષા ઊગમણી દિશાનું આંગણું કેસરની ગારે લીંપતી હોય, પંખીસમાજ હજી તો ઊંઘમાંથી આળસ મરડતો હોય તેવે વખતે, નભોમંડળને ગજાવતો દૈયડ, મધુર અને કોમળ છતાં બુલંદ કંઠે સંગીત રેલે છે. એ જ વખતે એની સ્પર્ધા કરતો હોય તેમ ચકદીલ એના નાના કંઠે સાદ પૂરે છે. આપણા દેશમાં પંખીઓમાં ગાન્ધર્વરાજ શામા. એનાથી ઊતરતું સ્થાન દૈયડનું. બાકી રહ્યાં અગન, ચંડોળ, પીળક વગેરે. પણ એ બધા સંગીતકારોમાં અનેરૂં સ્થાન ચકદીલનું



શ્વેત કપાળ, ધોળી ભમરો અને પંખા પેઠે
પૂંછડી ઉઘાડવાશ કરનારૂં પંખી તે ચકદીલ

છે. દૈયડના સ્વરની તીક્ષ્ણતા એના અવાજમાં નથી, તેમ તેની પેઠે અવ્યાહતપણે સંગીત રેલવવા પણ એ શક્તિમાન નથી. અગન પેઠે અન્યના અવાજની નકલ કરવાની આવડત પણ એનામાં નથી. છતાં એનું અલ્પ-આયુ ધામું સંગીત અત્યંત મનોહારી તો છે જ. બીજાં પંખી વેળાએ ગાયઃ કોઈ સવારે, કોઇ સાંજે. પણ ચકદીલ તો આખો દિવસ ગાનારૂં. ગાનાં ધરાય જ નહિ. તમે એને સાંભળો. પહેલા જ સ્વરે સુંદર સંગીતના ઉપભોગની લાલસા તમારા હૃદયમાં જાગશે. ત્યાં બીજો સ્વર આવે. તમે મુગ્ધ બનો. ત્રીજો સ્વર આવતાં તમારી ઉત્સુકતા વધશે. ચોથે સ્વરે તો તમે અવની છોડી આકાશમાં વિહરવા લાગો અને . . . પણ ખલાસ. તમારૂં ધ્યાન તૂટયું. જેની અત્યંત આતુરતાથી વાટ જોતા હતા તે પાંચમો સૂર ન જ આવ્યો. નહિ જ. અધવચ્ચે તમે સંગીતના વિશ્વમાંથી ભગ્ન હૃદયે આ અવની પર પડો છો. ચકદીલના સંગીતના ચાર જ સ્વર. ધીરે-ધીરે એ આરંભ કરેઃ ચોથો સ્વર આવતાં એ ઉચ્ચ કંઠે ગાય. અને અધવચ—વીણાના તાર તૂટે એમ—એ સંગીતની ઝરણી અટકી જાય.

એને શોધવા જવું પડે તેમ પણ નથી. એ આપણું હમેશનું પાડોશી. ગીચ ઘટાવાળા લીમડા, વડ, આંબા—જ્યાં ગમે ત્યાં વૃક્ષની ઘટામાં એ ધામા નાખે. વસ્તીનો એને ડર નહિ. માણસના સહવાસમાં યે સુખેથી રહે. આણંદમાં ચરોતર કેળવણી મંડળની પાસે, જ્યાં ધમધમાટ કરતી મોટરો અને ઘોડાગાડીઓ દોડે છે અને માણસોનો અવિરત પ્રવાહ આખો દિવસ વહે છે એવે સ્થળે, જાહેર રસ્તા ઉપર ઝૂકતાં પીપળ અને જાંબુનાં ઝાડમાં એકાદ નહિ પણ ચારપાંચ ચકદીલને ઊડતાં, બેસતાં, જીવડાં પકડતાં મેં જોયાં છે. અમારા 'લેંબુડિયા'ની પાળે પણ એ પાણી પીવા આવે. વાંદરાં, કૂતરાં, કાગડા વગેરેની વચ્ચે બેધડક ફર્યાં કરે. પાણી પીને શાંત ચિત્તે આંખો બંધ કરી ઊભું રહે. અમારા પગ આગળ જ જમીનથી બેએક વેંત ઊંચે પાંખો ફફડાવતું જીવાત પકડતું જાય. આવી એની નીડર મનોવૃત્તિ. એને ઓળખવું પણ સહેલું છે. કોઇ ઝાડ પર તમે 'ચીં' કરતી મીઠી સીસોટી સાંભળો કે ઊંચે નજર કરો. દીવાળીઘોડાને મળતું પણ સહેજ નાનું, ધોળા માથાવાળું, રાખોડી રંગનું પંખી દેખાશે. એની ઊડવાની રીત ઝડપવાળી. ઘડીમાં ઊડે. ઘડીમાં બેસે. ડાળ ઉપર, ડાળની નીચે ફર્યાં કરશે. વારંવાર એની કાળીધોળી પૂંછડી, કાગળના પંખાને કરીએ તેમ ઉઘાડવાશ કરતું હશે. આ ચંચળ પક્ષી તે ચકદીલ

ચકદીલ એટલે **White-Browed Fantail-Flycatcher.** વૈજ્ઞાનિકોનો એ **Rhipidura Aureola.** સંગીતપ્રિય પંખીઓના વર્ગનું એ પંખી. નર ભિન્નજોઃ માદા બીને વાન. નરનું કપાળ શ્વેતરંગી. બંને આંખો પર સફેદ પટી. ભમ્મરો, પીઠ, પાંખો રાખોડી રંગનાં. પાંખોના છેડે સફેદ છાંટણાં. પૂંછડીનાં વચ્ચેનાં પીંછાંના છેડા સફેદઃ બે બાજુનાં પીંછાં આખાં ધોળાં. દાઢી અને ગળું કાળાં. છાતી અને પેટ ધોળાં. આનો પિતરાઇ દૂધરાજ.

માર્ચથી ઑગસ્ટનો સમય એના સંવનનનો હોઇ એ વખતે એની મસ્તી જોર હોય છે. ઘાસનાં તરણાં, પાંદડાંનો ફૂચો વગેરે ભેગાં કરી, નજરે ન પડે તેમ ઝાડની ડાળી પર પવાલા જેવો નાનો પણ સુંદર માળો બનાવે. અંદર કરોળિયાની સુંવાળી જાળ બિછાવી તે પર ત્રણચાર ઇંડાં મૂકે. વરસમાં બે વખત બચ્ચાં આપે.

ખુલ્લાં મેદાનોમાં ઝાડની ઘટામાં રહે. ઘણું જ ખુશમિજાજી અને ચપળ પંખી. કોયલનો ટહુકો દિલ લલચાવનાર છતાં યુરોપિયન પક્ષિવિદોનું માથું પકવે પણ ચકદીલનું સંગીત તો સૌનું દિલ હરનારૂં છે.

# અખાડો

શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ

## જેમાં સુસંહત શરીરની ઝંખનાથી યુવાનો વ્યાયામના અનુભવની આપલે કરે છે.

નિરીક્ષક · શ્રી હરિનારાયણ આચાર્ય

**કરાંચીથી** ભાઇ ઝવેરીલાલ નાગજી પૂછે છે: 'કસરતથી મારૂં શરીર બંધાઇ ગયું છે જેથી મારી ઊંચાઇ વધતી નથી. મારી ૧૮ વર્ષની ઉમર, વજન ૧૧૦ રતલ અને ઊંચાઇ ૫' ૧ ૩/૪' છે. એ બધું ધ્યાનમાં લઇને અત્યારે એવી કઇ કસરત કરવી કે જેથી વધારેમાં વધારે એક વર્ષની અંદર મારી ઊંચાઈ ૩ થી ૪ ઇંચ વધી શકે. તેટલું ન થઇ શકે તો ઓછામાં ઓછી ૨ ઇંચ સુધી વધે. ઊંચાઇ વધવાની ઉમરની મુદત વિષે પણ ઘણા મતો છે; તો સાચું શું તે જણાવશો.'

**ઉત્તર**

હું કોઇને નિરાશ કરવા નથી માગતો, પણ સાચેસાચું કહું તો એવો—ઇચ્છા પ્રમાણે ઊંચાઇ વધારવાનો—કોઇ પણ અમોઘ ઉપાય હજુ અસ્તિત્વમાં આવ્યો નથી. આજે ઊંચાઇ વધારવાનાં અનેક સાધનો અને વ્યાયામપદ્ધતિઓ (તથા કેટલીક દવાઓ)નો ખૂબ ફેલાવો થાય છે; પરંતુ એની પાછળ એ સાધનોની સફળતાના તત્ત્વ કરતાં ભારે ખરચે કરાતી પ્રસિદ્ધિ—આકર્ષક જાહેરખબરોનું જ બળ હોય છે. આમ લખવાનો મારો આશય કોઇ પણ વ્યાયામપટુની નિંદા કરવાનો નથી. માત્ર ઊંચાઇ વધારવાનાં સાધનો પાછળ ભમતા યુવાનોના—અને પાશ્ચાત્ય દેશોમાં તો યુવતીઓના પણ—ભોળપણનો જે અઘટિત લાભ લેવાય છે તે દર્શાવવા પૂરતું જ આમ કહું છું. આવાં સાધનો ઊંચાઇ વધારવાના પ્રયત્ન પૂરતાં જ દર્શાવવામાં આવતાં હોય તો એમાં વાંધાપડતું કશું જ નથી. પરંતુ જ્યારે અમુક સાધનોથી ઊંચાઇ નિ:સંદેહ વધશે જ અને તે પણ પ્રત્યેક વ્યક્તિની ઇચ્છા પ્રમાણે—એવી ગપ મારવામાં આવે છે, ત્યારે એનો વિરોધ કરવો અનિવાર્ય છે. જો મનસ્વીપણે ઊંચાઇ વધારી શકાતી હોય તો એવી ચાવીવાળો મનુષ્ય આજે દુનિયામાં કુબેરભંડારી જેવો ધનપતિ જ બની ગયો હોય. કારણ માણસમાત્ર શારીરિક સુંદરતાનાં તત્ત્વોમાં ઊંચાઇને પ્રથમ સ્થાને મૂકે છે. શરીરના સ્નાયુઓ ભલે નિર્બળ હોય, સ્વાસ્થ્ય ભલે સામાન્ય પ્રકારનું હોય, પણ યોગ્ય ઊંચાઇ હોય તો ચાલે. તેમજ ગમે તેવા બળવાન, સ્નાયુબદ્ધ શરીરવાળા કે પૂર્ણતયા સ્વસ્થ પ્રકૃતિવાળા પુરુષને પણ પોતાની સુંદરતાનું વ્યાઘાતક કોઇ તત્ત્વ લાગતું હોય તો તે યોગ્ય ઊંચાઇનો અભાવ અર્થાત્ ઠીંગણાપણું જ છે. એટલે ઊંચાઈ વધારવાનો પ્રયત્ન કરનાર ઠીંગણા મનુષ્યો જાહેરખબરિયાં સાધનોની બડાઇથી છેતરાય તો તેમાં તેમનો વાંક નથી, પણ ખોટી આશા આપનાર વ્યાયામપટુઓ જ સંપૂર્ણ દોષપાત્ર છે.

માણસની ઊંચાઇ એના પગનાં હાડકાં તથા બરડાની કરોડ પર મુખ્ય આધાર રાખે છે. ૨૦—૨૫ વર્ષની ઉમર સુધી માણસ વધે છે. એ પછી એની ઊંચાઇમાં વધારો થતો નથી. ક્વચિત્ કોઇ વધતા હોય તો ભારે અપવાદ રૂપે જ. એટલે ૨૫ વર્ષનું વય થાય ત્યાં સુધીમાં ઊંચાઇ વધવામાં જો કોઇપણ પ્રત્યવાય હોય તો તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. વળી કોઇ વખત હાડકાંનાં પોષક તત્ત્વોવાળા ખોરાકની અપૂર્ણતા પણ કારણભૂત હોય. ક્વચિત્ શ્રમના અતિરેકને લીધે પણ માણસની ઊંચાઇ વધતી અટકે છે. આ અને આવાં અન્ય કારણોનું જ્યાં સુધી પૂરૂં અન્વેષણ ન થાય ત્યાં સુધી ઊંચાઇ અટકાવનાર આ જ છે અને એ નિરોધક તત્ત્વ દૂર કરવાનો આ જ અમોઘ ઉપાય છે, એમ કહેવું એ અજ્ઞાન જ છે. છતાં આવી મૂર્ખતા કરનાર ધૂર્ત વ્યાયામપટુઓ ગરજવાન જનતાને ખૂબ ઠગી રહ્યા છે એ શોકની વાત છે.

ઊંચાઇ વધારવામાં મુખ્યત્વે જે અંગો સહાય કરે છે તે બે જ: પગના નળા અને કરોડ. એક વખત હાડકાંના અણુઓ પરિપક્વ થયા પછી એનું ઘડતર લગભગ અશક્ય છે. છતાં ક્વચિત્ પુષ્કળ—એટલે સહેલાઇથી પચી શકે તેટલા પ્રમાણમાં—દૂધનો આહાર રાખવાથી અગર તો જેમાં ચુના calssiumનું પ્રમાણ વધારે હોય તેવા પદાર્થો ખાવાથી હાડકાંના વિકાસને મદદ મળે છે. પણ એકંદર રીતે ૨૫ વર્ષની ઉમર પછી પગનાં હાડકાં લાંબાં કરવાં એ અસંભવિત તો નહિ પણ અશક્ય તો છે જ. માત્ર જે ઉપાય કરવાથી ઊંચાઇ

વધારવાનો સહેજ પણ અવકાશ હોય તેવી ક્રિયા બરડાની કરોડને લગતી છે. અહીં એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે કરોડને કેળવવાથી જો ઊંચાઇમાં વધારો કરી શકાય તો એકબે ઇંચ જેટલો જ. આ માર્ગે અર્થાત્ ૨૫ વર્ષનું વય થયા પછી વ્યાયામથી ચારપાંચ ઇંચની ઊંચાઇ વધારવાની આશા વ્યર્થ છે. માણસના જ્ઞાનતંતુઓ મગજમાંથી જે રાજમાર્ગે નીકળે છે તેને કરોડરજ્જુ કહી શકાય. આ 'રજ્જુ'ના સંરક્ષણ અર્થે એને ચોપાસ ઘેરી લેનાર હાડકાંના નાના ટુકડા (Vertibra) ની ઊભી હાર હોય છે. આ હારમાં બબ્બે હાડકાની વચ્ચે એક એક એવી નરમ માંસપેશી (Cartilage) આવેલી છે, જેને લીધે માણસનો બરડો ગમે તેમ આગળપાછળ, વાંકોચૂંકો વાળવામાં આવે તો આખો કરોડરજ્જુ વગર ઇજાએ મરડી શકાય. જો આ માંસપેશીને સીધી અસર કરે એવો જ કોઇ વ્યાયામ કરવામાં આવે તો એ પેશીઓ લાંબી થઈ શકે, જેને લીધે માણસની ઊંચાઇમાં પણ કંઈક પ્રમાણમાં વધારો કરી શકાય. છતાં આવો વધારો ભાગ્યે જ ૧–૨ ઇંચથી વધારે થઇ શકે. વળી આપણને સામાન્યરીતે સીધા ચાલતાં કે ઊભા રહેતાં આવડતું નથી, એટલે કે અંગ લટકતાં રાખી ધડને આગળ નમાવી, લથડતે પગલે ચાલવાથી માણસ હોય એના કરતાં સહજ નીચો દેખાય છે. પણ જો માણસ લશ્કરી સિપાઇની પેઠે સીધો સોટા જેવો ટટાર ચાલે તો એની ઊંચાઇમાં સહેજ વધારો દેખાય એ સ્વાભાવિક છે. અને આવો વધારો એકાદ ઇંચ જેટલો પણ થાય.

આ પરથી એટલો નિષ્કર્ષ નીકળે છે કે પગના નળા લંબાવવા એ અત્યંત અઘરૂં અને અચોક્કસ કાર્ય છે, પણ કરોડને રસ્તે ઊંચાઇ વધારવાનો ઉપાય અજમાવવા જેવો છે. આ ઉપાયનાં સાધન–ઉપકરણોમાં, જે કસરતોથી બરડાના સ્નાયુ કેળવાતા હોય—ખાસ કરીને જે વ્યાયામની અસર સીધી કરોડ ઉપર થતી હોય એટલે કે જેનાથી કરોડ ખેંચાય—એનો સમાવેશ થઇ શકે. આવી કસરતોમાં સિંગલ બાર, ટ્રેપીઝ, રોમન રિંગ્સ, મલખમ, તરવું વગેરે મુખ્ય છે. ખાસ કરીને માણસ જો દરરોજ થોડીક ક્ષણ આડા લાકડા ઉપરથી બે હાથે અદ્ધર ટંગાઇ રહેવાનો પ્રયોગ કરે તો ઊંચાઇ વધારવામાં ખૂબ મદદ મળશે. આવી કસરત આસ્તે આસ્તે કરવી જોઇએ. એક સામટી કરી નાખવાથી કરોડને જોઇએ તેવી મદદ મળતી નથી અને ક્વચિત્ નુકસાન પણ થાય છે. શરૂઆતમાં બેત્રણ મિનિટ લટકાઇ રહેવું. જેમજેમ સ્નાયુઓ શ્રમસહ બને તેમતેમ વધતા જઇ આશરે પાંચ મિનિટ સુધી પહોંચવું. આટલું સરળતાથી થઇ શકે એટલે સમયમાં વધારો કરવો. પણ એથી યે સારૂં તો સમય ૩ થી ૫ મિનિટનો રાખી પગે વર્જનિયાં લટકાવવાં એ છે. આ પ્રયોગ ખૂબ ધીરેથી વિચારપૂર્વક કરવાનો છે. વળી વિવિધ પ્રકારનાં આસનો કરવાથી પણ ઊંચાઇમાં થોડો વધારો થઇ શકે. અર્થાત્ જે કસરતોમાં શરીરને તણાવું પડે તે ઊંચાઇમાં વધારો કરનારી છે, એ તત્ત્વ ધ્યાનમાં રાખી વ્યાયામપદ્ધતિઓ યોજવી.

યોગ્ય પ્રમાણમાં ઊંચા થવું એ સ્પૃહણીય અને સ્તુત્ય વિચાર છે; પણ આમ ઊંચાઇ વધારવા પાછળ જ એકાગ્ર થવા કરતાં, શરીરનો સંપૂર્ણ—પોતાની ઊંચાઇના પ્રમાણમાં—વિકાસ સાધવાનો પ્રયત્ન કરવો એ અત્યંત ઇષ્ટ વાત છે. ઊંચાઇ પૂરતી ન હોય એમાં એકલાં શારીરિક કારણોનો વાંક નથી, પણ માતાપિતાનાં શરીરની સ્થિતિ, એમની ઊંચાઇ, પેઢી દર પેઢી ઊતરી આવતી ઊંચી વ્યક્તિઓનું પ્રમાણ, દેશકાળ, આહારવિહાર, જીવનવ્યવસાય વગેરે અનેક ઉપકારક કારણો હોય છે. આ બધાં કારણોનું સંશોધન કે વિચાર પ્રત્યેક વ્યક્તિને સુલભ કે સુખસાધ્ય નથી, એટલે એ બધાં અન્વેષણોની પંચાતમાં ન પડતાં, છે એ શરીરને દૃઢ કરવાનો અને સંપૂર્ણ ખીલવવાનો પ્રયત્ન કરવો એ અત્યંત શ્રેયસ્કર છે એમ હું માનું છું. યોગ્ય ઊંચાઇનો અભાવ કોઇપણ રીતે હાનિકર્તા નથી. ચીના, જાપાનીઓ, કંઇક અંશે મદ્રાસ અને બંગાળના વાસીઓ, ઉત્તર ભારતના હિસાબે નીચા જ ગણાય. છતાં બીજી રીતે પૂર્ણ મનુષ્ય હોવાથી આટલી ઊણપથી એમને શરમાવાનું કે પસ્તાવાનું નથી હોતું. માત્ર ઊંચી સ્ત્રીની સાથે સરખામણીમાં પુરુષની નીચી બાંધણીથી જરા ક્ષોભ થાય છે. પણ આવી અસમાનતાનો પ્રતિકાર સરળ નથી, એટલે એ ભાંજગડ છોડી દઇ શરીરને સર્વાંગે ખીલવવામાં જ ડહાપણ છે. આ સાથેનાં ચિત્રો જુઓ. એ પાશ્ચાત્ય દેશના વાસી છે. છતાં એમાંનો કોઈ ૫' ૬" થી ઊંચો નથી. એમનાં સર્વાંગ સંપૂર્ણ વિકસિત


શરીરને લીધે માત્ર ચિત્ર પરથી તો એમની ઊંચાઇ પણ ૬ ફૂટ જેટલી જ લાગશે. એમનાં વજન પણ સાડાત્રણ મણ જેટલાં છે, છતાં જગતમાં શરીરના વજનથી બમણું વજન બે હાથે માથા પર ઊંચું કરી શકનાર જે માત્ર પાંચ જ વ્યક્તિઓ છે, તેમાંની આ ત્રણ. ઊંચાઇ પાછળ મિથ્યા વલખાં મારનાર યુવાન –યુવતીને આ ઉપરથી ઓછું પ્રોત્સાહન મળશે?

છેવટે એક સ્પષ્ટીકરણની જરૂર છે. ખૂબ કસરત કરવાથી ઊંચાઇ નથી વધતી, એ વાત કંઇક અંશે જ સાચી છે. આપણા દેશી પહેલવાનો નાનપણથી જેટલો ભારે વ્યાયામ કરે છે તેનો શતાંશ શ્રમ પણ આજનો યુવાન કરતો નથી. છતાં આવા પહેલવાનોની ઊંચાઇ કુંઠિત થઇ હોય એમ દેખાતું નથી. એમાંનો ભાગ્યે જ કોઇ પા'થી નીચો હશે. એટલે ઊંચાઇ અટકવામાં કેવળ કસરતને જ કારણભૂત લેખવી એ ન્યાય્ય નથી. વળી ઊંચાઇ વધવામાં સહાયભૂત જે સાધનો ઊપર દર્શાવ્યાં છે, તે નિયમિત કરવા છતાં ઊંચાઇ ન વધ્યાના દૃષ્ટાન્ત પણ ઘણા છે. કારલેકરના સર્કસમાં રોમન રિંગ્સ પર અદ્‌ભુત કામ દેખાડનાર યુવાન મલ્લ બેગનરાજને જેણે જોયો હશે તેને આ વાત તરત સમજાશે. આખા ભારતવર્ષમાં જેની છાતી, ખભા, ભુજા, પીઠ, વગેરેના સ્નાયુઓનો વિકાસ સર્વોત્કૃષ્ટ ગણાય છે, એવો આ યુવાન ભાગ્યે જ પા' હશે. એટલે ઊંચાઇ ઘટાડવામાં કે વધારવામાં વ્યાયામના અતિરેક કે અભાવને જ કેવળ કારણ ગણવું એ ઠીક નથી. મારા મતે, આપણે ઊંચા હોઇએ કે નીચા; પણ સર્વાંશે સંપૂર્ણ ખીલેલા સુન્દર શરીરવાળા 'મર્દ' બનીએ—એ જ લક્ષ્ય દરેક ઉત્સાહી યુવાનનું હોવું જોઇએ. 'તાડના ત્રીજા ભાગ' જેટલા વધીને, 'બહોત લંબા બેવકુફ' કહેવડાવવાનો જેમને શોખ હોય તેમની વાત જુદી છે.

## એક સૂચના

દર વરસની પેઠે આ સાલ પણ ગુજરાતમાં ચાર વ્યાયામવર્ગો ભરાયા: ચરોતર એડ્યુકેશન સોસાએટીના આશ્રયે આણંદમાં, મહેસાણા પ્રાન્ત વ્યાયામ મંડળનો શેરથામાં, કાઠિયાવાડ વ્યા. પ્ર. મંડળનો ચોરવાડમાં અને સ્ત્રીઓ માટે સ્વતંત્ર વર્ગ અમદાવાદના શારદામંદિરમાં. આ સ્પૃહણીય પ્રવૃત્તિનો માણેકથંભ રોપવાનું પુણ્ય મદ્રાસની વાય.એમ.સી.એ. ને ઘટે છે. એના અનુકરણમાં અને મોટેભાગે ત્યાંના કેળવાએલા સંચાલકોથી આપણા વર્ગો ચાલે છે, એટલે બધાની કાર્યપદ્ધતિ લગભગ એક જ સરખી છે. આવા વર્ગોનું ધ્યેય એક જ છે: શિક્ષકોને કેળવવાનું. એટલે વ્યક્તિગત વિકાસ (=શિક્ષણ લેવા આવનાર વ્યક્તિના શરીરના સ્નાયુવિકાસ)ને એમાં સ્થાન નથી હોતું. હોય તો અત્યંત ગૌણ રૂપે. એ અભ્યાસક્રમમાં પ્રેક્ષણીય તત્ત્વ પ્રધાન હોય છે એટલે લાઠી, ડ્રિલ વગેરે સાંઘિક વ્યાયામનો પરિચય મેળવી તાલીમ લેનાર અભ્યાસકો આવા શિક્ષણના બળે વ્યાયામશાળાઓના 'સંચાલકો' થઇ શકે છે (હમણાં જ એક વ્યાયામવર્ગના પૂર્ણાહુતિના સમારંભમાં પ્રમુખે કહ્યું તે પ્રમાણે આ બધા 'એસ' કરી શકે છે!), પણ આદર્શ શરીરવાળા પૂર્ણ મનુષ્યો બની શકતા નથી. એટલે જેમનાં પોતાનાં જ શરીર કેળવાએલાં નથી, એવા સંચાલકો વ્યાયામેચ્છુઓને શી પ્રેરણા આપવાના? મને કેટલાક વ્યાયામવર્ગોનો પરિચય છે. ત્યાં લાઠી વગેરે અત્યંત સ્ફૂર્તિ અને પ્રાવીણ્યથી કરી શકનાર ઉત્સાહી યુવાનોને પણ આવા શરીરવિકાસના શિક્ષણનો અભાવ—ઊણપ ખૂબ સાલે છે એમ હું જોતો હતો. અહીં શિક્ષણ લેવા આવનાર યુવાનોનાં શરીર નિર્બળ, બેડોળ અને દુબળાં હતાં, છતાં એના વિકાસ તરફ રજ પણ ધ્યાન અપાતું ન હતું. અને આવું ધ્યાન આપવાનો સંચાલકોને અવકાશ પણ નહોતો. કારણ આવા વર્ગોમાં એટલી બધી વસ્તુઓ એટલા પરિમિત સમયમાં શીખવવામાં આવે છે કે દરેકદરેક અભ્યાસક આટલું બધું શી રીતે યાદ રાખી શકતો હશે એની પણ મને તો નવાઇ લાગે છે.

હું આવું શિક્ષણ પામ્યો નથી, એટલે કદાચ આ બધું હું સમજી ન શકતો હોઉં. એટલે મને આ વર્ગોના સંચાલકોને સલાહ આપવાનો અધિકાર નથી. પણ એક વ્યાયામપ્રેમી તરીકે એમને વિજ્ઞપ્તિરૂપે સૂચના કરું તો એમાં કાંઇ ખોટું નથી. એ આવા વર્ગો ભલે ચલાવે, —હું પોતે પણ આવો એક વર્ગ દર સાલ ભરવામાં કારણભૂત થાઉં છું—પણ આ વર્ગની સાથે જ બીજો એક વર્ગ કેવળ શરીર ખીલવવાના શિક્ષણ પૂરતો જ ભરવો જોઇએ. એકાદ મહિનાનો અભ્યાસક્રમ રાખવો. એમાં સોળ વર્ષની વયથી નાના વ્યાયામેચ્છુઓને દાખલ ન

ડાબી બાજુ : જ્યૉર્જ હેકેન્શ્મિડ; ઉપર : મસલ કૉન્ટ્રોલનો સ્વામી મૅક્સિક; નીચે (ડાબી તરફ): ૫૫ વર્ષે પણ અદ્ભુત સ્નાયુવિકાસ ધરાવનાર ઑટો આર્કો.



કરવો. અભ્યાસ કરાવવામાં વિવિધતા (Extensive)ના તત્ત્વ કરતાં તલસ્પર્શીત્વ (Intensive) ઉપર વધારે ધ્યાન આપવું. આવો, કેવળ સ્વસ્થ–સુંદર–શક્તિશાળી શરીર કેળવવાનો અભ્યાસક્રમ આ પ્રમાણે ઘડી શકાય:

(૧) સંપૂર્ણ સ્વાસ્થ્ય ઘડવાની મુખ્ય વ્યાયામપદ્ધતિઓ—જેમાં પ્રાણાયામ, આસનો, વગેરેનો સમાવેશ કરાય—નું સાંગોપાંગ જ્ઞાન.

(૨) શરીરના સ્નાયુઓનાં હલનચલન તથા તેમના વિકાસથી બાહ્ય દેખાવ ઉપર જે અસર થાય તેનું જ્ઞાન. જેથી શીખનાર પોતે અવસર આવ્યે પ્રાપ્ય સાધનો દ્વારા સ્નાયુઓની ક્રિયાના જ્ઞાનથી નવી કસરતો ઉપજાવી શકે.

(૩) પ્રત્યેક પ્રકારની વ્યાયામક્રિયાની શરીરયંત્ર પર આંતર–બાહ્ય શી અસર થાય છે, તથા પ્રત્યેક વ્યક્તિના શારીરિક બંધારણને અનુસરી એ વ્યાયામ પદ્ધતિ એને અનુકૂળ નીવડશે કે નહિ, તેનો વિચાર.

(૪) આહારવિહારના શાસ્ત્રનો પરિચય

(૫) સ્નાયુવિકાસની સર્વોત્કૃષ્ટ વ્યાયામ પદ્ધતિઓનું શાસ્ત્રીય શિક્ષણ. આના ત્રણ વર્ગ પાડી શકાય: (अ) દંડ, બેઠક, મલખમ, ભારે જોડી અને કુસ્તી. આ પ્રત્યેકના અનેક પ્રકાર છે; તેથી તેમાંથી મહત્ત્વના ચૂંટી કહાડીને જ શીખવવા; (आ) વેઇટ-લિફ્ટિંગ અને મસલ કૉન્ટ્રોલ; (इ) જિમ્નૅસ્ટિક્સ.


(૬) આત્મરક્ષણ અર્થે તથા સ્ફૂર્તિ કેળવવા જ્યુજિત્સુ, બૉક્સિંગ, મલખમ વગેરેનું આવશ્યક જ્ઞાન. પ્રેક્ષણીય છતાં આત્મરક્ષણ અર્થે જરૂરી લાઠી.

એક મહિનામાં માર્ગદર્શન પૂરતો આટલો અભ્યાસ સારી રીતે કરાવી શકાય. પછી જે વ્યાયામમન્દિરમાં એક સંચાલક અને આવો એક શરીર કેળવનાર ભેગા થાય ત્યાં બીજા કશાની યે ઊણપ ન રહે અને પ્રચંડકાય સુન્દર તેજસ્વી ગૂજરાતીઓ સરજી શકાય.

કરોડેક વરસ પર કોઇ અકસ્માતથી દરિયામાં ગરક થઇ ગએલો ખંડ

# ગૉન્ડવાનાલૅન્ડ

જેમાં દક્ષિણ અમેરિકા, આફ્રિકા, હિંદ ને ઑસ્ટ્રેલિયા એકરૂપે જોડાએલા હતા.




ગૉન્ડવાના લૅન્ડ—જેનું નામ મધ્ય હિંદના ગૉન્ડવા ગામના આધારે કલ્પાયું છે

આપણી સામાન્ય માન્યતા છે કે પૃથ્વી પહેલાં નવખંડી હતી, એટલે આજના પાંચ ખંડના અસ્તિત્વ તરફ જોતાં બાકીના ચાર ખંડો મહાસાગરની તાંડવલીલા નીચે લુપ્ત થયા છે. ખંડ વિષેની આપણી એ પૌરાણિક માહિતી ભલે ગમે તે રીતે ઘડાઈ હોય, પરંતુ આજે પશ્ચિમના ભૂસ્તરશાસ્ત્રીઓએ નક્કી કર્યું છે કે પૃથ્વીનો એક મોટો ભાગ લાખો વરસ પહેલાં સમુદ્રની નીચે દફનાઇ ગયો છે.

એ અકસ્માત કેમ અને કયારે થયો તેની માહિતી નથી; પણ કલ્પના કરતાં એટલું જણાય છે કે એ પહેલાં દક્ષિણ અમેરિકા, આફ્રિકા, હિંદ અને ઑસ્ટ્રેલિયા જોડાએલા હતા. કુદરતના કોઇ ભયંકર કોપને લીધે જમીનના ખૂબ મોટા વિસ્તાર ઉપર હિંદી મહાસાગરનાં પાણી ફરી વળ્યાં, અને વચ્ચેનો એ ભાગ સમુદ્રમાં ગરક થતાં દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને હિંદનો પરસ્પરનો સંબંધ તૂટીને સૌ જુદાજુદા બની ગયા અને મહાસાગરનું એક રીતનું નડતર આ દેશો વચ્ચે આવી પડ્યું. આ બધી વાત બહુ જ રસિક છે.

ગરક થએલા એ ખંડના અસ્તિત્વ વિષેની કલ્પના શોધખોળ કરનારા વિદ્વાનોને દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને હિંદના કેટલાક ભાગોના પથ્થરો પર અમુક વિચિત્ર ને અજાણ્યા વર્ગનાં પાંદડાંઓની છાપ (એટલે ફૉસિલ, જેની સમજૂતી આગળ આપી છે)ના મળતાપણા ઉપરથી આવી. ઝરીઆ કે રાણીગંજની ખાણોમાં કોલસાની બરોબર ઉપરના પથ્થરો પર આજ પણ પાંદડાંઓની છાપ નજરે પડે છે. તે જ પ્રમાણે દક્ષિણ અમેરિકા કે આફ્રિકાની ખાણોના પથ્થરો ઉપર પણ આવી એકસરખી જ છાપ—જરા પણ ફેર વગરની—મળી આવે છે, એટલું જ નહિ પણ આ કોલસાઓ અને બીનાં ખનીજોમાં પણ પુષ્કળ સરખાપણું નજરે પડે છે. (નહિતર દેશદેશનાં ખનીજોમાં, ખનીજના બંધારણના વખત પ્રમાણે તફાવત હોય છે. દાખલા તરીકે હિંદુસ્તાન અને ઇગ્લંડના કોલસા વચ્ચે ખૂબ ફેર છે.) ખૂબ સૂક્ષ્મતાથી આ છાપની પરીક્ષા કરતાં જણાઈ આવ્યું છે કે આ પાંદડાંઓ અને એમનાં ઝાડો આજે અસ્તિત્વમાં જ નથી. એ વૃક્ષો એક પ્રકારના હંસરાજ (ફર્ન)ને મળતાં આવે છે, અને જે પથ્થરો ઉપર આ છાપ મળી આવે છે એ પથ્થરોનો બંધારણનો યુગ 'પર્મીઅન' યુગ (Permian age) છે એટલેકે આ વૃક્ષો અને પથ્થરો બે કરોડ વર્ષ પૂર્વે અસ્તિત્વમાં હતાં. આ પાંદડાંઓ 'ગ્લોસોપ્ટેરીસ' (Glossopteris) નામથી ઓળખાય છે. આ યુગ દરમ્યાન જે અતિશય ભીનાશવાળી અને અનુકૂળ આબોહવા હતી તેને લીધે એવાં પાંદડાંઓવાળી વનસ્પતિ ખૂબ ફૂલતીફાલતી.

આ ઝાડો ઊગતાં એમનાં ઉપરનાં પાંદડાં ખરી પડતાં, ત્યાં જ ફરી બીજાં ઝાડો ઊગતાં, ને એ પ્રમાણે સેંકડો વર્ષો સુધી સૃષ્ટિચક્ર ચાલ્યા કર્યું. કાલક્રમે ખરી પડેલાં એ પાંદડાંઓ ઉપર જમીન કે રેતીના થર ચઢયા. ધીમેધીમે દબાણથી એ જ જમીન કે રેતીના પથ્થર બન્યા. પણ આ બધા વખત દરમ્યાન પાંદડાંના અંગાર

(સેલ્યુલોઝ) અને રેતી (સીલીકૉન) વચ્ચે રાસાયણિક ક્રિયા શરૂ થઇ અને જેમ ત્રાંબાના ઘાટને સુવર્ણના દ્રાવણમાં મૂકીએ તો વિદ્યુતની ક્રિયાથી ત્રાંબા ઉપર સોનાના અણુઓ દ્રાવણમાંથી છૂટા થઇને ચડે છે અને એટલા જ અણુઓ ત્રાંબાના ઘાટ ઉપરથી નીકળી જઇ દ્રાવણમાં પ્રવેશે છે, તેમ અંગારના (કાર્બન) અને રેતીના અણુઓ પરસ્પર બદલાયાં અને એ રીતે આ વિચિત્ર પાંદડાંઓની છાપ પથ્થર ઉપર સજ્જડ થઇ તથા વિજ્ઞાનશાસ્ત્રીઓ માટે ભૂતકાળના ઇતિહાસરૂપ થઈ પડી. આ છાપ તે ફૅાસિલ. આફ્રિકા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને હિંદ જેવા આટલે આટલે લાંબે અંતરે આવેલા દેશોમાંથી મળી આવતાં આવાં પુરાણાં ફૅાસિલો વચ્ચે જે સરખાપણું દેખાય છે તે પરથી આ દેશોને જોડતો કોઇ એક મોટો દેશ હોવાની કલ્પના પુરાતત્ત્વવેત્તાઓએ કરી છે અને એ રીતે દક્ષિણ અમેરિકા તેમજ આફ્રિકા વચ્ચે એક ભાગ, આફ્રિકા અને હિંદ વચ્ચે બીજો ભાગ અને હિંદ તથા ઑસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજો ભાગ એમ ત્રણ ભાગ તેના હોવા જોઇએ એમ તેઓ માને છે. તેમની આ માન્યતાના ટેકામાં એક દલીલ છે કે એ યુગમાં પક્ષીઓ હજી અસ્તિત્વમાં આવેલાં નહિ. એટલે આ ઝાડોનાં બીઆં એક દેશથી બીજે દેશ લઇ જવાનો તેમનો સંભવ પણ નથી. પ્રાણીસૃષ્ટિમાં એ વેળા હતી ફક્ત માછલીઓ અને બીજાં થોડાં સમુદ્રનાં જળચર પ્રાણીઓ. પણ આ પ્રાણીઓ કાંઇ ઝાડનાં બીઆં સમુદ્રપાર ન લઈ જઇ શકે. આ ઉપરથી સાધારણ અનુમાન કરી શકાય કે આ દેશોને જોડતો એક મોટો પ્રદેશ હોવો જોઇએ. એ ગુમ થએલો ખંડ તે ગૉન્ડવાના લૅન્ડ. એ કેવડો હોઈ શકે એનો ખ્યાલ મથાળે નકશામાં બતાવેલા ટપકાંટપકાંવાળો ભાગ જોવાથી આવશે.

આપણી હાલની સૃષ્ટિનું (એટલેકે જે વનસ્પતિ, પ્રાણીઓ, પક્ષીઓ અત્યારે દુનિયા ઉપર છે તેનું હાલનું) રૂપ જુદાજુદા નિરંતર થતા ફેરફારો(Evolvtion)થી ઘડાએલું છે. આપણે આજે જે પ્રકારનાં પ્રાણીઓ જોઇએ છીએ એવાં હજારો વર્ષ પૂર્વે હતાં જ નહિ. એ વખતની વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ તદ્દન જુદી અને વિચિત્ર હતી. જીવન (Life)નો પ્રારંભ પૃથ્વીના નિર્માણ પછી હજારો વર્ષે વનસ્પતિની શરૂઆતથી થયો. એ વખતે કોઇપણ પ્રકારનાં પ્રાણીઓ ન હતાં. ધીમેધીમે નાના જીવોની શરૂઆત થઇ. પછીથી એ જ નાના જીવો મોટા અને મોટા થતા ગયા અને ખાસ કરીને જે વખતે આ ચાર દેશો જોડાએલા હતા એ સમયનાં પ્રાણીઓ અત્યંત રાક્ષસી કદનાં હતાં. ઘણાઓએ સીનેમા-ફિલ્મોમાં અને થોડાંક માસિકોમાં આવાં પ્રાણીઓનાં ચિત્રો જોયાં હશે. આ અંકની-માધુકરીમાં આજથી અઢી કરોડ વરસ પહેલાંનાં એવાં પ્રાણીઓનાં હાડકાં ઉપરથી પુનર્નિર્માણ કરેલા એક પ્રાણીનું ચિત્ર, માણસ, હાથી તથા જિરાફની સરખામણીમાં આપેલું છે; તેમજ એના જેવાં જ પાછળના સમયનાં પ્રાણીઓનાં ચિત્રો આ લેખ સાથે આપેલાં છે.

વખતે આશ્ચર્ય થશે કે આટલાં લાખો વર્ષો પૂર્વેનાં પ્રાણીઓ વિષે આજે આપણે કેમ જાણી શક્યા? એમનાં શરીર તો ક્યારનાં યે નષ્ટ થયાં હશે. અને વાત પણ ખરી છે. એ પ્રાણીઓનાં મૃત શરીર તો આજે શાનાં હાથ આવે? પણ ઘણીવાર એમનાં શરીરોની છાપ (ફૅાસિલ) આજુબાજુના પૃથ્વી--પ્રદેશ ઉપર રહી જાય છે, અને એ છાપ કેટલીકવાર સચોટ હોય છે. ઘણીવાર આ છાપ આખા શરીરની નથી પણ હોતી, છતાં આપણે સબળ કારણોને લીધે એ પ્રાણીનું ચિત્ર આપણાં ચક્ષુ સમક્ષ જરૂર ખડું કરી શકીએ; અને એ રીતે જ ઘણી વાર ફક્ત પગનાં હાડકાંની કે દાંતની જ મળી આવેલી છાપ ઉપરથી વિજ્ઞાનશાસ્ત્રીઓએ એ વખતનાં પુરાણાં રાક્ષસી પ્રાણીઓનાં ચિત્રો ખડાં કર્યાં છે અને એ રીતે એ પ્રાણીનું કદ, વજન, તેનો પ્રકાર તેનો ખોરાક એના શરીરની ફેવાટી વગેરે ઘણી વાતો પ્રાણીશાસ્ત્રની મદદ વડે કલ્પીને ખડી કરી છે. આ કલ્પના ખોટી હોવાનો બહુ જ ઓછો સંભવ રહે છે. થોડા જ વખત પૂર્વે જબલપુરની પાસે એક ખોદાણની નીચે મળી આવેલી હાથીદાંતની એક છાપ (ફૅાસિલ) પથ્થર ઉપર ૧૭ ફૂટની હતી: એ પથ્થર કેવા પ્રકારનો હતો વગેરે તપાસવાથી એ હાથી કેટલાં વર્ષ પૂર્વે એ પ્રદેશમાં રહેતો હોવો જોઇએ તેમજ એ કેટલો મોટો હશે તે વિષે, તેમજ એ હાથી હતો માટે ત્યાં જરૂર જંગલ હોવાં જોઇએ, એ જંગલની હાથીને લાયકની વનસ્પતિ ત્યાં ઊગતી હશે અને એનું કદ તથા પ્રકાર અમુક પ્રકારનાં હશે વગેરે ઘણી વાતો કલ્પનાથી નિર્માણ કરી શકાય.


આ રીતે જ આવાં વિચિત્ર પાંદડાંઓની પથ્થર ઉપરની છાપ ઉપરથી વિજ્ઞાનશાસ્ત્રીઓએ આ ગુમ થએલો ખંડ માણસની હયાતી પહેલાં હોવો જોઇએ એવું ચોક્કસ શોધી કાઢ્યું છે.


આ શોધ માટે દરેક દેશના વૈજ્ઞાનિકો પ્રયત્ન કરી રહ્યા હતા. ઇંગ્લંડમાં આને માટે એક ખાસ મંડળી 'John Murray Expedition' ઊભી કરવામાં આવી હતી, અને એમના પ્રયાસોને પરિણામે ત્રણ મોટીમોટી પર્વતમાળાઓની શોધ થઇ છે. એવી એક ૯૦૦૦ ફૂટ ઊંચી પર્વતમાળા અરબી સમુદ્રમાં આજે લાંબી થઇને સૂતી છે; લગભગ બે કરોડ વરસ પૂર્વે આ જ પર્વતો યુરોપના આલ્પ્સ કે આપણા હિમાલયની માફક ગગનને ચૂમતા હતા. પણ એકાએક કુદરતનો કોપ ફાટી ઊઠ્યો અને વરુણદેવે પોતાનું સામ્રાજ્ય એ વિશાળ અને રસકસ વાળી જમીન ઉપર સ્થાપ્યું. એ ખંડોની આ અવ્યવસ્થા કોઇ મોટા ધરતીકંપથી કે મોટા જ્વાળામુખીઓના ફાટવાથી થઇ કે બીજા કોઇ ઉલ્કાપાતથી એ કારણ હજુ નક્કી કરી શકાયું નથી. પણ આ ભયંકર બનાવ લગભગ એકાદ કરોડ વરસો પૂર્વે ક્રેટેશિયસ યુગમાં થયો હોવાનો સંભવ છે. સમુદ્રની નીચેના આ પ્રદેશના પથ્થરો આપણી જમીનના પથ્થરો કરતાં ભારે છે, તેથી એક સંભવ એવો પણ છે કે એમના ખુદના ભારને લીધે જ આ પ્રદેશની જમીન કાલાંતરે નીચે બેસી ગઇ હોય અને એ રીતે એના ઉપર સમુદ્રનાં પાણી ફરી વળ્યાં હોય.

આ બધી હકીકતો ફક્ત થોડાઘણા મળી આવેલા પ્રાચીન પથ્થરના નમૂનાઓ અને ફૉસિલ ઉપરથી જ એકત્ર કરેલી છે. સમુદ્રની પણ અમુક ઊંડાણ સુધીની જ હકીકતો આપણે જાણી શકાએ છીએ. એ ગંભીર મહાસાગરોના ભૂતકાળ ઉકેલવા સહેલા કે શક્ય નથી. વખતે આપણી આ ગણત્રીઓ ખોટી પણ હોય અને આપણને જડેલી પર્વતમાળાઓ ફક્ત કોઇ પાસેના જ દેશની હોય અને આગળ જતાં તૂટી પણ પડતી હોય.

આજે આ ગૉંડવાનાલૅંડના અસ્તિત્વ વિરુદ્ધ પણ કેટલાક વાદો છે. છતાં પથ્થરોના આ નમૂનાઓ અને ફૉસિલના અભ્યાસથી ફાયદો થયો છે એ તો નિર્વિવાદ છે. આ ગૉંડવાનાલૅંડ હોય કે ન હોય, પણ આપણને બે કરોડ વરસો પૂર્વેનાં પ્રાણીઓ, વનસ્પતિ વગેરેની તો માહિતી એ રીતે મળી શકી છે. એ વખતના પથ્થર અને ફૉસિલ વગેરે કોઇ ઠેકાણે મળી જવાથી આપણે એ સ્થળના અંતરસ્થ વિષે ઘણાં અનુમાન કરી શકીએ; દાખલા તરીકે ત્યાં કોલસા જેવા ખનીજો હોવાનો સંભવ રહે છે; કારણકે આ સમય કે યુગમાં કોલસા જેવા ખનીજો બંધારણમાં આવેલા.

વિજ્ઞાનની વાત છોડી દઇએ તો કેટલીક લોકવાયકાઓમાં પણ આવા પ્રદેશોના અસ્તિત્વની વાત આવે છે. એક લોકવાયકા ઍટલાન્ટિસ નામનો એક પ્રદેશ ઉત્તર અમેરિકા અને યુરોપ વચ્ચે હતો એવી હકીકતની ઘણી કથાઓમાં ઊતરેલી છે. બીજી એકમાં પાસિફિક મહાસાગરમાં 'મ્યુ' નામનો દેશ હતો અને લૅમુરીઆ નામનો બીજો દેશ હિંદી મહાસાગરના પાણીમાં તણાઇ ગયો એમ આવે છે. લૅમુરીઆ (એટલે માણસજાતનું ખોવાએલું ઘર) વિષેની આફ્રિકાના વતનીઓની વાતો ખાસ ધ્યાન ખેંચે એવી છે, કારણકે ખૂબખૂબ દૂર વસતી ટોળીઓની વાતો સરખી મળતી આવે છે. એ દરેક ટોળીની વાત પ્રમાણે એ લોકોના બાપદાદાઓ ખૂબ સુધરેલા હતા અને પૂર્વના દેશોમાં રહેતા હતા. આ દેશમાં સર્વ સુખસંપત્તિ હતી પણ ધીમેધીમે વસ્તી ખૂબ વધી ગઇ અને આ દેશમાં મોટા ધરતીકંપ, જ્વાળામુખી વગેરે ફાટી ઊઠીને એના ઉપર એકદમ સમુદ્રનાં પાણી ફરી વળ્યાં, અને બહુ જ થોડાં માણસો મોટી હોડીમાં બેસીને આફ્રિકામાં આવી વસ્યાં. હિંદના અને એશિયાના બીજા દેશોમાં પણ આવી જ લૅમુરીઆના દેશ જેવી વાતો આવે છે. આ રીતે આ લોકવાયકાઓ પ્રમાણે આ ખંડ હિંદી મહાસાગરની પાસે ક્યાંક આવેલો હોવો જોઇએ. દક્ષિણ અમેરિકાના ચીલીથી બે હજાર માઇલ દૂર આવેલા ઇસ્ટર આયલૅંડના વતનીઓના કહેવા પ્રમાણે એઓ ખુદ લૅમુરીઆ દેશના જ છે અને આ ટાપુ એ આ દેશના અવશેષ રૂપ રહેલો છે. આજે દેખાતો એ ટાપુ પર્વતના એક શિખર પર હોવાથી બચી જવા પામ્યો એમ કહે છે. આ ટાપુ ઉપર આજે પણ મોટીમોટી શિલામૂર્તિઓ છે કે જે જરૂર આ ટાપુના અભણ વતનીઓના હાથની તો નથી જ, પણ બહુ જૂના વખતની છે. કર્નલ જેમ્સ ચર્ચવર્ડ નામના એક અંગ્રેજ વિદ્વાને લૅમુરીઆ દેશની વાતો આખી દુનિયાભરના જુદાજુદા લોકો પાસેથી






ઉપર: ગૉન્ડવાના લૅન્ડના અસ્તિત્વના સમયે આવાં મોટાં પ્રાણીઓ અને રાક્ષસી ગરોળીઓની જ સૃષ્ટિ પૃથ્વી ઉપર હતી. બાજુએ: ગ્લૉસૉપ્ટેરિસનાં પાનનું ચિત્ર. આ પાનની છાપ એ વખતે બંધાએલા પથ્થરોમાં નજરે પડે છે.

એકઠાં કરવા અનેક વર્ષ અભ્યાસ કરવામાં કાઢ્યાં, અને પરિણામે થોડા જ વખત પૂર્વે તેણે 'The Lost Continent of Mu' (ખોવાએલો મ્યુ દેશ) અને 'The Children of Mu' (મ્યુ દેશના વતનીઓ) નામનાં બે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. ઇ. ૧૮૭૫માં મધ્યહિંદના એક મંદિરના પૂજારીની જોડે એમની મુલાકાત થએલી. એ પૂજારીએ આ વિદ્વાનને હજારો વર્ષથી મંદિરમાં પડી રહેલા કેટલાક શિલાલેખો બતાવ્યા; આ લેખો 'નાકલ' (Naacal) ભાષામાં હતા, જે પૂજારીના કહેવા પ્રમાણે માણસજાતની આદ્ય ભાષા હતી. આ લેખો સમજવા અને એ ભાષા શીખવા માટે આ આંગ્લ વિદ્વાને અહીં બાર વર્ષ કાઢ્યાં. એ પછી દક્ષિણ મહાસાગરના કૅરોલીન ટાપુઓમાં પણ આ જ મ્યુ ભાષામાં લખાએલા શિલાલેખો મળી આવે છે. એ દરમ્યાન વિલિયમ નીવેન નામના એક પ્રખ્યાત અમેરિકન પુરાતત્ત્વવેત્તાએ મૅક્સિકોમાં ત્રણ મોટાં શહેરોના એકબીજા ઉપર દટાએલા અવશેષો શોધી કાઢ્યાની વાત એક વર્તમાનપત્રમાં એના વાંચવામાં આવી, અને એ ઉપરથી એ મૅક્સિકો ગયો. તદ્દન ઉપરના શહેર, (કે જે સૌથી છેલ્લું દટાયું હતું) ઉપર એકાદ ફૂટ માટી અને નવ ફૂટ રેતી-કાંકરા વગેરે કોઇ રેલના પુરાવા રૂપે હતાં. આ શહેરના પછી રેતીના બીજા છ ફૂટ જતાં વચ્ચેના શહેરના અવશેષ આવતા. આ પછીના સૌથી જૂના ત્રીજા શહેર ઉપર જ્વાળામુખીના ફાટવા વખતની રાખ અને રેતી જડી આવ્યાં. આ ઉપરથી અનુમાન કરી શકાય કે પહેલવહેલાં ખૂબ દૂરનો કોઇ એક ભયંકર જ્વાળામુખી ફાટી નીકળ્યો હશે, અને એની રાખમાં આ શહેર દટાયું હશે; અને પાછળથી, જ્વાળામુખીના પરિણામરૂપે રેલ આવી હોવી જોઇએ. આ ઉપરાંત નીવેનને આ અવશેષોમાં કેટલાક શિલાલેખો મળી આવ્યા. એ ઉપરની લિપિ મૅક્સિકોમાંથી મળી આવતા કોઇ પણ લેખો કરતાં જુદી હતી. એની વિચિત્રતાને લીધે એ લિપિ શીખવા એણે ત્રણ વર્ષ ગાળ્યાં, અને એ વખત દરમ્યાન તો એણે લગભગ ૨૬૦૦ લેખો ભેગા કર્યા. બહુ અજાયબી વચ્ચે આ લિપિ મ્યુ લોકોની નાકલ લિપિને જ મળતી આવતી હતી! કર્નલ ચર્ચવર્ડે એ બધા લેખોનો અભ્યાસ કર્યો. આવા એક શિલાલેખ (નં. ૫૧) ઉપર નીચે મુજબ લખાએલું હતું:

'જેનું ચિહ્ન 'રા' નામનો સૂર્ય છે એવા મહાન નિર્નામ વિશ્વનિયામકની આજ્ઞા અને ઇચ્છાથી નિર્મિત શક્તિઓ અને પૃથ્વીના અંતસ્થ અગ્નિ મારફત મહાસાગર ઉપર ભૂમિ ઉત્પન્ન થઇ; આ ભૂમિ ઉપર રહેવા માટે માણસને વિધિએ બનાવ્યો, આ ભૂમિનું નામ મ્યુ દેશ છે'.

આ રીતે ભૂસ્તરશાસ્ત્રીઓના અને પુરાતત્ત્વવેત્તાના કહેવામાં જોકે થોડાઘણો ફેરફાર પડે છે, પણ એટલું તો નક્કી કરી શકાય કે હિંદી મહાસાગરે અને પૅસિફિક મહાસાગરે જમીનનો વિધ્વંસ કરીને જ પોતાની મર્યાદા વધારી છે.* **દ્વારકાનાથ ગ. ગુપ્તે**

* 'અમેરિકન વીકલી'નો થોડોક આધાર લઇને

# સાહિત્યની નજરે

## સોહામણું જયપુર—અને અંબર

પતિયાલાની મારી મૂંઝવણ જયપુરમાં ટળી. કેમ જાણે મારી શંકાઓનું સમાધાન કરવા માટે જ હોય, તેમ અમારી યાત્રાનો દેવતા અમને પતિયાલેથી જયપુર લઇ ગયો. અને જયપુરમાં ટાઉન પ્લાનિંગ વિષે ખૂબ જાણવાજેવું મળે તેમ હતું.

જયપુરની મારી મુલાકાત કેવળ ઔત્સુક્યથી પ્રેરિત નહોતી; ભક્તિથી પ્રેરિત પણ હતી. નાનો હતો ત્યારે પુષ્કરની યાત્રા કરીને આવનાર પાસેથી જયપુરનાં ખૂબ વખાણ સાંભળેલાં. ઇતિહાસમાં અંબરાધીપ રાજપૂતોનાં પરાક્રમો વાંચેલાં, એટલે બીજાં શહેરો કરતાં જયપુર જોવા ઇચ્છા સવિશેષ હતી. જયપુર શહેર અર્વાચીન છે. માત્ર બસોએક વરસ પહેલાં જ બંધાએલું છે. પણ તેનો ઇતિહાસ અને તેનો પડોશ ઘણો પ્રાચીન છે. જયપુર શહેર, એ પ્લૅન મુજબ બંધાએલાં શહેરોમાં હિન્દમાં પ્રથમ આવે છે. સમગ્ર રચનામાં તે મુગલોના સમયના કોઇ બાગ જેવું લાગે છે; જોકે વસ્તુતઃ હિન્દુ શાસ્ત્ર પ્રમાણે તે બાંધવામાં આવ્યું છે.

જયપુર રાજ્યની હાલની સરહદ તે પ્રાચીન કાળમાં મત્સ્યદેશ કહેવાતો હતો. હાલ પણ જયપુર રાજ્યમાં વૈરાટ કરીને તહેસીલ છે અને જ્યાં પાંડવો ગુપ્ત નિવાસ કરી રહ્યા હતા તે વિરાટ દેશ પણ એ જ એમ કેટલાક માને છે. કુરુક્ષેત્ર, વ્રજ અને પાંચાલ પણ આ સરહદની પડોશમાં જ આવેલાં એવો પણ મત છે. તે ગમે તેમ હો, પણ આ પ્રદેશમાં પ્રાચીન ઘણું મળી આવે છે તે સત્ય છે. ચીનાઇ મુસાફર હુએનત્સંગે આ વૈરાટ શહેરનું વર્ણન કરેલું છે. અહીંથી અશોકના વખતના અને તેથી પણ જૂના સિક્કાઓ, લેખો વગેરે મળી આવ્યાં છે. તેમજ આઇને અકબરીમાં પણ આ શહેરનું વર્ણન છે. એ હતું મત્સ્યદેશનું પાટનગર. ત્યાર પછી અંબર થયું અને પછી થયું જયપુર.

જયપુરના રાજાઓ સૂર્યવંશી છે. તેઓ રામચંદ્રના પુત્ર કુશના વંશના છે અને કચ્છવાય કહેવાય છે. અયોધ્યા છોડ્યા પછી આ કચ્છવાહો થોડા સમય સુધી સૉણ નદી ઉપરના રૉહતસ પ્રદેશમાં રહેલા, જેમાં નળરાજા થયો. ત્યાંથી આ કચ્છવાહો ગ્વાલિયર ગયા, અને હાલના જયપુરના રાજાઓનો મૂળ પુરુષ સોઢદેવ તે નળરાજાથી એકવીસમી પેઢીએ થયા હતા. એ સોઢદેવે જે મુલક પ્રાપ્ત કર્યો તેમાં વધારાઘટાડા થઇને આજનું જયપુરનું રાજ્ય બન્યું છે.

પણ અંબરને પાટનગર બનાવનાર કાકિલજી અથવા મૈદલરાવ હતો. તેણે અગિયારમા સૈકાના આરંભમાં અંબિકેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરી અંબરમાં ગાદી સ્થાપી. ત્યારથી તે ઇ. સ. ૧૭૨૭માં મહારાજા સવાઇ જયસિંહે જયપુર શહેર બાંધ્યું ત્યાં સુધી અંબર એ પાટનગર રહ્યું. આ રાજ્યની ભૌગોલિક સ્થિતિને લીધે અથવા બીજા કોઇપણ કારણે પણ અંબરની ગાદીનો ઇતિહાસ દિલ્હીના ઇતિહાસ સાથે સંકલિત થએલો છે. અંબરાધિપ પાજૂન પૃથ્વીરાજ ચૌહાણના બનેવી થાય. તેની તેરમી પેઢીએ મહારાજા ભારમલ થયા તે બાદશાહ હૂમાયૂંના મનસબદાર હતા અને મહારાજા ભગવાનદાસ, માનસિંહ, જયસિંહ વગેરે તો મુગલોના ઇતિહાસ દ્વારા સુપરિચિત છે. સર રમેશચન્દ્ર દત્તે પોતાની એક નવલકથામાં એ મહારાજા જયસિંહનું ઘણું સુન્દર નિરૂપણ કર્યું છે.

જયપુર બાંધનાર જયસિંહ—સવાઇ જયસિંહ—તે ઉપરના જયસિંહથી પાંચમી પેઢીએ થયા. તે હિન્દુસ્તાનના સૌથી પહેલા ટાઉન પ્લૅનર હતા અને પ્લાન પ્રમાણે બંધાએલાં હિન્દનાં શહેરોમાં જયપુર સૌથી જૂનું છે. એ પ્રથા જો વધારે પરિચિત કે પ્રચલિત થઇ હોત તો લાઇનદોરી અને જમીનપ્રાપ્તિના ધારાનાં ઘણાં કષ્ટો ટળી જાત. મનોહર અને સપ્રમાણ ગોઠવેલાં મકાનોની હારો, પહોળા સીધા અને મોટા રસ્તાઓ, નાકેનાકે ઊભા કરેલા બુરજો વગેરે સર્વથી જયપુર એક સુન્દર શહેર લાગે છે.

રસ્તા તો બીકાનેરમાં પણ સારા હતા. સારા રસ્તાઓ અને લાઇનબંધ મકાનો મારું સવિશેષ ધ્યાન એટલા માટે ખેંચે છે કે ગુજરાત કાઠિયાવાડમાં ઘણેખરે ઠેકાણે તેનો અભાવ છે. પારિસ નહિ ગએલા એક

બન્ધુએ બીકાનેરમાં અમને કહ્યું કે બીકાનેરના રસ્તા પારીસના રસ્તા જેવા છે; અને બીજા બન્ધુએ પૂર્તિ કરી કે નવા જામનગરના રસ્તા બીકાનેર જેવા છે. તે ગમે તેમ હોય, આ રસ્તાઓ જોઇ મને તેનું અનુકરણ કરવાની સૂચના મ્યુનિસિપલ પ્રેસિડેન્ટોને કરવાની વૃત્તિ થઇ આવી. રાજાઓને તે સૂચના કરવાની નથી. જ્યાં સુધી પ્રજાને જ શહેરમાં સુધારો કરવાની આવશ્યક્તા પ્રતીત થાય નહિ ત્યાં સુધી તેની ઉપર આગ્રહપૂર્વક સુધારો કરાવવામાં પરાણે પરોપકાર થાય છે. શહેરની સુધારણા કાં તો પ્રજા પોતે જ સમજીને કરે, અથવા પ્રજાની પ્રીતિ અને ભક્તિ ઉપર જ જેનો મદાર હોય તેવા રાજા કરે ત્યારે જ તે સારી રીતે થાય. આ વાક્યો જેટલી સહેલાઈથી લખી શકાય છે તેટલું એ કાર્ય સહેલું નથી. વાંકાચૂંકા રસ્તા અને સમાન્તર રેષા તોડી બહાર આવતાં મકાનો અહીં ઘણે સ્થળે છે, દેશી રાજ્યોમાં સવિશેષ છે. તેવાં બહાર પડતાં મકાનોનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડે છે કે તેવાં એ મકાનો બંધાવનારે પોતાની વિશિષ્ટતા પ્રતીત કરાવવા તેવું કર્યું હોય છે અને પરિણામે તે શહેરની બદસૂરતી અને ગંદકીમાં વધારો કરે છે. જ્યારે તેવાં મકાનોનું કપાણ કરવાનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે માણસની મનોદશા, માથું જાય તો ભલે પણ બાપદાદાની જમીનનો એક ટુકડો પણ જવા ન દેવો, એવી હોય છે, અને સમગ્રદૃષ્ટિથી આવા પ્રશ્નો કોઇ વિચારતું જ નથી.

જયપુરથી થોડેક દૂર ગલતા કરીને મનોહર જગ્યા છે. ગલતાનો અર્થ હું જાણતો નથી, એટલે હિન્દી અને ગુજરાતીનું મિશ્રણ કરીને મેં તેનો અર્થ ઘટાવ્યો કે પાણી ગળતા હૈ વો જગા! અહીં એક કુંડમાંથી સતત પાણીની ધાર પડ્યા કરે છે. ચોતરફ અરવલ્લીના સીધા ખડકોની ગિરિમાલા, ઠેકાણે ઠેકાણે ટોચ ઉપર બાંધી દીધેલા કિલ્લા, એ સર્વ નિષ્ઠુર અને કઠોર નિસર્ગરચનાની વચ્ચે આ નિર્મલ પાણીનો કલકલનાદે કાયમ વહ્યા કરતો ઝરો, ઉષા સંધ્યાના વિવિધ મનોહર રંગોને પોતાના કુંડના ઊંડા પાણીમાં પ્રતિબિમ્બિત કરીને અનુપમ દૃશ્ય રજૂ કરે છે. અહીં જે કુંડ છે એ જ કુંડ પાસે ગાલવ કે એવા કોઇક નામના ઋષિએ ઘણાં વર્ષો તપશ્ચર્યા કરી હતી. ઋષિઓનો ધંધો જ તપશ્ચર્યા કરવાનો હતો અને તે માટે કોઇક જગ્યા તો તેમને જોઇએ જ, એટલે વેદમાં, પુરાણમાં અને મહાભારતમાં જેટલાં ઋષિનાં નામો છે તે બધાં કોઇક કોઇક સ્થળ સાથે જોડી દેવામાં આવ્યાં છે. વળી આગળ હું કહી ગયો છું કે પાંડવો જ્યાં છૂપા વેષે રહ્યા હતા તે વિરાટ દેશ પણ આ જ કહેવાય છે, અને આ પ્રદેશ જોયા પછી ખાતરી થાય છે કે તપશ્ચર્યા કરવા માટે ગાલવે. અને ગુપ્તનિવાસ માટે પાંડવોએ ખરેખર રમણીય જગ્યા પસંદ કરી હતી. ડૉ. રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિ શહેરો અને ત્યાંના ઉદ્યોગો વચ્ચે વધી છે, જ્યારે આર્યોની પ્રાચીન સંસ્કૃતિ કુદરતની સાથેના અપ્રતિહત સહચારમાંથી જન્મ પામી તપોવનના શાન્ત અને રમણીય વાતાવરણમાં વિકાસ પામી છે એ ખરૂં છે એમ અહીં ખાતરી થાય છે. ગલતાની ટેકરી ઉપરના જૂના દેવાલયમાંથી કોઇ સુગઠિત મનોહર બાગ જેવું રમણીય જયપુર શહેર વિસ્તરી પડેલું દેખાય છે. અને રખે એ મૂલ્યવાન બાગનાં કોમલ ફૂલો કરમાઇ જાય તેની દહેશતથી રખેવાળી કરવા ઊભા હોય તેમ અરવલ્લીના ખડકો કાળો સીહા આકાર ધરીને અચલ ઊભા છે.

ગલતા ઉપર જવા માટે ફનિક્યુલર રેલવે નથી. ત્યાં જવાનું સાધન હાથી છે. નાની ઉમરમાં મુંબાઇ–વડોદરામાં હાથીની સહેલગાહ ઘણાએ કરી હશે; ઘણાએ એવી સહેલગાહની ઇચ્છા યે કરી હશે; પણ હાથી ઉપર બેસવું એટલે શું તે હાથી ઉપર મુસાફરી કર્યા વિના સમજાય તેવું નથી. માથેરાનની રિક્ષા, આબુની મોટર અને ગિરનાર શેત્રુંજાની ડોળી એ સર્વ કરતાં આ વાહનમાં નવીનતા છે; અને બેસનાર સિવાયના મનુષ્યને તેમાં ઓછો શ્રમ પડે છે તેટલો ડોળી રિક્ષા કરતાં આનો ફાયદો ગણી શકાય. પણ બેસનાર માણસોને તો આ વાહનમાં જરાપણ સગવડ મળતી નથી. પર્વતો ચડવા માટે કોઇ એલીફન્ટ ટ્રાન્સપૉર્ટ કંપની કાઢે તો તે સફળ થાય કે કંપનીને બદલે દીવાળું કાઢે તે હું કહી શકતો નથી. પણ ગૌરવના પ્રતીક રૂપ આ ભીષણકાય પ્રાણી બેસવાના ઉપયોગમાં લેવાનો વિચાર માણસને આવ્યો જ કેમ હશે; અને વિચાર આવ્યો તો અનુભવ પછી તે ત્યજી દેવાયો કેમ નહિ હોય એ એક કોયડો છે. પ્રાચીન કાળના

ક્ષત્રિયો જેઓ શમશેરની ધારે જીવતા, તેઓને હાથી એ ઘણું પ્રતિકૂલ વાહન ન લાગે; પણ લડાઇનો જેમને પરિચય કે અનુભવ નથી તેવા સાંપ્રત સમયના બ્રાહ્મણ વૈશ્યો માટે તો આ વાહન ઘણું ભારે પડે. માથે ઝૂલ, દાંતે રૂમાલ અને કડાં, સૂંઢે અને કુંભસ્થળમાં ચિત્રામણ, પડખે ઘંટા અને ઉપર અંબાડીથી વેષ્ટિત આ ભીમકાય ચતુષ્પાદને જોવામાં જેટલી મઝા છે તેથી વધારે કષ્ટ તેના ઉપર બેસવામાં છે. બાલકોએ તેટલા માટે મહાવતની અદેખાઈ કરવાની જરૂર નથી અને ઇતર જનોએ હાથી ઉપર બેઠેલાં બાલકોની અદેખાઈ કરવાની જરૂર નથી, એમ હાથી ઉપર પ્રવાસ કર્યા પછી તુર્ત લાગે છે. ગલતા એ પ્રાચીન સ્થાન છે માટે જ ત્યાં જવા માટે આવું પ્રાચીન સાધન રાખ્યું હોય તો નવાઈ નહિ.

જયપુર પહેલાંનું પાટનગર અંબર, આંબેર કે આમેર તે શહેરની નજીકમાં આવેલું છે. જૂના વખતમાં તે પ્રસિદ્ધ અને મોટું શહેર હશે, પણ હમણાં તો તે જ જયપુરની એક નિઝામત માત્ર છે. પણ કલ્પનાના વેગી ઘોડાને શિલ્પકારે છૂટા મૂકી દીધા હોય એવી એ જગ્યા છે. સૃષ્ટિની ભવ્યતાની, તેની રમ્યતાની કે તેની ગહનતાની પ્રતીતિ બે જગ્યાએ થાય છે: કાં ઉત્તુંગ શિખરો સમીપ અને કાં અગાધ સાગર સમીપ. સમસ્ત રાજ્યસ્થાનના હૃદયને વીંધીને જતી અરવલ્લીના પહાડોની શૈલરાજિ અંબર પાસે બહુ ભવ્યતા ધારણ કરે છે. પર્વત ઉપર મહેલો અને કિલ્લાઓ બાંધવાની કલા આ તરફ અને દક્ષિણમાં જેટલી સાધ્ય કરવામાં આવી છે તેટલી ગુજરાત કાઠિયાવાડમાં નથી. કોઇક રાજાએ એક મકાન બાંધનાર નિષ્ણાત સ્થપતિને ચારપાંચ ટેકરીઓ દેખાડી તે ઉપર મહેલ ચણવાનું કહ્યું. સ્થપતિએ તેની ના કહી અને કારણ આપ્યું કે તે સ્થળે જમીન સપાટ કરવામાં સમય, શક્તિ અને દ્રવ્યનો નકામો વ્યય થાય. જો એ સ્થપતિએ અંબરનો મહેલ જોયો હોત તો કદાચ તે જુદી જ સલાહ આપત. એ મહેલની બારીઓ, ઝરૂખા, પ્રકાશ લાવવા માટેનાં સાધનો, સ્નાન માટેના પ્રબંધો વગેરે પ્રત્યેક સાધન તથા એ પર્વતમાલા સાથે સપ્રમાણતા જાળવીને ઉઠાવેલી આખી ઇમારત અતિ સુંદર છે. કાદવનાં પાણી વચ્ચે પ્રફુલ્લ કમલ ખીલીને પલ્વલજલને સૌંદર્ય અને સુકુમારતા અર્પે છે તેવાં સૌન્દર્ય અને સુકુમારતા અંબરનાં મકાનો તેની ટેકરીઓને અર્પે છે. જોધપુરનો પ્રાચીન કિલ્લો ભવ્ય છે, પણ જે સજીવનતા અંબરમાં દેખાઇ તે ત્યાં ન હતી. અંબરમાં અત્યારે બતાવવામાં આવે છે તે મહેલ સત્તરમા સૈકામાં રાજા માનસિંહે બંધાવવો શરૂ કર્યો હતો અને રાજા જયસિંહે તેમાં ઉમેરા કર્યા હતા. એ મહેલમાંથી જ્યાં નજર કરીએ ત્યાં આંખો ઠરી જાય એટલી સુન્દરતા નજરે પડે છે. એ મહેલના પુરુષોના આવાસ માટે ફર્ગ્યુસને લખ્યું છે કે જગતની સર્વોત્તમ રચનાઓમાં તેની ગણત્રી થઇ શકે તેમ છે; અને તેમાં અતિશયોક્તિ લાગતી નથી.

મુગલ સમયની જાહોજલાલીમાં મોટાં બનેલાં શહેરોનાં જ ખંડિયેરો જોઇ શિલ્પકારો અને સ્થપતિઓ તેને ઉત્તમોત્તમ લખે છે; પણ આ રાજપૂત સ્થાપત્યના કેટલાકેટલા વિચારો ગ્રહણ કરીને દિલ્હી આગ્રામાં મૂકાયા છે તેનો અભ્યાસ રસિક થઈ પડે. આગ્રાના કિલ્લામાં અંબરની હિકમતની પ્રતિકૃતિ છે, છતાં માત્ર આગ્રા જોનાર જાણનાર વખાણનાર અંબરને જાણતા નથી. આગ્રાના કિલ્લાના સુમન બુર્જનો વિચાર અંબરના સ્થાપત્ય પરથી લેવાયો હોય તો નવાઇ નહિ. અને આજે પણ સ્થાપત્યના અભ્યાસીઓને અંબરનો મહેલ હજી અનેક નવીન વિચારો આપી શકે તેમ છે. અંબરના શીશ મહાલના સ્નાનાગાર પાછળ ચલાવેલી બુદ્ધિ માન ઉપજાવે તેવી છે.

જયપુરની વેધશાળા પ્રખ્યાત છે. કપુરથલાના પ્રાચીન રાજમહેલમાં કોઇ વિદ્વાન વેધશાસ્ત્રીએ ખગોલગિતિનાં કેટલાંક યંત્રો બનાવેલાં તે અમે જોયાં હતાં. એ યંત્રો ઘણાં સુન્દર અને નવાઇ જેવાં હશે જ એમાં તો શક નથી; પણ તે કેટલાં ઉપયોગી હતાં અથવા શા ઉપયોગ માટેનાં હતાં તે અમે જાણતા નહોતા, તેમજ ત્યાંનો રખેવાળ પણ એ જાણતો નહોતો. એ યંત્ર બનાવનાર જ્યોતિષીના પૌત્રને પૂછી જોયું તો તે પણ તેનો ઉપયોગ જાણતો નહોતો; માટે અમને એ ગહન ઓજારો માટે ઘણું માન થયું. પણ જયપુરમાં એટલું અજ્ઞાન નથી. ગુજરાતમાં પ્રાચીન વેધશાળા નથી, પણ પંચાંગ વિશે તો લગભગ દર ત્રણ ત્રણ માસે જબરદસ્ત સાઠમારી ચાલે છે. સાયન અને નિરયન પંચાંગ, તિલક અને ગ્રહલાઘવ અને એવા શબ્દો વાપરી લોકો પાનાંનાં પાનાં ભરે છે; પણ તેને બદલે સહુ

પોતપોતાનું ગ્રહસ્થાન સાયન કે નિરયન ગણત્રી પ્રમાણે નક્કી કરે અને પછી જયપુર જઇ દૃક્પ્રત્યય પ્રમાણ ત્યાંની વેધશાળાનાં યંત્રોથી જોઇ ખાતરી કરે તો, જોકે લડવાની મઝા ચાલી જાય પણ શાસ્ત્રને ઘણો ફાયદો થાય.

જયપુર એટલે કલાનું ધામ, એ વાત આજે સુવિદિત છે, કેમકે સાંપ્રતકાલની સભ્યતાલક્ષ્મીએ (ફૅશને) દીવાનખાનાઓ શોભાવવા જયપુરની કારીગરીને વરદાન દીધું છે. જયપુરની કલા સજીવન રાખવા માટે ત્યાં એક કલાભવન પણ છે, અને જેમ બીજે છોકરા પ્રાથમિક શાળામાં જાય તેમ તેઓ અહીં આ કલાભવનમાં આવે છે. આપણા તરફ સંખેડામાં લાખ લાકડાની વસ્તુઓ સારી બને છે તેમજ કાઠિયાવાડમાં મહુવામાં લાકડકામ તથા હાથીદાંતની કારીગરી થાય છે; પણ સાંભળવા પ્રમાણે ત્યાં એ કારીગરોના અવસાન સાથે તેમના હુન્નરનો, હિકમતનો, જ્ઞાનનો નાશ થતો ચાલ્યો છે અને આશ્રયને અભાવે કલા ખીલતી નથી એમ કહેવાય છે. તે સાચું હશે, પરંતુ તેઓએ પણ જયપુરમાંથી ઘણું લેવા શીખવાનું છે.

સુખડ અને લાકડકામ માટે જયપુર પ્રખ્યાત; નકશી કોતરકામવાળાં વાસણો માટે જયપુર પ્રખ્યાત; રમકડાં અને ઉપસ્કર માટે જયપુર પ્રખ્યાત; આરસ, હાથીદાંત અને સંગેમરમરની વસ્તુઓ માટે જયપુર પ્રખ્યાત; સ્ત્રીઓનાં વસ્ત્રો અને પુરુષોના સાફા માટે જયપુર પ્રખ્યાત; ભાતીગળ છીંટ માટે જયપુર પ્રખ્યાત; સારા ચિતારા માટે જયપુર પ્રખ્યાત; અરે પગમાં પહેરવાની મોજડીઓ માટે પણ જયપુર પ્રખ્યાત. સામાન્ય રીતે બીજે બધે સ્થળે જતાં એવો પ્રશ્ન પૂછવો પડે કે અહીં શું શું જોવા જેવું છે, શું જાણવા જેવું કે લેવા જેવું છે; જયપુરમાં તેથી ઊલટો પ્રશ્ન પૂછવો પડે કે અહીંઆં શું નથી. 'સ્વ'

# ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આપણા દેશમાં તરેહતરેહનાં પક્ષીઓ નજરે પડે છે. કેટલાંક બારે માસ સ્થાનિક વસવાટ કરે છે અને કેટલાંક ફક્ત ઋતુ પ્રમાણે દેખા દે છે. તેમનાં નિરીક્ષણ અને અભ્યાસ માટે ફોટોગ્રાફી સૌથી મહત્ત્વનું સાધન છે. નજરે એક વાર જોયાથી પક્ષી, તેનો વર્ગ તેની ખાસિયતો વગેરેનું અવલોકન થઇ શકે નહિ. માટે પ્રેમ એટલે તેના અભ્યાસની લગની લાગી હોય તેવાઓએ પક્ષી-ફોટોગ્રાફી હસ્તગત કરવાની જરૂર છે. પક્ષી-ફોટોગ્રાફીની મુશ્કેલીઓ ઘણી છે. કૅમેરાની મદદથી ફોટોગ્રાફ લેવાય તેવી અનુકૂળ પરિસ્થિતિમાં બંધાએલા માળા શોધવા; તેની નજદીક ધીરધીરે જવું; માળામાં મૂકેલાં ઇંડાનાં ફોટોગ્રાફ લેવા; બારીકાઈથી રોજ બરોજ એ ઇંડાં અને ઇંડાં મૂકનાર માતાનો અવલોકનભર્યો અભ્યાસ કરવો અને ઇંડાં સેવાઇ રહેથી બચ્ચાં દુનિયામાં ડોકિયું કરે ત્યારે બચ્ચાંની છબી ઉતારવી; મા અને બચ્ચાની ફોટોગ્રાફી કરવી; આ બધાં પક્ષી-ફોટોગ્રાફીનાં પગથિયાં છે.

આ મહિને આવેલું ભાઈ પૂનમચંદ કમાણી (અમરેલી)નું 'એકલું' નામનું ચિત્ર આવી પક્ષી-ફોટોગ્રાફીમાં પ્રશંસનીય પ્રયાસ છે. દરરોજ આપણી દૃષ્ટિ સમીપ ચકચક કરતી ચકલીનું એ સુંદર પોર્ટ્રેટ આ વખતે પહેલું ઇનામ જીતે છે. પક્ષીઓ તરફનું સ્વાભાવિક વલણ, ધીરજ, ખંત, ઉદ્યોગ અને અભ્યાસથી પક્ષી-ફોટોગ્રાફી વિશારદ બનાશે. હિંદમાં એવા એમેટરોની બહુ જરૂર છે.

ભાઈ આઇ. એન ભગત (મુંબાઇ)ને, આ અંકના પૂઠા ઉપર આપેલા 'સલામ' ફોટો-ચિત્ર માટે બીજું ઇનામ મળે છે. બાળકનો અભિનય બહુ જ સ્વાભાવિક છે છબી પડાવવા માટે અભિનય છે કે ઉલ્લાસમાં આવેલા સલામ કરતાં બાળકની છબી તેની અજાણમાં ઝડપથી પકડાઇ છે તે કળવું કઠણ છે. બાળકની નજર કૅમેરા લેન્સની સામે છે તોપણ ભાવમાં કૃત્રિમતા જણાતી નથી. 'એકલું' અને 'સલામ'ની ફોટોગ્રાફીની કરામત (ટેકનીક) પણ ખામી વિનાની ગણાય.

ભાઈ દેવજીભાઇ પઢીઆર (ભાવનગર)ના ફોટો-ચિત્ર 'પુનિત પગલાં'ને ત્રીજું ઇનામ મળે છે ચિત્રનો વિષય નવીન હોઇ આકર્ષક છે. પણ તેની રજૂઆતના પ્રમાણમાં ટેકનીક નબળી છે. અને તેટલે દરજ્જે ફોટો-ચિત્ર પાછું પડે છે. જો નેગેટિવ છાયાપ્રકાશને અનુરૂપ જોરદાર ટોનવાળી હોય તો ભાઈ પઢીઆરે એન્લાર્જિંગ વેળા, કૉન્ટ્રાસ્ટી કાગળ વાપરી વધારે સારો પ્રિન્ટ મેળવવો.

ભાઇ પ્રતાપરાય શાહ (મુંબાઇ)નું 'પ્રભાતના પહોરમાં', ભાઈ પૂનમચંદ કમાણી (અમરેલી)નું 'પીંજણ', ભાઇ રામભાઇ ત્રિવેદી (ઝાંઝીબાર)નું 'ભોજન' અને કુ. જ્યોતિર્બાળા માસ્તર (મુંબાઇ)નું 'સહાધ્યાય' ફોટો-ચિત્રો નોંધપાત્ર ઠર્યાં છે. 'સહાધ્યાય'માં જમણી તરફના બાળક પર પડતો સૂર્ય-પ્રકાશ, પડદાથી અગર બીજી કોઇ તરકીબથી અટકાવ્યો હોત તો સારૂં ફોટો-ચિત્ર બનત. 'ભોજન'માં આકર્ષક ચિત્ર-વસ્તુના અભાવે તે ફક્ત મનુષ્યની તસ્વીર બને છે. 'પીંજણ'નો વિષય સારો છે પરંતુ ચિત્રમાં જગ્યાની તંગાશ લાગે છે. કૅમેરા વધારે દૂર ગોઠવી, આકૃતિ કામમાં મશગૂલ હોય ત્યારે એક્સપોઝ કરાય તો સારૂં ચિત્ર નીપજે.

બલવન્ત ભટ્ટ

# કહેવત પડી

બાળ વિભાગ

મોટું મુંબાઇ શહેર. એની મોટી મુંબાદેવી. એના મોટા મંદિરની પાછળ નાનો સરખો રસ્તો. એમાં મોટી વેપારી બજારો. સોનાચાંદીના વેપારીની ચોકસી બજાર, હીરામોતીના વેપારીની ઝવેરીબજાર, રૂની લાખો ગાંસડીની લે-વેચ કરનાર મારવાડીઓની બજારે ય ત્યાં. આવા મોટા વેપારીઓની મોટી દુકાનોની વચમાં એક પરદેશી મોગલની નાની સરખી દુકાન. એ વેચે કાશ્મીરની શાલ અને પશ્માનો કાપડ. અસલ ઇરફહાની બદામ અને શોધેલી હરડે પણ વેચે. માણસ બહુ અચ્છો. ઉમદા ખવાસનો, હસતા ચહેરાવાળો. સહુ પાડોશી વહેપારી સાથે મેળાપ રાખે.

એની દુકાનની સામે એક વાણીઆની દુકાન;–દુકાન તો નામની પણ બેઠક રાખેલી. એનું નામ રામદાસ. વાણીઓ એટલે અડપલી જાત. દિવસ ઊગે ને મોગલના વાદ લે. મોગલનાં થોભીઆં જોઇ એણે ય તે થોભીઆં રખાવ્યાં. મોગલને વાદે પોતે પણ અચ્છો નકસીદાર હોકો અને રસેલા કસબની ભરેલી નળી વસાવી દમ લેવા માંડ્યો. નિત મોગલને કહેઃ 'દેખો મોગલ, હમારા ગડાકુ બડા ઉમદા; બનારસસે મંગાયા.' મોગલ મૂછમાં હસે અને કહેઃ 'અચ્છા શેઠ; બહોત ખૂબ. મોગલ કાવો પીએ અને રામદાસ પણ કાળી કૉફી ગટગટાવે. મોગલ આદમી ભલો. શેઠને નિત કહેઃ 'શેઠ, હમ પરદેશી. હમારા કિયા મત કરો. હમારા રીત જુદા, હમારા ખાના જુદા.' પણ શેઠ વાદ ના મૂકે. તોય મોગલને શેઠ સાથે સારાસારી. કોઇ વખત કાબૂલી ચિલગોઝાં તો ઇરાનનો મેવો એવું કંઇ ને કંઇ શેઠને આપે.

વખત થયે ઉનાળાના દિવસો આવ્યા. મોગલે કાવો પીવો બંધ કર્યો. રોજ દુકાને આવે ત્યારે એક મોટું તડબૂચ લેતો આવે. બપોર થાય એટલે બરાબર વચ્ચેથી કાપી એનાં અડધિયાં કરે. વચ્ચેવચ્ચેથી ગર ખાઇ જાય અને છાલકાની ટોપી એ પોતાના ટાલિયા માથે પહેરે. એને એથી ઠંડક થાય. એક દિવસ રામદાસે આ જોયુંઃ 'અરે મોગલ, યે કયા?' મોગલ કહેઃ 'ગરમી બહોત પડતી હય. ઠંડક હોગી. લેકીન તુમ મત પહેનો.' પણ રામદાસ શેનો માને?

વળતે દિવસે રામદાસ પણ મોટું તડબૂચ લઇ આવ્યા. મોગલને કહેઃ 'દેખો મોગલ, તુમારાસે બડા!' મોગલ હસે. બપોરે મોગલને વાદે રામદાસ શેઠે પણ અકળાતે જીવે આખાય તડબૂચનો ગર ઠાંસ્યે રાખ્યો અને છાલકાની ટોપી ટાલિયા માથે પહેરી. જીવ અકળાય તોય હોકો ગગડાવ્યે રાખ્યો. સાંજ પડી ને રામદાસને શરદી લાગી ગઇ!

બીજે દિવસે શેઠને સખત તાવ આવ્યો. દુકાને શેઠ દેખાયા નહિ એટલે મોગલે ગુમાસ્તાને હકીકત પૂછી. મોગલે જાણ્યું શેઠને વાદ ભારે પડ્યો. સાંજના શેઠને મળવા ગયો, પણ શેઠ તો ગુજરી ગયા હતા!

પછી તો બજારના લોક કહેવા લાગ્યાઃ 'મોગલને વાદે રામદાસ શેઠ મૂઆ.

મોટું મુંબાઇ શહેર. એની મોટી મુંબાદેવી. એના મોટા મંદિરની પાછળ નાનો સરખો રસ્તો. એની મોટી બજારોમાં નાનો બનાવ બન્યો અને મોટામોટા વેપારીઓએ નાની સરખી કહેવત પાડીઃ 'મોગલને વાદે રામદાસ શેઠ મૂઆ.'

ઠાકુરદા

## મેં દીઠી

વનવગડામાં ફરવા જાતાં
ફાનસની ચિમની મેં દીઠી,
લીલાં સૂકાં ડાળ પાંદડે
ઝાડ ઉપર લટકંતી દીઠી.
કાચ ફૂલાવી કીધા નથી
માણસે જઇ બાંધી નથી.

ઘાસતણખલાં વીણીગૂંથીને
કોણે કીધા હવેલી આ?
એવડા નાના કારીગરને
અક્કલ કોણે દીધી આ?
ચિમની જેવો શોભે કાંઇ
માળો એ સુગરીનો, ભાઇ

રમણલાલ સોની



# મધુકરી

### આશિષ

ઘોર તિમિરને પંથ જઇને
અંધ-અટૂલાને શોધીને
લોચન વણુ માગ્યે આપીને
અંતરનેણ ઉઘાડ.

ભૂખ્યાંને તવ અન્ન દઈને,
અંધારાંમાં દીપ થઇને,
પથ્થર પાયા માંહી બનીને
અંતરઆતમ ઉજાળ

—જટિલ

## રૉબર્ટ એલ. રિપ્લે

*** 'કુમાર'ના છેલ્લા પાના ઉપર આવતી આલમની અજાયબીઓની હકીકતો તથા ચિત્રોમાંની કેટલીક જેમાંથી અવારનવાર લેવામાં આવે છે તે 'માનો યા ન માનો' નામની ચિત્રમાળા અંગ્રેજી જાણનારા કોઇપણ સામાન્ય સંસ્કારી વાચકથી અજાણી નહિ હોય. આપણે ત્યાં મુંબાઈના ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના સાપ્તાહિક 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં તો એ હમણાં થોડાં વર્ષથી શરૂ થઇ છે, પણ આજ ચૌદ વર્ષથી અને દુનિયાનાં ૩૦૦ ઉપરાંત પત્રોમાં એ ચાલ્યા કરે છે. એનો સંપાદક, ચિત્રક, ઉત્પાદક—રૉબર્ટ એલ રિપ્લે આજે કોઇ લોકનેતા, કે પ્રજાવીર હોય એટલો જગવિખ્યાત એ વડે થયો છે. આપણે ત્યાંના લાંબામાં લાંબી મૂછોવાળા લાઠીનાઆહિર દેશુર અર્જણ ડાંગર ને શિકાગોના છેલ્લા જગતમેળા વેળા એણે પોતાના 'અજાયબખાના' માટે બોલાવેલા (જ્યાંથી પાછાં વળતાં દેશુરનું અવસાન થયું). એ દેશુરને લઇને અમેરિકા જનાર શ્રી છોટાલાલ માનસિંગ કામદારે આ નીચે મિ. રિપ્લેનો પરિચય આપ્યો છે

પ્રસિદ્ધ કલાભિજ્ઞ, ગ્રંથકાર તથા રેડિયો આર્ટિસ્ટ રૉબર્ટ એલ. રિપ્લેનો જન્મ ઇ.સ. ૧૮૯૩માં નાતાલના દિવસે કૅલિફૉર્નિયામાં આવેલા સાન્ટા રૅાસા ગામમાં થયો છે. સોળ વર્ષની નાની વયે તે સાન્ફ્રાન્સિસ્કો બુલેટિનના કળાવિભાગમાં જોડાયા. ત્યાંથી તે સાન્ફ્રાન્સિસ્કો ક્રૉનિકલ પત્રમાં તથા ત્યાંથી ન્યૂ યૉર્ક શહેરમાં ગયા. ત્યાં તેમણે કેટલાંક પ્રસિદ્ધ વર્તમાનપત્રો માટે ઠઠ્ઠાચિત્રો દોર્યાં. ન્યૂ યૉર્કનાં પત્રોમાં વર્ષો સુધી નોકરી કર્યા બાદ ઈ.સ. ૧૯૨૯માં રિપ્લે હર્સ્ટ વર્તમાનપત્રોમાં જોડાયા.

જેનાથી એને જગતકીર્તિ મળી છે એ 'માનો યા ન માનો' નામનું આલમની અજાયબીઓનું પોતાનું પહેલું ચિત્ર ઇ.સ. ૧૯૨૧માં રિપ્લેએ દોર્યું. એમનાં આ ચિત્રોમાં જગતની વિવિધ અજાયબીઓ, ચિત્રવિચિત્ર સ્થાનો તથા વસ્તુઓ, મનુષ્યના જીવનમાં ન કલ્પી શકાય તેવા બનાવો, અને વિચિત્ર બાબતો; રમત, વિજ્ઞાન, ઇતિહાસ, પ્રાણીઓ તથા કુદરતની વિચિત્રતાઓ, તથા દરેક જાતની અદ્ભુત વસ્તુઓનો સમાવેશ થાય છે. એ દરેક વસ્તુ પ્રસિદ્ધ કરતાં પહેલાં તેની સંભાળપૂર્વક તપાસ કરવામાં આવે છે અને ખાત્રી થયા બાદ જ પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને એને વિષેની કાંઇપણ શંકા પડતાં કોઈપણ માણસ ટિકિટ ચોડેલું ટપાલનું કવર મોકલે તેને સંતોષકારક ખુલાસાવાર ઉત્તર મોકલવામાં આવે છે. રિપ્લે લખે છે કે મારી આ બધી હકીકતો નગદ સત્ય ઉપર રચાએલી હોય છે, અને છતાં દુનિયામાં કોઇપણ માણસને નહિ કહેવામાં આવ્યો હોય એટલી વાર મને 'જૂઠો' કહેવામાં આવ્યો છે પણ એથી મને રોષ નથી; ઉલટો, હું એથી રાજી થાઉં છું; કારણકે એ જ મારી હકીકતો ખરેખરી અજબ હોવાનું પ્રમાણપત્ર છે.

Believe it or Not (માનો યા ન માનો) એ મથાળા નીચે આવતી એમની એ ચિત્રમાળા આજે જગતમાં ૩૦૦ કરતાં વધારે પત્રોમાં 'કિંગ ફીચર્સ સિન્ડિકેટ' મોકલે છે. પરદેશનાં પણ ૩૨ વર્તમાનપત્રોમાં નિયમિતરીતે એ છપાય છે અને નવ ભાષામાં તેનું ભાષાંતર થાય છે. ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, નૉર્વે, જાપાન, બ્રાઝિલ, આર્જેન્ટિના, હિંદ, ચીન અને ફિન્લૅન્ડ જેવા દૂર આવેલા દેશોમાં તે વિભાગ છપાય છે અને સરેરાશ આઠ કરોડ લોકો તેનો લાભ લે છે.

પરંતુ તેના આ લખાણની સામગ્રી સહેલાઇથી મળી શકતી નથી. તે મેળવવા રિપ્લેએ ઘણી વખત દુનિયાની મુસાફરી કરી છે. છેલ્લાં વીસ વર્ષમાં—એક અપવાદ સિવાય—દર વર્ષે



દુનિયાની લાંબામાં લાંબી મૂછોવાળા
લાહોરના જાહિર દેશૂર અને રૉબર્ટ રિપ્લે

તેણે પરદેશની મુસાફરી કરી છે અને અત્યારે તો તે ૧૬૭ જુદા જુદા દેશોમાં ફરી ચૂકયા છે. ઇ.સ. ૧૯૩૨માં તેણે ૬૦,૦૦૦ માઈલની પાંચ જુદી જુદી સફર કરી. ઇ.સ. ૧૯૩૩માં આફ્રિકા, દક્ષિણ અમેરિકા અને એશિયામાં મળીને તેણે ૭૫,૦૦૦ માઇલની મુસાફરી કરી છે.

આખા જગતમાં કોઇ મનુષ્યને ત્યાં ન આવતી હોય તેટલી દૈનિક ટપાલ તેને ત્યાં આવે છે. તેને ત્યાં હમેશના સરેરાશ ૩૦૦૦ પત્રો આવે છે. ૧૯૩૨ના મે ના પહેલા ત્રણ જ અઠવાડિયામાં રિપ્લેને એકલાને વીસ લાખ પત્રો મળ્યા હતા! આવા મોટા પત્રવ્યવહારને પહોંચી વળવા માટે, કુદરતીરીતે જ, તેને ઘણા મંત્રીઓ રાખવા પડે છે. તે ઉપરાંત 'માનો યા ન માનો' વિભાગ માટે ૧૮ જુદાજુદા વિષયોના તજ્જ્ઞો (વિશારદો) છે. તેમાંના નવ ફક્ત પત્રવ્યવહાર ઉપર જ ધ્યાન આપે છે. એક ભાષાશાસ્ત્રી તો ૧૩ ભાષા બોલી તથા વાંચી શકે છે. તે ઉપરાંત ખાનગી મંત્રીઓ, શોધખોળ કરનારાઓ તથા ધંધા ઉપર ધ્યાન આપનારા તો વળી જુદા છે.

'Believe it or not'ની એ ચિત્રમાળા એણે પુસ્તકાકારે બે ગ્રંથોમાં પણ બહાર પાડી છે અને તેની અત્યાર સુધીમાં દોઢ લાખ નકલો ખપી છે. ૧૯૨૯માં તે બહાર પડયું ત્યારે એ વર્ષમાં તે પુસ્તક જેટલી બીજા કોઇ પુસ્તકની નકલો ખપી નહોતી. અત્યારે રિપ્લે એ પુસ્તકના ત્રીજા વિભાગ માટે સામગ્રીનો સંગ્રહ કરે છે.

ઇ સ. ૧૯૨૭માં લંડનથી ન્યૂ યૉર્ક ટ્રિબ્યુન માટે રેડિયોદ્વારા પહેલવહેલું હઠ્ઠાચિત્ર મોકલવાનું માન રિપ્લેના ફાળે જાય છે; અને તેવી જ રીતે ટેલીફોન દ્વારા રેખાચિત્ર (Sketch) પણ તેણે જ પહેલો મોકલ્યો હતો. આ રેખાચિત્ર ડેમ્પ્સી-ટનીની મુક્કાબાજીની શરતનું હતું અને તે તેણે શિકાગોથી ન્યૂ યૉર્કના પત્રને મોકલ્યું હતું.

મૂળ તો તેણે વર્તમાનપત્ર-કલાકાર તરીકે જિંદગી શરૂ કરી. તે વેળા તે કસરત-રમતગમત-સ્પોર્ટ-નાં ચિત્રો આલેખવાનું જ કામ કરતા. તેને વિખ્યાત કરનાર તેની આ ચિત્રમાળાની શરૂઆત તો અકસ્માત, એક દહાડો કોઈ ખાસ પ્રસંગ ચીતરવાનો નહોતો ત્યારે, વિવિધ કસરતબાજોની કેટલીક વિચિત્રતાઓની માહિતી તેની પાસે એકઠી થએલી તે ચીતરીને મૂકી, એમાંથી થઇ. લોકોને તે એટલી પસંદ પડી કે તેની દર અઠવાડિયે માગણી થઇ; પછી અઠવાડિયામાં બે વાર આપવા માંડી અને ટૂંક વખતમાં તે આજની લોકપ્રિયતાએ પહોંચી.

'આ બધું તમે કાઢો છો કયાંથી?' એ પૂછતાં તે કહે છે કે 'આપણી આસપાસના જગતમાંથી જ. માત્ર આંખો અને કાન ખુલ્લાં રાખવાં જોઇએ.'

તે રૉયલ જ્યૉગ્રૉફિકલ સોસાએટી તથા ઇંગ્લંડની રૉયલ સોસાયટીઝ કલબના ફેલો, તેમજ સર્કમનેવીગેટર્સ કલબ, એકસ્પ્લોરર્સ કલબ, અમેરિકન જ્યૉગ્રૉફિકલ સોસાએટી, લોટસ કલબ, ફ્રાયર્સ કલબ તથા ન્યૂ યૉર્ક ઍથ્લેટિક કલબના સભ્ય છે ને હજુ અવિવાહિત છે. --છોટાલાલ માનસિંગ કામદાર

## ભૂચર પ્રાણીઓનો આદિ વડવો


*** આ અંકમાં આપેલા 'ગૉન્ડવાના લૅન્ડ' નામના ખોવાએલા ખંડના લેખને અનુસંધાને આ વાંચવાથી બંને લેખો વધારે સારી રીતે સમજાશે.

**આ**જથી અઢી કરોડ વરસ પહેલાં પૂર્વ એશિયામાં આવેલું આજનું વેરાન ગોબીનું રણ ગાઢ જંગલો અને છલકતાં જળાશયોથી ભરચક એવો સ્વર્ગસમો પ્રદેશ હતો. એ વેળા એ ગીચ ઝાડીઓમાં અપૂર્વ, વિશાળકાય, આંચળોવાળા ભૂચરો ધીમા ચાલે ટહેલતા. દેખાવમાં, એમના સગાસણીજા જેવા આજના ગેંડાને આબેહુબ મળતા આવતાં, એ માંસલ જનાવર લગભગ અઢાર ફૂટ ઊંચા અને તેર ફૂટ લાંબા હતા.

આ ભૂચરોને બલુચીથેરિયમના નામથી ઓળખવામાં આવે છે, કારણકે એના હાડપિંજરના અવશેષો પહેલવહેલાં ઇ.સ. ૧૯૧૧માં બલુચિસ્તાનમાંથી ખોળી, ખોદી કઢાડવામાં આવ્યા હતા.

ગયા એપ્રિલ મહિનામાં ન્યૂ યૉર્કના અમેરિકન મ્યૂઝિયમ ઑફ નૅચરલ હિસ્ટરીના ડૉ. વૉલ્ટર ગ્રૅન્જર અને પ્રો. વિલિયમ કે. ગ્રેગરીએ ઉપલા સંગ્રહસ્થાનમાં આ ભૂચરના દેહનું માળખું પહેલવહેલું ઊભું કરી પોતાના દસ દસ વર્ષના અભ્યાસની સફળતા પૂરવાર કરી. એ પહેલાં એના વિષે ઘણી જ થોડી માહિતી લોકના જાણવામાં હતી.

એ મ્યૂઝિયમના આજના નિયામક ડૉ. રૉય ચૅપમેન ઍન્ડ્રુસની સરદારી નીચે અમેરિકન મ્યૂઝિયમના શોધક કાફલાએ ઇ. સ. ૧૯૨૨માં જે પહેલવહેલી એશિયાઇ સફર કરી. એમાં



આજથી અઢી કરોડ વર્ષ પહેલાંના આદિ ભૂચર પ્રાણી બલુચીથેરિયમનું જે માળખું ડૉ. ગ્રૅન્જર અને ડૉ. ગ્રેગરીએ જૂજ હાડકાં ઉપરથી ઊભું કર્યું છે તેના ઉપરથી આલેખેલું આ ચિત્ર તેનું કદ દર્શાવવા માણસ, હાથી અને જિરાફ સાથેની તેની સરખામણી પણ બતાવે છે. તે જિરાફ કરતાં પણ સહેજ ઊંચું, હાથી કરતાં બમણું લાંબું અને માણસ કરતાં ત્રણગણું ઊંચું હતું.

દાકતર ગ્રૅન્જર પણ હતા જે દિવસે આ શોધ-સવારીએ ગોબીની રેતાળ ભૂમિ પર પોતાનાં પગલાં મૂક્યાં તેને વળતે જ દહાડે દાકતર ગ્રૅન્જરને બલુચીથેરિયમની પેનીનું એક હાડકું હાથ લાગ્યું, અને શોધ-ટુકડી જેમજેમ પોતાના ક્રમાનુસાર પ્રગતિ કરતી ગઇ તેમતેમ તેને બીજા અવશેષો પણ મળતા ગયા. ઘણા મહિનાને અંતે તેને સાડાચાર ફૂટ લાંબી એક ખોપરી મળી આવી, જે બલુચીથેરિયમના મળી આવેલા અવશેષોના કદમાં બીજી મોટી વસ્તુ હતી. અને ત્યાર પછી તો ઉપરા-છાપરી શોધોને પરિણામે અમેરિકામાં વધુ હાડકાંઓને જથ્થો જમા થયો. આમાંના ઘણાંખરાં તો અઢી કરોડ વર્ષ પહેલાં પહાડી ગર્ભમાં દટાએલાં એવાં જ અકબંધ છે!

આ શોધ-સવારીઓએ એકત્રિત કરેલી સામગ્રીમાંથી જુદાજુદા કદનાં આશરે વીસ જનાવરોનાં હાડમાંથી ડૉ. ગ્રૅન્જર અને ગ્રેગરીએ બલુચીથેરિયમનાં ૨૦૦ જેટલાં હાડકાંઓનું નિરીક્ષણ કર્યું હતું. એ નિરીક્ષણ પછી એમણે એ હાડકાંઓ ભેગાં કરી એ ભૂચરનાં છુટાંછુટાં અંગોનું પુનર્નિર્માણ કરવા માંડયું, એ હવે પૂરૂં થયું છે અને પરિણામે ખડી થએલી જનાવરની આકૃતિ કોઇ ભીષણ, ઊંચા ગેંડાની વિશાળ કાયા જેવી દેખાય છે. ફેર માત્ર એટલો છે કે આધુનિક ગેંડા જેવાં શીંગડાં એને નથી. આ બલુચીથેરિયમને લાંબા પગ, નાનું માથું અને લાંબી ગરદન હતી. એની ચામડી બેશક ચિબ્બટ કહી શકાય. એની દંતાવલિ અસાધારણ હતી અને દરેક જડબામાં બબ્બે તીણા દાંત છોડવાઓનાં કે ઝાડની ડાંખળી-ઓ પરનાં પાંદડાંઓ તોડવામાં ખપ લાગતા.

પુનર્વિધાન પામેલા આ માળખાવાળો બલુચીથેરિયમ જ્યારે ચેતનવંતો હતો ત્યારે સામાન્ય માનવી કરતાં લગભગ ત્રણ ગણો ઊંચો અને હાથી કરતાં બમણો લાંબો હતો. ૨૦,૦૦૦ રતલી વજનદાર આ મહાકાય પ્રાણીનો દિવસભરનો આહાર ૫૦૦ રતલ વનસ્પતિનો હતો!

કદ પ્રમાણે વર્ગીકરણ કરેલાં માત્ર ૨૦૦ હાડકાંમાંથી એક આખા જનાવરના શરીરની પુનર્રચના કરવી એ એક ભગીરથ યત્ન જ ગણાય. અને ડૉ. ગ્રૅન્જર તેમજ ગ્રેગરી ઉભયે એકરાર કર્યો છે કે એની અંગરચનાનો કેટલોક ભાગ તો કસોટીએ ચઢાવી ગોઠવવાં ખવડાવે એવો મુશ્કેલ હતો.

તુલનાત્મક શરીરશાસ્ત્રની બાબતમાં આજે એ ઓગણસાઠ વર્ષની ઉંમરે પહોંચેલા શાંત બટુક ડૉ. ગ્રેગરીનો શબ્દ ભાગ્યે જ ઉથાપી શકાય. પૂર્વ એશિયાના જનાવરોના અભ્યાસી તરીકે એનું સ્થાન બહુ માનભર્યું છે. (લિટરરી ડાઇજેસ્ટ)

## સ્વ. મોહનલાલ પંડ્યા

* * * નવયુગનો કોઈ પણ ગુજરાતી યુવાન પ્રજાસેવક પંડ્યાજી-ના નામથી ભાગ્યે જ અજાણ હશે. હોય તેને માટે આ નોંધ ટૂંકો પરિચય પણ આપશે

ગુજરાતના અગ્રગણ્ય, બહાદુર; જૂનામાં જૂના, વફાદાર અને પ્રથમ પંક્તિના કુશળ પ્રજાસેવક શ્રી મોહનલાલ કામેશ્વર પંડ્યાનું બહુ જ ટૂંક સમયની માંદગી પછી ગયા માસમાં અવસાન થયું.

ખેડા જિલ્લાના કઠલાલ ગામમાં આજથી ૬૩ વરસ ઉપર એમનો જન્મ થયો. જીવનના સર્વ સંજોગો સામે બહાદુરી અને નીડરતાથી યુદ્ધ કરવાનું જાણે એમના જન્મથી જ એ લઇને આવ્યા હતા. જૂનામાં જૂના બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ, અનેક ઢોંગધતુરા કરનાર અને અનેક રીતે વહેમીઓને ઠગનાર એમની નાત. એ નાતના બધા કુસંસ્કારો ખંખેરી નાખી, કોઇની પણ પરવા વિના એમણે ઘરમાં સુધારા દાખલ કર્યા. નિરક્ષર ભાઇ બહેનો વગેરેને એ સુધારા સહેજે ગળે ઊતર્યા.

શ્રી કનૈયાલાલ મુનશીએ પોતાની નવલકથામાં જે સ્વપ્ન-દૃષ્ટા વર્ણવ્યા છે તેમાંના મુખ્ય સ્વપ્નદૃષ્ટા તે ભાઇ મોહનલાલ પંડ્યા. વડોદરા કૉલેજમાં શ્રી અરવિન્દ ઘોષના રાજકીય ઉદ્દામ વિચારોએ એમને રંગી નાંખ્યા હતા અને ગૅરીબાલ્ડી તથા મેઝીનીએ ઇટલીને સ્વતંત્રતા અપાવવાના જે પ્રયત્નો કર્યા હતા એમાંથી એમણે પ્રેરણા લીધી હતી.

ગાંધીજી ગુજરાતમાં આવ્યા ત્યારથી ગુજરાતનું જાહેર જીવન શરૂ થયું ગણાય. પણ મોહનલાલ પંડ્યા તો તે પહેલાના સેવક હતા. ગામડીઆઓમાં સહેજે ખોવાઈ જાય એવા, ગામડીઆ જેવા લાગતા એ ગ્રામસેવક પંડ્યાજીને જોઇને કોઇને ભાગ્યે જ ખ્યાલ આવે કે એ ખેતીશાસ્ત્રના ગ્રૅજ્યુએટ થએલા અને પછી વડોદરા રાજ્યની સરકારી ડેરીમાં એ અમલદાર હતા. એ વખતે પણ મિત્રો એમને બંગલે જાય તેમને છાશ પાતા અને ચહાની વિરૂદ્ધ મોટાં ભાષણો સંભળાવતા. પછી વડોદરા અને અમલદારી થોડીના છૂટા ભાગમાં એમણે તજ્યાં. આજથી ત્રીસ વરસ ઉપર સ્વદેશીનો વા વાયો ત્યારે એમને પણ સ્વદેશભક્તિનો

રંગ લાગ્યો અને એમણે ભેખ લીધો તે લીધો.

વચ્ચે એમના જીવનમાં અનેક રંગપલટા આવ્યા. એક કાળે હિંસાનીતિનાં સ્વપ્નાં એમણે સેવેલાં. સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાઍટીમાં પણ એ જઈ આવેલા. પણ ગાંધીજી આવતાં એમનાં બધાં પડળ ખસી ગયાં અને એમને પડખે આવી ઊભા તે ઊભા. તે પછીની એમની પ્રજાસેવાઓ તો જાણીતી છે.

દેશસેવામાં ગૃહજીવનનું સુખ એમણે હોમી દીધું હતું અને આજે એમનું શ્રાદ્ધ કરવા એમને પુત્ર નથી પણ બીજી રીતે એ આદર્શ નીડર પ્રજાસેવક ગુજરાતને માટે અનેકગણો ઊજળો વારસો મૂકી ગયા છે. (તારણીને)

## લોહીનું દબાણ

* * * બ્લડ પ્રેશર-લોહીનું દબાણ વધી જવાથી તબિયત લથડી જવા વિષે આ જમાનામાં આપણે ઘણું સાંભળતા થયા છીએ. એ બ્લડપ્રેશર શું છે તે વિષે સંપૂર્ણ નહિ તો થોડી માહિતી અને વિગત . . .

ખાવાપીવામાં મિતાહારીપણું ન સચવાવાથી તંદુરસ્તીનો સર્વનાશ થયાના દાખલાઓ અનેક છે. એમ કહેવામાં આવે છે કે ગયા બેત્રણ સૈકામાં રોગનાં જંતુઓએ ફેલાવેલા તીવ્ર રોગોને લીધે સેંકડે પોણોસો મરણ થતાં; પરંતુ એથી ઊલટું હૃદય, પિત્તાશય, મૂત્રપિંડ, રક્તપિંડ વગેરે બગડવાથી હમણાં એટલી જ સંખ્યામાં મરણ થતાં માલુમ પડ્યાં છે. ખાવાપીવાની બાબતમાં જડ ઘાલી બેઠેલી કુટેવોને અંગે આ બગાડ થાય છે એ દેખીતું છે.

ક્ષીણ થતી જતી તબીયત, એ વધતા જતા લોહીના દબાણનું એક ખરાબ ચિહ્ન છે એ તથ્યથી આજે ભાગ્યે જ કોઇ અજાણ હશે. કોઇપણ જીવતા માણસમાં લોહીનું દબાણ તો હોવાનું જ. નાનીમોટી નસો તેમ જ બારીક કેશવાહિનીઓના સ્થિતિસ્થાપક પૃષ્ઠ ભાગ ઉપર, તેમાંથી લોહી વહેતી વખતે જે દાબ આવે છે, તેને જ Blood Pressure—લોહીનું દબાણ કહેવામાં આવે છે. કોઈપણ પ્રવાહી પદાર્થને કોઇપણ જાતની નળીમાંથી વહેવડાવવો હોય તો તેના પર દબાણ જોઇએ. હૃદયને આપણે એક Power plant—શક્તિયંત્ર કહીએ. એ એક પ્રકારનો પંપ છે અને તેનાથી જ લોહીને ગતિ મળે છે. આ ગતિનો ક્યાંય વિરોધ કરવામાં આવ્યો કે તરત જ લોહી સંકોચાય અને લોહીનું દબાણ અસ્તિત્વમાં આવે.

લોહીનું દબાણ, અને રક્તાભિસરણ માટે જરૂરની એવી વિરોધનો પ્રતિરોધ કરનારી ક્રિયા, એ બે બાબતો પર હૃદયનો થતો શ્રમ અવલંબે છે એ કહેવું જરૂરનું નથી. નાડી કઠણ થવાથી તેનો વ્યાસ ઓછો રહે છે. તેમજ લોહીમાં ચિકાશ વધવાથી તે વહેતું થંભે છે. આ બે કારણો લોહીના વહેણમાં થતા વિરોધના મૂળભૂત છે. એક પંપને એક નળી સાથે જોડવામાં આવ્યો અને ઠરાવેલી વખતે પંપની સહાયથી નળીમાંથી વહી જતા પાણીને માપ્યું. પછી એ જ નળીમાંથી પાણીને બદલે ખાંડની ચાસણી, એટલો જ વખત, પાણીના માપ જેટલી જ, વહેવડાવી; તો દેખાયું કે પાણી વહેવડાવતાં પંપ ઉપર જેટલું દબાણ કરવું પડયું તેના કરતાં વધુ દબાણ ચાસણી વહેવડાવતાં કરવું પડેલું. કારણ સ્પષ્ટ છે કે ચાસણી પાણી કરતાં વધુ ચીકણી છે. આપણા લોહીની બાબતમાં પણ એ જ પ્રમાણે સમજવું. લોહી જો પાણી જેટલું પાતળું હોત તો હૃદયને પડતો શ્રમ સેંકડે પોણોસો ટકા જેટલો ઓછો લાગત.

લોહીમાંની ચિકાશ વધી તેમ લોહીના વહેવામાં થતી નડતર પણ વધવાની, જેને પરિણામે તેટલા પ્રમાણમાં લોહીનું દબાણ પણ વધવાનું. ખાવામાં જો મિઠાઇ કે માંસનો અતિરેક થયો તો સમજવું કે લોહીમાં ચિકાશ વધી જ છે. કર્બયુક્ત ખાદ્ય પદાર્થો ખાવાથી શરીરમાં ગરમાટો અને તાકાદ આવે છે સ્ટાર્ચ અને ખાંડ એ આવા મુખ્ય પદાર્થો છે. લોહીમાં સ્ટાર્ચ મૂળથી જ નથી, પરંતુ પાચનક્રિયા વખતે સ્ટાર્ચનું સાકરતત્ત્વમાં પરિવર્તન થાય છે અને એ સાકરતત્ત્વ લોહીમાં, રક્તશર્કરાના રૂપમાં આપણે મેળવી શકીએ છીએ. મેવા મિઠાઈ વગેરે અતિશય પ્રમાણમાં ખવાવાથી રક્તશર્કરાનો અતિરેક થઇ લોહીમાં ચિકાશ વધે છે અને પરિણામે લોહીનું દબાણ વધે છે. રક્તશર્કરા અતિશય પ્રમાણમાં વધવાથી અને શરીરના અન્ય અવયવોને તે બીનઉપયોગી થઇ પડવાથી મૂત્રોત્સર્ગદ્વારા તે શરીર બહાર નીકળી જાય છે આને આપણે 'મધુમેહ' મીઠીપિશાબ અગર ડાયાબિટિસના નામથી ઓળખીએ છીએ.

## સોળે સાન અને વીસે વાન

* * * આપણે ત્યાં ચાલતી એ કહેવતના જેવી જ માન્યતાઓ પ્રાચીન યુરોપમાં પણ હતી; અને અત્યારનું શરીરશાસ્ત્ર ગમે તે કહેતું હોય, પણ યુરોપના લોકસમાજમાં આજે પણ એ માન્યતાને આધારે અમુક વર્ષો એની જીવનમર્યાદાનાં ગણાય છે.

માણસના જીવનના સાત, એકવીસ, ઓગણપચાસ, ત્રેસઠ અને એકયાશીમે વર્ષે એના શરીરના બાંધામાં અમુક પ્રકારના ફેરફારો થતા હોવાનું પ્રાચીન ગ્રીક સર્વેન્દ્રિયશાસ્ત્રીઓનું માનવું હતું. આ વર્ષો ચોક્કસ શારીરિક અવસ્થાન્તરની મર્યાદારૂપ હોઇ, યથાસ્થિત રીતે ગ્રીસમાં તો ઊજવવામાં આવતા, અને એકવીસમા વર્ષે જુવાનીનું ચઢતું લોહી સ્થિર થઇ માણસ પુખ્ત વયનો થયો ગણાતો હોવાથી, આજે પણ પશ્ચિમમાં એ જીવનમર્યાદાના વર્ષ ટાંકણે ઉત્સવ ઊજવાય છે. કેટલાકો વીસથી પચીસ વર્ષના ગાળાને ઊછળતા લોહીનો ગદ્ધાપચીશીનો સમય ગણાવી તે પછીના સમયને માણસને પુખ્તવય લાયકનો ગણે છે; પરંતુ શારીરિક વિકાસ તો એકવીસમે વર્ષથી અટકે છે.

સાત અને નવ એ ગૂઢ આંકડાઓ ગણાતા. Grand Climacteric (મહાન શારીરિક અવસ્થાન્તર) નામનું એક સ્પૅનિશ સૂત્ર છે; તેનું મૂળ જોકે જાણવામાં નથી, પરંતુ સાત અને નવના ગુણાકારે આવતી ૬૩ની સંખ્યાના વર્ષે માણસ-

ના શરીરમાં ઊતરતા લોહીની શરૂઆત થાય છે, એ અવસ્થાન્તરને લક્ષી, એ સૂત્ર પ્રચલિત થયું હોય એ બનવાજોગ છે.

## ઊંચામાં ઊંચું ઉડ્ડયન

વિમાનમાં બેસી માણસે વધારેમાં વધારે ૧૦ માઇલ ઊંચું ઉડ્ડયન કર્યાનો દાખલો ૧૯૩૨માં નોંધાયો છે. એ પછીના વરસે એક રશિયન વિમાનીએ ૧૨ માઇલ ઊંચું ઉડ્ડયન કર્યું હતું: અને ગયા જાન્યુઆરી મહિનામાં બીજા બે રશિયન વિમાનીઓ ૧૩ માઇલ સુધી ઊંચે ઊડ્યા તો ખરા, પણ કમભાગ્યે વચમાં વિમાન તૂટી પડવાથી માર્યા ગયા, એટલે એમનો એ વિજય સ્વીકારી શકાયો નથી.

દસ માઇલથી વધુ ઊંચે જેમણે ઉડ્ડયન કર્યું છે એમનું એમ કહેવું છે કે દસ માઇલ સુધી પહોંચીએ એટલા અવકાશમાં વાતાવરણનું તપમાન—ઉષ્ણમાન (Temperature) ઊંચે જતાં જતાં ઓછું થાય છે, પરંતુ દસ માઇલથી ઊંચે તપમાન એકદમ અટકે છે, અને કોઈકવાર તો ચડતું પણ લાગે છે. ત્યાંનું વાતાવરણ નર્યું સ્વચ્છ અને ચમકદાર હોય છે. ત્યાં ધૂળ, ધુમસ કે વંટોળ કશું ય નથી. વાયુરેણુ પર સૂર્યનાં કિરણો ચળકે છે એ ત્યાંની એક વિશિષ્ટતા છે. બીજી મઝા તો એ છે કે અવકાશના એ પ્રદેશમાં પવન તો મુદ્દલે નથી! એટલે વાતાવરણના આ ભાગને સ્થિતાંબર નામ આપવું યોગ્ય થઇપડશે.

આવા વાતાવરણમાં કૉસ્મિક રે—વૈશ્વકિરણ—નો પ્રવેશ હશે કે?—એવી શંકા સહજ થાય અને એનું નિરાકરણ કરવા વૈજ્ઞાનિકો ત્યાં પણ પોતાનાં પ્રયોગ-સાધનો લઈ જઇ પહોંચ્યા છે. આટલું જાણે ઓછું ન હોય તેમ પોતે જાતે શ્રમ લઇ, સ્વયં નોંધ કરી લેનારી સાધન-સામગ્રીઓ ગોઠવી વિમાનો ઉડાડવામાં આવ્યાં છે. આવા એક પ્રયોગશીલ વિમાને ૨૩ માઇલ ઊંચે અવકાશમાં ઉડી, ત્યાંની નોંધો આણી આપી છે!

## હવાઇ સફરમાં સગવડો

ગયા અંકમાં આવેલા 'ઇંગ્લંડ ઑસ્ટ્રેલિયા વિમાની હરીફાઇ'વાળા લેખમાં વાચકનું લક્ષ ખેંચાયું હશે કે એનું મુખ્ય ઇનામ ભલે ઇંગ્લંડના મિ. સ્કૉટનું વિમાન જીતી ગયું, પરંતુ બીજું ઇનામ જીતનાર હૉલંડના પારમેન્ટીઅરનું વિમાન અનેક અડચણો છતાં, અને સાથે પાંચ માણસો તથા વિમાની ટપાલના બોજા છતાં ઝળકતો વિજય વર્યું હતું. વિમાનો બાંધવાની કળામાં હૉલંડ ઘણું પ્રગતિમાન છે. તેણે પોતાના દેશમાં આજસુધી બંધાએલાં એરોપ્લેનો કરતાં સૌથી મોટું અને વજનદાર એરોપ્લેન હમણાં બાંધ્યું છે. તેને F૩૬ અથવા 'ફ્લાઇંગ સ્લીપિંગ કાર' કહે છે. આમાં સોળ મુસાફરો માટે સૂવાની સગવડ છે. યુનાઇટેડ સ્ટેટ્સ પણ રાતની મુસાફરી માટે આવી જાતનાં એરોપ્લેનો બાંધે છે. આમાં બેઠકોની એવી રચના કરવામાં આવી છે કે સૂવાના વખતે તેને પથારીના રૂપમાં ફેરવી શકાય અને તેની આસપાસ પડદા આવી જાય. હવાઇ સફરો માટે સગવડનાં સાધનો વધતાં જ જાય છે.

## બ્રહ્માંડની મર્યાદા

શ્રીહરિના બ્રહ્માંડની મર્યાદા માટે આજના વિજ્ઞાનયુગમાં મનોરંજક વાદવિવાદ ચાલે છે. આ વિશ્વ મર્યાદિત છે કે અમર્યાદિત? એ સવાલનું સમાધાન કરતાં વૈજ્ઞાનિકો એને મર્યાદિત ઠરાવે છે. અમેરિકાની પ્રસિદ્ધ માઉન્ટ વિલ્સન વેધશાળાના ડૉ. એડિવન હુબલે એની મર્યાદા આમ રજુ કરી છે:

એ કહે છે કે વિજ્ઞાનના સિદ્ધાંતો પ્રમાણે સૂર્ય તરફથી આપણી પૃથ્વી પર આવતા પ્રકાશનો વેગ એક સેકંડના૧,૮૬૦૦૦ એક લાખ ને છયાસી હજાર માઇલ જેટલો છે. આ પ્રકાશનો વેગ એક મિનિટમાં ૬૦×૧૮૬૦૦૦૦=૧,૧૧,૬૦૦૦૦ એક કરોડ અગિયાર લાખ ને સાઠ હજાર માઇલ થાય અને એક કલાકમાં ૬૦×૧,૧૧,૬૦૦૦=૬૬૯૬૦૦૦૦૦ છાસઠ કરોડ છન્નુ લાખ માઇલ થાય. આખા દિવસને અંતે એનો વેગ ૨૪×૬૬૯૬૦૦૦૦૦=૧૬૦૭૦૪૦૦૦૦૦ સોળ અબજ સાત કરોડ ને ચાર લાખ માઇલ જેટલો થાય અને ૩૬૦ દિવસનું એક વર્ષ ગણીએ તો વર્ષના આખરે એ પ્રકાશનો વેગ ૩૬૦×૧૬,૦૭,૦૪,૦૦૦૦૦=૫૭૮૫૩૪૪૦૦૦૦૦ પાંચ નિખર્વ, સાત ખર્વ, પંચ્યાશી અબજ, ત્રેપન કરોડ, ચુમાળીસ લાખ માઇલ થયો ગણાય. એક વર્ષમાં પ્રકાશની આટલી ગતિ થઇ એમ માની એને પ્રકાશવર્ષ કહેવામાં આવે છે. આવાં એક સો બસો નહિ પણ બારસાં ૬,૦૦૦,૦૦૦,૦૦૦ છ અબજ પ્રકાશવર્ષના માઇલ જેટલો વ્યાસ એ શ્રીહરિના બ્રહ્માંડનો છે! જે બ્રહ્માંડનો વ્યાસ ૩૪૭૧૨૦૬૪૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦, માઇલનો છે, એનું ક્ષેત્રફળ કેટલું હશે એની કલ્પના માત્ર કરતાં આપણી આંખની મર્યાદાનો વિસ્તાર વધવાની બીક લાગે છે, ખરું?

અને આ વિશ્વમાં ૫૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ જેટલી તો તેજના મેઘ શી નિહારિકાઓ છે, અને તેમાંની ૩૦૦,૦૦,૦૦,૦૦૦ ત્રણ અબજ તો આપણા સૂર્ય જેવી મામૂલી ગણાતી નિહારિકા છે. વિજ્ઞાનશાસ્ત્રજ્ઞો કહે છે કે એક નિહારિકામાં એકેક અબજ સૂર્ય પ્રમાણે એટલું વાસ્તવ દ્રવ્ય છે! અને સાધારણ નિહારિકામાં ૮,૦૦,૦૦,૦૦૦ આઠ કરોડ સૂર્યના તેજ જેટલું તેજ એકત્ર છે. વેદના પુરુષસૂક્તમાં આપણા વિશ્વને આવૃત્ત કરતા પુરુષને હજાર માથાં હજાર આંખ અને હજાર પગવાળો કહ્યો છે, એ જોતાં વૈજ્ઞાનિકોએ રજુ કરેલી વિશ્વમર્યાદા અને હજાર આંખોવાળાને નિરખવા કાજે તેમાં સમાએલી વસ્તુઓની ગણત્રી મૂક્યું હોય એમ તો નથી લાગતું—પરંતુ જ્યારે એ જ પુરુષસૂક્તમાં એ જ પુરુષના સ્વરૂપને 'દશાંગુલમ્' જેટલું બતાવ્યું છે ત્યારે તો આ વૈજ્ઞાનિક મર્યાદિત વિશ્વમાં જેટલા વેગથી નિહારિકાઓ સરે છે, એટલા જ વેગથી આપણી વાણી અને મન નિવૃત્ત થતાં નથી લાગતાં શું? —ઠાકોર ચોકશી

## આંધળાઓ માટે ટાઈપરાઇટર

જેના પર અંધ લોકો પણ દેખતાંની માફક ઝડપથી ટાઈપ કરી શકે એવા બ્રેઇલ ટાઇપરાઇટરની શોધ હમણાં થઇ છે

એ વડે આંધળાઓ વાંચી શકે તેવી ઉપસાવેલી બ્રેઇલ લિપિ કાગળ પર છાપી શકાય છે. આ નવું મશીન ધાતુનું બનેલું છે અને તે સામાન્ય પોર્ટેબલ ટાઇપરાઇટરના કરતાં પણ નાનું તથા વજનમાં હલકું છે. તેમાં ટેબ્યુલેટર, બૅકસ્પેસર, અને બ્રેઈલ સિસ્ટમમાં વપરાતાં છ ટપકાંને બદલે છ ચાવીઓ હોય છે. આ ચાવીઓ નીચેથી ઉપર દબાણ કરે છે અને તેથી કાગળ ઉપર ટપકાંઓ ઉપસી આવે છે. આંધળાઓ તે ઉપર આંગળી ફેરવી વાંચી શકે છે.

## કઠણમાં કઠણ બનાવટી પદાર્થ

સામાન્ય કાર્બન અને મળવી દુર્લભ એવી બોરોન ધાતુનું વીજળીની ભઠ્ઠીમાં મિશ્રણ કરવાથી જે કૃત્રિમ પદાર્થ પ્રાપ્ત થાય છે, એ અતિશય કઠણ હોય છે. આ બોરોન–કારબાઇડ એક હીરાના અપવાદ સિવાય હરેક પદાર્થને આબાદ કાપે છે. જલદમાં જલદ કોઇપણ જાતનો તેજાબ અગર ક્ષાર આ બોરોન–કારબાઇડને અસર સરખી કરી શકતો નથી પચ્ચાસ ટન જેટલા જંગી દબાણથી એક ચોરસ ઇંચ જેટલો પણ તે સંકોચાતો નથી. સખત ગરમી આપવાથી એ પોલાદ કરતાં પણ માત્ર બેતૃતીઆંશ જેટલું જ વિકાસ પામે છે; અને ૧૦૦૦ સેન્ટીગ્રેઈડ ડિગ્રીનો તાપ, જે સામાન્ય રીતે હીરાને પણ બાળીને કોલસો બનાવી દે છે, એથી તો આ પદાર્થને નજીવી અસર માત્ર થાય છે! આમ છતાં આ નવો પદાર્થ બોરોન–કારબાઇડ વજનમાં ઍલ્યુમિનિયમથી પણ હલકો છે.

## શાહી બનાવવાની રીત

શ્રી. સતીશચંદ્ર દાસગુપ્તની ખોળી કાઢેલી શાહી બનાવવાની રીત તેમાંની વસ્તુઓનાં ગુજરાતી નામ આપીને 'હરિજનબંધુ'માં આપવામાં આવી છે.

માયાં અથવા માયફળનો ભૂકો ૪ આઉંસ. તેમાં બે હફતે મળીને ૬૦ આઉંસ પાણી રેડવું. પછી એને પંદર દિવસ કે વધારે રહેવા દેવું, એટલે પ્રવાહી પારદર્શક થઇ જશે, ને પેલો ભૂકો બધો તળિયે જશે, એ પાણી નિતારી લેવું, ને કુલ ૬૦ આઉંસ થાય એટલા પ્રમાણમાં બીજું પાણી રેડવું. પછી નીચેની ચીજો ઉમેરવી:

હીરાકસી ૨૦ ડ્રામ; ગંધકનો તેજાબ ૪૦ મિનિમ; વૉટર બ્લુ (આઈ જી) ૫ ડ્રામ (આ રંગ વેચનારને ત્યાંથી મળશે); મેથીલેટેડ સ્પિરિટ ૨૦ ડ્રામ.

## પશ્ચિમની પ્રયત્નશીલતા અને પૂર્વની પ્રયોગસિદ્ધિ

અરેબિયન નાઇટ્સની એક વાર્તામાં એવો પ્રસંગ આવે છે કે કોઇએક જીવતા માણસનો કમ્મર હેઠળનો ભાગ પથ્થર જેવો બનતો જતો હતો અને છેવટે એ એ જ દશામાં સંપૂર્ણ પથ્થરરૂપ થઈ ગયો. અશક્ય અને ગપ્પું મનાતી આ ચમત્કારિક વાર્તાનો સત્યાંશ પૂરવાર કરવા માટે જ ન હોય એમ, તાજેતરમાં વર્તમાનપત્રોએ સમાચાર છાપ્યા હતા કે દાકતરીનો અભ્યાસ કરનાર આલ્બર્ટ હેજડૉર્ન નામનો કૅલિફૉર્નિયાનો એક વતની, પેલી દંતકથાના માણસની માફક જીવંત દશામાં પથ્થરસ્વરૂપમાં મૂર્ત થતો જાય છે. મોટામોટા નિષ્ણાત દાકતરો જેઓ આ રોગને 'કેલ્સીનૉસિસ' તરીકે જાહેર કરે છે, તે તેનો જડમૂળથી નાશ કરવાના સઘળા પ્રયોગો અજમાવી જોઈ તેના સાધ્યપણાની ખાત્રી માટે હાથ ધોઇ નાખે છે. છાપાંઓ જણાવે છે કે પોતાનો રોગ નાબૂદ કરવા માટે દાકતરીવિદ્યાનો અભ્યાસ કરતો આલ્બર્ટ પોતે હતાશ થયો છે. પણ અજબ થવા જેવું તો કે ૨૫ વર્ષ પહેલાં આવો જ રોગ દક્ષિણમાં એક મહારાષ્ટ્રીય બાલિકાને પાંચ વર્ષની વયે લાગુ પડેલો અને તેનું અંગ પથ્થર જેવું જ બનતું જતું હતું. મુંબાઈના તે વખતના પ્રખ્યાત દાકતર નાનાસાહેબ દેશમુખ જેવાએ પણ પૂર્ણ ચિકિત્સા બાદ એને અસાધ્ય ઠરાવ્યો. આખરે દેવભટ્ટજી નામના એ જ ગામના આયુર્વેદીય વૈદે પોતાની રીત પ્રમાણે કાઢો તૈયાર કરી એ બાલાને સંપૂર્ણ નીરોગી કરી હતી! આજે એ પાંચ બાલકની માતા છે અને તેની ચિકિત્સા કરનારો એ વૈદ્ય ૮૫ વર્ષની બુઝર્ગ ઉમરે લાખો નિરાશમાં ઘેરાએલા આલ્બર્ટ માટે આશાના એક કિરણ જેવો એના ગામડામાં હજી હયાત છે!

## બોલતાં પુસ્તકો

બ્રેઇલ લિપિ આવડી હોય તેઓ તો એ દ્વારા વાંચી શકે, પરંતુ જેને ન આવડતી હોય તેવા અંધ લોકોને લાભ મળે એ ઉદ્દેશથી, તેમજ બહુ જ ઓછા વખતમાં મોટાં પુસ્તકોનો પાર પામી શકાય એવી યોજનાપૂર્વક હમણાં 'રીડોફોન'ની ગોઠવણ થઇ છે, જેમાં વિખ્યાત લેખકોની સારી રસદાયક નવલકથાઓને ટૂંકાવીને તેનો સાર ગ્રામોફોનમાં સમાવવામાં આવ્યો છે. આ યોજનાને સંપૂર્ણપણે પાર ઊતરતાં ઘણો વખત લાગ્યો. એમાં મુખ્ય મુશ્કેલી આખા પુસ્તકને એક જ રેકોર્ડમાં કેમ ઉતારવું એ હતી.

એક કરતાં વધારે રેકોર્ડ વાપરવાથી તે બદલવી પડે ત્યારે વાર્તાનું અનુસંધાન તૂટી જાય. એક સામાન્ય નવલકથાને વાંચતાં અઢી કલાક લાગે આને માટે પાંચ બેવડી રેકોર્ડ જોઇએ આ તો ઘણું ખર્ચાળ થઈ પડે. આખરે સોળ ઇંચના વ્યાસની એક એવી રેકોર્ડ શોધી કાઢવામાં આવી કે જે પંદર મિનિટ વાગવાને બદલે એક કલાક સુધી કામ આપે આ રેકોર્ડની પિન અંદરના ભાગમાંથી બહારની બાજુ તરફ જાય છે. આ પ્રમાણે આ એક જ રેકોર્ડની બંને બાજુ પર થઇને આખા પુસ્તકનો સમાવેશ થઇ જાય છે. અલબત્ત તેમાં કેટલીક બીનઉપયોગી બાબતો કાઢી નાખવી પડે છે. આ પુસ્તકો રેકોર્ડ કરવા માટે સારા વાંચનારાઓ પસંદ કરવામાં આવે છે. કેવળ અંધ લોકો ઉપરાંત બીજા ઘણા લોકો પણ આ રેકોર્ડો તથા રીડોફોન્સ (એ નવા મશીનનું નામ છે) ખરીદશે. સસ્તામાં સસ્તા રીડોફોનની કિંમત પિસતાલીસ રૂપિયા પડે છે અને દરેક પુસ્તકના રેકૉર્ડની કિંમત પાંચ રૂપિયા હોય છે.

(અંગ્રેજી ઉપરથી)

હૂટન સ્ટેશન પર પોતાની ટ્રેનની રાહ જોતા જજ સર આલ્ફ્રેડ ટોબીન રોજ પોતાની ટ્રેનને આવતી જુએ એટલે પાટા વટાવી સામી બાજુએ જતા, તે મુજબ ૧૮૯૩ની એક સવારે પાટા વટાવતાં બીજી બાજુથી આવતી એક બીજી ગાડીનું તેમને ભાન રહ્યું નહિ; પણ સ્ટેશનના જ્યૉર્જ ગ્રીનહાઉસ નામના મજૂરે દોડીને તેમને ખેંચી બચાવી લીધા. જજ સાહેબે એ જ વખતે તેને પાંચ પાઉન્ડ ઈનામ આપ્યા, અને પછી દર વરસે પોતાની જિંદગી બચ્યાની એ તારીખે એટલી જ રકમ તે મજૂરને આજ લાગટ બેંતાલીસ વરસ થયાં મોકલ્યાં કરી છે.

**અનેકાર્થી શબ્દ:** ચરક=પંખીની હગાર; શેરડી પીલવાનો કોલુ; છોકરાંની એક રમત; દૂત અથવા કાસદ; વૈદકનો ગ્રંથ લખનાર એ નામના ઋષિ.

**ગણિતગમ્મત:** ૪૫ માંથી ૪૫ બાદ કરવા છતાં ૪૫ રહે.

૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧ = ૪૫
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ = ૪૫
૮ ૬ ૪ ૧ ૯ ૭ ૫ ૩ ૨ = ૪૫

આ રકમોની બીજી ખૂબી એ છે કે એમાંની પહેલી બેમાં જેમ ૧થી ૯ સુધીના બધા અંકો સળંગ આવેલા છે તેમ બાદબાકીની ત્રીજી રકમમાં પણ એ અંકો માત્ર એક જ વખત વપરાયા છે.

**કહેવત:** વળીના માથામાં એક ખીલો તો મોભના માથામાં સો ખીલા;—બધી વળીઓ મોભ સાથે જડેલી હોવાથી પ્રત્યેક વળીનો એકેક મળીને બધીના ખીલા એક જ મોભમાં જડેલા હોય છે એ વસ્તુસ્થિતિ દર્શાવતું આ વાક્ય, 'નાના માણસોને ઓછી ચિંતા, મોટાંને માથે વધારે જવાબદારી;' 'જેમ આવક મોટી તેમ ખર્ચ પણ મોટું'—એવા અર્થમાં વપરાય છે.

બહુ ગંદી શીશીઓમાં કાચાં બટેટાંની છાલ અને પાણી નાખી સારીપેઠે હલાવવાથી વહેલી સાફ થશે.




દોઢ ઇંચ લાંબા તારના કટકા અને અરધો ઇંચ પહોળા તથા પોણો ઇંચ લાંબા એવા પતરાના ટુકડાઓમાંથી ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણેની, છબીઓ ટાંગવા માટે મજબૂત અને આકર્ષક કડીઓ બનાવી શકાય.

છરીનો હાથો મજબૂત બેસાડવો હોય તો કૉસ્ટિક સોડા ૧ ભાગ, રેઝીન ૩ ભાગ, પાણી ૫ ભાગ અને સૌથી છેવટ પ્લાસ્ટર ઑફ પૅરીસ ૪ ભાગ મેળવીને હાથાના છિદ્રમાં ભરી તરત છરીનું પાનું બેસાડી દેવું. આ મિશ્રણ પાછળથી કામનું રહેતું નથી, માટે જોઇતું જ બનાવવું.

ઘણુંખરું તો દાક્તર લોકોને અથવા જેઓ વાદળી વાપરતા હોય તેમને આ કામનું છે: સહેજ લીંબુ નીચોવેલા પાણીમાં દર અઠવાડિયે વાદળી બોળીને નીચોવી રાખતા રહેવાથી તે વધારે લાંબો વખત ટકશે.

ઘણી વાર કોલસાની બારીક ભૂકી આપણે નાખી દઇએ છીએ; પણ તેને એકઠી કરી રાખીને, નકામાં છાપાંના કાગળોને પાણીમાં પલાળી તેને એ ભૂકીમાં રગદોળી લાડુ માફક ગોળા વાળી મૂકવાથી સુકાઇ ગયે બળતણ તરીકે વાપરી શકાય.

ઊનનાં કપડાં ધોવાના તથા નિખારવાના પાણીમાં ચમચો ભરીને ગ્લિસરીન મિલાવીને વાપરવાથી કપડાંમાં કુમાશ આવશે અને તે ચડી જતાં અટકશે.

આકાશી વીજળી કોઈપણ મકાન પર પડતાં સાઠ હજાર ઍમ્પીઅરનો પ્રવાહ લાવે છે. તેના એક જ ચમકારામાં પચાસ વૉટના એક લાખ ત્રીસ હજાર વીજળિક દીવા થાય એટલો જથ્થો ખલાસ થાય છે.




શહેનશાહ પાંચમા જ્યૉર્જના રાજ્યારોહણના રજતમહોત્સવ નિમિત્તે હિંદના ટપાલખાતાએ ખાસ કાઢેલી ટિકિટોમાંની મુખ્ય, જેમાંની પ્રત્યેકમાં હિંદનાં વિખ્યાત મકાનો આલેખવામાં આવ્યાં છે: ઉપર (ડાબી તરફથી) અરધા આનાવાળી ટિકિટમાં, મુંબાઇનું બંદર ઉપરનું પ્રવેશદ્વાર ગેઇટ વે ઑફ ઇન્ડિયા; પોણા આનાવાળીમાં કલકત્તાનું વિક્ટોરિયા મેમોરિયલનું મકાન; નીચે: (ડાબી તરફથી) એક આનાવાળીમાં મદ્રાસનું રામેશ્વરનું મંદિર; સવા આનાવાળીમાં કલકત્તાનું જૈન મંદિર.

# ફોટોગ્રાફી હરીફાઇના મુખ્ય નિયમો

(૧) હરીફાઈના ફોટોગ્રાફો પોસ્ટકાર્ડ સાઇઝથી મોટા હોવા ન જોઇએ. (૨) બેથી વધારે ફોટોગ્રાફો એકીસાથે મોકલી શકાશે નહિ. (૩) ફોટોગ્રાફો માઉન્ટ કે પૂઠા ઉપર ચોડેલા ન હોવા જોઇએ. (૪) દરેક ફોટોગ્રાફની પાછળ જ આટલી માહિતી લખેલી હોવી જોઇએ: (અ) વિષયનું નામ, (બ) પાડનારનું નામ તથા સરનામું, (ક) તારીખ ને સ્થળ, (ડ) ફોટોગ્રાફ વિષે કાંઈ હકીકત હોય તે અતિશય ટુંકાણમાં. આ બધી વિગતો ગુજરાતી ભાષામાં જ હોવી જોઇએ. (૫) જે કવરમાં ફોટોગ્રાફ મોકલાય તેના ઉપલા ડાબા ખૂણા પર 'ફોટોગ્રાફી' એટલું લખેલું હોવું જોઇએ. (૬) ફોટોગ્રાફ ઉપર રંગ કરેલો હોવો ન જોઇએ; અથવા તે સેપીઆ ટોનનો હોવો ન જોઇએ. (૭) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે. અને હરીફાઇમાં ઇનામ પામેલા ફોટોગ્રાફો પ્રગટ કરવાના હક 'કુમાર કાર્યાલય'ને આધીન રહેશે. (૮) ઈનામ ન મળેલા ફોટોગ્રાફો પાછા મેળવવા ઇચ્છનારે ફોટોગ્રાફની સાથે જ ટિકિટ ચોડેલું પોતાના સરનામાનું કવર બીડવું; છૂટી ટિકિટ નહિ. (૯) પરિણામ બહાર પડ્યા પછી પાછળથી પોસ્ટેજ મોકલી ફોટોગ્રાફો પાછા મંગાવનારાઓએ એક માસની અંદર તે મંગાવી લેવા. તે ઉપરની મુદત પછી મોકલવાની જવાબદારી અમારી રહેશે નહિ. (૧૦) ઇનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલવામાં આવતા નથી. (૧૧) આ હરીફાઇ ઍમૅચ્યોઅર્સ (શિખાઉ ને શૉખથી ફોટોગ્રાફી કરનારા) માટે જ છે. ધંધાર્થી (પ્રોફેશનલ) ફોટોગ્રાફરો આમાં ભાગ લઈ નહિ શકે.




**ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ:** (લખાણ માટે જુઓ પૃ. ૨૩૨)
(૧) 'એકલું'—પૂનમચંદ કમાણી (અમરેલી), પહેલું ઇનામ; (૨) 'સહાધ્યાય'—જ્યોતિબાળા મારતર (મુંબાઇ), નોંધપાત્ર; (૩) 'ભોજન'—રામભાઇ ત્રિવેદી (ઝાંઝીબાર), નોંધપાત્ર; (૪) 'પીંજણ'—પૂનમચંદ કમાણી (અમરેલી), નોંધપાત્ર; (૫) 'પુનિત પગલાં'—દેવજીભાઈ પઢીઆર (ભાવનગર), ત્રીજું ઈનામ.